بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફ્યઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-જુન-૨૦૦૯**

જમાદીઉલ આખર-રજ્જબુલ મુરજ્જબ
હિજરી સન : ૧૪૩૦

વર્ષ : ૦૬, અંક : ૦૬, સળંગ અંક : ૬૬



સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૫૦૦/- |
| આજીવન | રૂા. | ૩૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ● અનુક્રમણિકા ●

પેજ નં.


૦૧ 'દેવબંદી' મૌલાના ૨૫ વરસ બાદ 'સુન્ની' બન્યા ! ૦૨
૦૨ **ફિલ્મી ગીતોની ભયાનક્તા !** ૦૩
૦૩ તફસીરે ઝિયાઉલ કુર્આન ૧૦
૦૪ (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત ૧૨
૦૫ ક઼ાનૂને શરીઅત ૧૪
૦૬ ''અલ્લામા મુશ્તાક અહમદ નિઝામી'' યાને પાસબાને મિલ્લત પે લાખો સલામ ! ૧૭
૦૭ કુર્આને કરીમની મો'જિઝામય અસરો ૨૦
૦૮ એક હિંદુ ડેન્ટિસ્ટનો ઈસ્લામ સ્વીકાર ! ૨૫
૦૯ ખેતીવાડીની ફઝીલત હદીષોની રોશનીમાં ૨૭
૧૦ અશ્રફુલ ઉલમાની મહાનતાની એક ઝલક ! ૩૦
૧૧ ઈમામે આ'ઝમ પર ક઼યાસને અગ્રતા આપવાના આક્ષેપની ભીતરમાં ડોકિયું ૩૬
૧૨ મુસલમાનોની પડતીનો સબબ અને તેનો ઈલાજ ૩૮
૧૩ સ્ત્રીઓને સ્વતંત્રતા આપવી ન જોઈએ ?! ૪૦
૧૪ નવી પેઢીના દિમાગની સુધારણા અને એક મુદર્રિસની જિમ્મેદારી ૪૩
૧૫ **નબી કરીમ ﷺના બદ્‌નસીબ ''કુખ્યાત ગુસ્તાખો''ની યાદી** ૪૫
૧૬ બરકાતે ખ્વાજાની ટપાલ ૪૬


### ★ મુહમ્મદ ﷺ કે શહર મેં ★

ક્યૂં આકે રો રહા હે મુહમ્મદ ﷺ કે શહર મેં
હર દર્દ કી દવા હે મુહમ્મદ ﷺ કે શહર મેં
કદમોં ને ઉનકે ખાક કો કુન્દન બના દિયા
મિટ્ટી ભી કિમીયા હે મુહમ્મદ ﷺ કે શહર મેં
સદક઼ા લૂટા રહા હે ખુદા ઉન કે નામ કા
સોના નિકલ રહા હે મુહમ્મદ ﷺ કે શહર મેં
સબ તો ઝુકે હેં ખાનએ કા'બા કે સામને
કા'બા ઝુકા હુવા હે મુહમ્મદ ﷺ કે શહર મેં
એ મૌત આ ભી જાકે ગલે સે લગા મુઝે
મરના મેં ચાહતા હૂં મુહમ્મદ ﷺ કે શહર મેં
અય 'રાઝ' ગરચે હિંદ મેં મૌજૂદ હૂં મગર
દિલ નઅત પઢ રહા હે મુહમ્મદ ﷺ કે શહર મેં

દેવબંદીઓના નામવર આલિમ મુનાઝિરે દેવબંદ અલ્લામા સઈદ અહમદ કાદરી

કાર્યાલય

# 'દેવબંદી' મૌલાના ૨૫ વરસ બાદ 'સુન્ની' બન્યા !

મુનાઝિરે દેવબંદ અલ્લામા મૌલાના સઈદ અહમદ કાદરી (ગુજરાનવાલા–પાકિસ્તાન) "દેવબંદિયત"થી તૌબા કરી "સુન્ની" બન્યા તેનો ચિતાર તેમની જ ઝબાની સાંભળો !

"યાદ રાખશો કે ૨૫ વરસ દેવબંદી મઝહબમાં રહીને હું તેમના અકીદાઓનો પ્રચાર કરતો રહ્યો છું. છેવટે અલ્લાહ તઆલાના ફઝ્લો કરમથી અને મહબૂબે દો આલમ ﷺની નિગાહે કરમથી મુનાઝિરે ઈસ્લામ હઝરત અલ્લામા પીર મૌલાના અબૂરઝા મુહમ્મદ અબ્દુલ અઝીઝ સાહબ નૂરી (મોહતમિમ : મર્કઝી દારુલ ઉલૂમ ગૌષિયા, હવેલી લખ્ખા, જિ. ઓકાળા, પાકિસ્તાન) સાથે (દેવબંદી મોલ્વીઓનાં) તમામ વિવાદાસ્પદ લખાણો પર ચર્ચા થતી રહી. છેવટે હઝરત મૌલાના અલ્લામા પીર મુહમ્મદ અબ્દુલ અઝીઝ સાહબ નૂરી એ મારું માર્ગદર્શન કર્યું જેનાથી મને યકીન થઈ ચૂક્યું છે કે **દેવબંદીઓ (મોલ્વીઓ) ની સર્વ ઈબારતો (લખાણો જે અલ્લાહ વ રસૂલની શાનમાં ગુસ્તાખી કરતાં લખ્યાં તે) કુફ્રી છે અને ગલત છે.** મારી જેટલી પણ કિતાબો છે તેને મેં રદ જાહેર કરી છે. આજ પછી મારી કોઈ કિતાબ કોઈ દેવબંદી ન છપાવે અને ન તેનો હવાલો આપે. તમામ કુફ્રી લખાણો અને મારી પ્રસિધ્ધ કરેલી કિતાબો મેં રદ્દીની ટોપલીમાં ફેંકી દીધી છે, અને હક્ક અકીદા સુન્ની બરેલ્વી (જે અસલ અહલે સુન્નત છે) ને દિલો જાનથી કબૂલ કરીને ઉલમાએ હક્ક મસ્લકે બરેલ્વીની સાથે સામેલ થવાનું એલાન કરી આપ્યું છે. અને દુઆ કરું છું કે અલ્લાહ તઆલા મને નૂરે મુજસ્સમ, હબીબે આ'ઝમ ﷺ અને ઔલિયાએ કામિલીનના સદકામાં માફ ફર્માવીને પોતાની પનાહમાં રાખે. (આમીન)

અને મારી દુઆ છે કે અલ્લાહ તઆલા મુનાઝિરે ઈસ્લામ હઝરત મૌલાના પીર મુહમ્મદ અબ્દુલ અઝીઝ સાહબ નૂરીના ઈલ્મ, અમલ તથા ઉમરમાં બરકત ફર્માવે અને એમનો સાયો લાંબા કાળ સુધી કાયમ દાયમ ફર્માવે. (આમીન) ઈન્શાઅલ્લાહ ! ભવિષ્યના માટે હું મારાં બયાનો તથા પ્રોગ્રામોમાં દેવબંદીઓના અકીદાઓની પોલ ખુલ્લી કરીશ જેથી મુસલમાનોને હક્ક તથા બાતિલની જાણ થાય.


અને યાદ રાખશો કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہનો પૈગામે હક્ક તદન ઈશ્કે રિસાલત અને રિસાલતના મર્તબાની માન મર્યાદાની રક્ષાનો પૈગામ છે. એટલા માટે જ દેવબંદી ઉલમાએ પણ આ'લા હઝરતને "આશિકે રસૂલ" સ્વીકાર્યા છે અને દેવબંદી મોટેરાઓમાંથી મોલ્વી મુર્તુઝા હસન દેવબંદીએ પણ એ વાતનો એકરાર કર્યો છે કે, "જો મૌલાના અહમદ રઝાખાં સાહબની નજીક અમુક દેવબંદી આલિમો ખરેખર એવા જ છે જેવા કે તેમણે તેઓને સમજ્યા છે તો ખાન સાહબ પર એ દેવબંદી આલિમોને કાફિર ઠરાવવું ફર્ઝ હતું. જો તે તેઓને કાફિર ન કહેતા તો ખૂદ કાફિર થઈ જતા." *(કિતાબ : અશદુલ અઝાબ, પેજ–૧૩)*

આ એકરાર પછી ઈલ્મવાળા તથા ન્યાયપ્રિય હઝરાત સમજી શકે છે કે આ'લા હઝરતની વિરૂધ્ધ દેવબંદી ઉલમાનો દુષ્પ્રચાર તદન જૂઠો અને ગલત છે.

**અઝ** : (મૌલાના) સઈદ અહમદ કાદરી, સિદ્દીકે અકબર ટાઉન, નવી આબાદી (ધૂલે), ગુજરાનવાલા–પાકિસ્તાન

**પ્રકાશક** : મક્તબે રઝાએ મુસ્તફા, ચોક દારુસ્સલામ, ગુજરાનવાલા–પાકિસ્તાન

**નોંધ** : જેઓ તદન નિષ્પક્ષપણે હક્ક સ્વીકારવાની નિય્યતે સુન્નીઓના અકીદા અને વહાબી દેવબંદીઓના અકીદાનું પરીક્ષણ કરે છે તો ઘણા આવા નસીબદારો નીકળે છે જેમને હક્કથી ભેટો થઈ જાય છે અને તેઓ મઝહબે હક્ક અહલે સુન્નત વ જમાઅતને સ્વીકારી લે છે અને બાતિલ ફિર્કા વહાબી દેવબંદીથી તૌબા કરી જ લે છે. જેઓને આ હક્ક તથા બાતિલનો ફરક જાણવો હોય તેઓ "બરકાતે ખ્વાજા (માસિક) કાર્યાલય" મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચના સરનામે સંપર્ક કરે તો અમે જરૂરી કિતાબો રવાના કરીશું. ઈન્શાઅલ્લાહ !



# ફિલ્મી ગીતોની ભયાનકતા !

તંત્રી લેખ

ઈસ્લામમાં નાચ ગાન, વાજિંત્રો, ઈશ્કિયા ગીતો વગેરે ગાવાં વગાડવાં હરામ છે, એ વાત તો એટલી પ્રચલિત છે કે ગૈર મુસ્લિમો પણ સમજવાળા હોય તો મુસ્લિમોની મસ્જિદ પાસે પહોંચતાં વાજિંત્રો ગીતોનો શોર બંધ કરી દેતા હોય છે. ઈસ્લામી સંસ્કૃતિમાં નાચ ગાન, મ્યૂઝિકને કોઈ સ્થાન જ નથી. અને આજે પણ જૂના માણસો હશે તે સાક્ષી પૂરશે કે હિંદુસ્તાનની સંસ્કૃતિમાં પણ નાચગાનની પ્રવૃત્તિમાં હલકી કક્ષાના તથા નીચ કહેવાતી જાતિના લોકો પડતા હતા. પણ પશ્ચિમી આઝાદ સંસ્કૃતિના પવને સર્વ સમાજોના સંસ્કારને અભડાવી નાખ્યા અને ધીમે ધીમે ફિલ્મો થકી નાચગાનનાં કામો એવાં ચાલ્યાં કે શરીફોની શરાફતના જનાઝા નીકળી ગયા, ખાનદાન કુટુંબોની ખાનદાની રાતોરાત પાંખો કરીને પલાયન થઈ ગઈ ! શરમો હયા, માન મર્યાદાની ઘોર ખોદાઈ ગઈ અને શૈતાની સામ્રાજ્યની જાણે બોલબાલા થઈ ગઈ, અને પછી ઘેર ઘર ટી.વી. આવી ગયાં જેનાથી દરેક ઘર સિનેમા ઘર બની ગયું, ત્યાં સુધી કે આમ લોકો તો ઠીક પણ કહેવાતા પીરો, મશાઈખ, મૌલાના, ઈમામો સૌનાં ઘરોમાં આ બલા ઘુસી ગઈ ! ઈલ્લા માશાઅલ્લાહ !

## ★ નાચગાનની બુરાઈ વિશે ખુદા વ રસૂલના હુકમો ★

કુર્આનનો આદેશ છે : **"અને ઝિનાની નજીક પણ ન જાવ ! બેશક ! તે બેહયાઈ છે અને ઘણી જ બુરી રાહ છે !"**

હવે ઠંડકથી વિચારો કે ફિલ્મી ગીતોમાં કે ડાન્સમાં શું હોય છે ? સ્પષ્ટ રીતે ઝિના (વ્યભિચાર)ની દા'વત જ તો હોય છે !

નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, **"મને અલ્લાહ તઆલાએ વાજિંત્રો એટલે સંગીતનાં સાધનોને તબાહ કરવા અને તોડી નાખવાના માટે મોકલ્યો છે."**

તો જેઓ પોતાને આશિક઼ે રસૂલ કહે છે અને પિક્ચરો ફિલ્મી ગીતોમાં મસ્ત રહે છે તેઓ વિચારે કે તેઓ હુઝૂર ﷺના આગમનના હેતુની વિરુદ્ધ કાર્ય કરી રહ્યા છે કે નહીં ?! જો સાચા આશિક઼ે રસૂલ છે તો ખુદાથી ડરે અને એને છોડી આપે. આજે ગમે તેવો મુબારક દિવસ હોય, રમઝાન હોય કે મુહર્રમ, મીલાદુન્નબી ﷺના મુબારક દિવસો હોય કે ગ઼ૌષ પાક رضي الله عنهની ૧૧મીના દિવસો કે છઠ્ઠી શરીફના દિવસો, વળી અઝાનો થતી હોય કે નમાઝોના સમય હોય છતાં લગભગ સર્વ ઘરોમાંથી મ્યૂઝિક વાગવાનો, ફિલ્મી ડાયલોગોનો, ગાયનોનો અવાજ સતત સંભળાતો રહે છે, તો વળી ક્યાંક, T.V. પર રમત ગમતના મેદાનો પર ''ચિયર્સ લેડીઝ''ના અંગ પ્રદર્શનના પ્રોગ્રામો ચાલુ હોય છે ! વાહ ! મુસલમાનો ! વાહ ! જન્નતના ઉમેદવારો ! શરમ કરો !

મહબૂબે ખુદા ﷺએ ફર્માવ્યું, **"જે શખ્સ ગાનારી લોંડીની મજલિસમાં બેસીને તેનું ગીત સાંભળશે તો ક઼યામતના દિવસે તેના કાનોમાં પીગાળેલું સીસુ નાખવામાં આવશે."**

હવે વિચારો કે ઉપર દર્શાવ્યું તેમ ટી.વી. પર પ્રોગ્રામો જોનારા સાંભળનારા આ જ હદીષના હક઼્ક઼દાર ઠરે છે કે નહીં ? જ્યારે ગરમ પાણીના છાંટા ઉડે અથવા કદીક ગરમ તેલના છાંટા ઉડે તો હાય વોય કરી મૂકનારા માનવે ગરમ ઓગળેલુ સીસુ અને તે પણ કાનમાં રેડાશે તેની પીડાની કલ્પના કરીને જો તે વેઠી શકાય તેમ હોય તો ઠીક ! નહીં તો T.V. થી, ફિલ્મોથી, રમતગમતનાં મનોરંજનોથી તૌબા કરી લેવી જોઈએ.

## ★ એ ગર્વની નહીં શરમની વાત છે ! ★

ફિલ્મી ક્ષેત્રે કે સંગીતના ક્ષેત્રે કોઈ મુસ્લિમ નામધારી પ્રગતિ કરી લે, એવોર્ડો મેળવી લે તો કેટલાક નાદાનો તેને મુસ્લિમ કૌમનું ગર્વ સમજે છે. જેમ કે હાલમાં "એ. આર. રહમાન" (રહમાન નામ રાખવું જાઈઝ નથી, અબ્દુર્રહમાન હોય શકે) નામી સંગીતકારની ઓસ્કાર એવોર્ડ વગેરે થકી ખૂબ વાહ વાહ થઈ ! બલ્કે તેણે એ એવોર્ડો મળવાની ખુશીમાં અજમેર શરીફ દરગાહે ખ્વાજામાં ગિલાફ પણ ચઢાવ્યો ! અસ્તગફિરુલ્લાહ ! હરામ કામમાં કામયાબીની ખુશીમાં અલ્લાહના વલીના આસ્તાને ગિલાફો ચઢે ! કેટલાક આવાં કામો કરનારા હરામ ધંધામાં કામયાબ થતાં બોલે છે કે, "અલ્લાહનો શુક્ર છે ! કે હું આમાં સફળ થયો !" અસ્તગફિરુલ્લાહ ! વળી કેટલાક જાહિલો કહી ઉઠે છે કે, "શું કરે ? અલ્લાહે એની રોજી જ એમાં રાખી છે !" (મઆઝલ્લાહ !) તો એવા લોકો અલ્લાહના રસૂલનું આ ફર્માન ધ્યાનથી સાંભળે અને પોતાના કથનથી તૌબા કરે !

રસૂલુલ્લાહ ﷺ પાસે એક શખ્સે ગાવા વગાડવાની રજા માંગી કે, "હું બિભત્સ ગીતો નહીં ગાઉં ! મને વગાડયા વિના રોજી નથી મળતી, તો ગાવા વગાડવાની રજા આપો !" હવે રસૂલે પાક ﷺનો જવાબ સાંભળો :–

"હું તને કદાપિ (ગાવા વગાડવાની) ઈજાઝત આપીશ નહીં ! ન તારી ઈજ્જત કરીશ અને ન તો તને કૃપાની દૃષ્ટિથી જોઈશ. **હે ખુદાના દુશ્મન !** તું જૂઠુ બોલે છે, અલ્લાહે તને હલાલ તથા પાક રોજી અતા કરી છે છતાં તુ ખુદાની રોજીમાંથી હરામને અપનાવે છે ! જો હું તને આથી પહેલાં મના કરી ચૂક્યો હોત તો અત્યારે તારી સાથે સખત રીતે વર્તાવ કરત ! અહીંથી ચાલ્યો જા ! અને ખુદાના દરબારમાં તૌબા કર ! યાદ રાખ ! જો હવે તેં એવું કર્યું તો તને દર્દનાક સજા આપવામાં આવશે. તને ઘરબારથી કાઢી તડીપાર કરીશ અને તારો સામાન મદીનાના ગરીબોમાં વહેંચી દેવામાં આવશે. *(બહવાલા કિતાબ : અલ્લાહ મેરી તૌબા)*

હરામ કામોમાં પડેલા મુસ્લિમ કલાકારો તથા તેમના ચાહકો, તેમના પર ગર્વ લેનારાઓ ઉપરોક્ત ફર્માનને વારંવાર વાંચે, મનન કરે કે ગાવા વગાડવાવાળાથી હુઝૂર ﷺ કેટલા નારાજ થાય છે ? અને તેને અલ્લાહનો દુશ્મન ખૂદ નબી પાક ﷺ કહે છે ! જેથી હકીકત સમજીને અને પોતાની ભૂલોથી તૌબા કરી લો.

ખૈર, એ તો થયું કે અખ્લાકી રીતે મુસલમાન ખતમ થતો ગયો, પણ હવે તો એ પોઝિશન છે કે અકીદાની રીતે પણ તબાહ થઈ રહ્યો છે. આજે મુસ્લિમ ઘરોમાં પૂજાપાઠના પ્રોગ્રામો, "ઓમ" તથા ગૈરોના મઅબૂદોની "જય"ના નાદો ગુંજી રહ્યાં છે ! રામાયણ તથા મહાભારતની સીરીયલો તથા એવી ફિલ્મો શોખથી મુસ્લિમ માં, બહેનો, ભાઈઓ જોઈ રહ્યાં છે. યાદ રાખશો કે, **"કુફ્રી વાણી સાંભળીને ખુશ થવું પણ કુફ્ર છે."** તો એ સીરીયલોમાં શું હોય છે ? જેથી એનાં દશ્યો તથા કુફ્રી સંવાદો સાંભળીને ખુશ થનારા તથા તેને સારું ગણનારા સૌ અજાણપણે ઈમાનથી નીકળી જતા હોય છે. અને આ મુસ્લિમોના ઈમાનને તબાહ કરવાનું ઈસ્લામ વિરોધીઓનું એક કાવત્રું જ છે. એ તો ઠીક પણ આજકાલ એવાં ફિલ્મી ગીતો નીકળ્યાં છે કે જેને સાંભળી ખુશ થનારા તથા તેને લલકારનારા ઈસ્લામના વર્તુળથી બહાર ફેંકાઈ જાય છે. એવાં ફિલ્મી ગીતો સંબંધે અત્રે એક ફત્વો રજૂ કરીએ છીએ જેને વાંચીને ઉમ્મીદ છે કે મુસલમાન યુવાનો, ભાઈઓ, બહેનો કુફ્રના માર્ગે જતાં બચશે.

## ★ ફિલ્મી ગીતોની ભયાનકતા વિશે ફત્વો ★

શું ફર્માવે છે દીનના ઉલમા તથા શરએ મતીનના મુફતીઓ આ મસ્અલામાં કે કેટલાક મુસ્લિમ નવયુવાનો

નીચે દર્શાવેલ શેઅરો (ગાયનની કડીઓ) ઘણા શોખથી ગાય છે. હવે એ (અમને) ખબર નથી કે એ શેઅરોના અર્થ મુજબનો અકીદો પણ ધરાવે છે કે પછી અમસ્તા જ ખાલી જીભ ઉપર લાવે છે. તો શરીઅતે પાકની રોશનીમાં આ લોકો પર કેવો હુકમ લાગશે ? તે શેઅરો (કડીઓ ) આ પ્રમાણે છે :–

**૧.** હસીનોંકો આતે હૈં, ક્યા ક્યા બહાનેં ! ખુદા ભી ન જાને તો હમ કૈસે જાને !

**૨.** ખુદા ભી આસ્માસેં જબ ઝમીં પર દેખતા હોગા, મેરે મેહબૂબકો કિસને બનાયા સોચતા હોગા !

**૩.** રબને મુઝ પર સિતમ ક્યા કિયા હૈ, સારે જહાંકા ગમ મુઝે દે દિયા હૈ !

**૪.** ફૂલોંસા ચેહરા તેરા ! કલિયોંસી મુસ્કાન હૈ, રંગ તેરા દેખકર રૂપ તેરા દેખકર કુદરત ભી હૈરાન હૈ !

**૫.** કિતના હસીન ચહેરા, કિતની પ્યારી આંખે, કિતની પ્યારી આંખે કે આંખસે છલકતા પ્યાર, કુદરતને બનાયા હોગા, ફુરસતસે તુઝે મેરે યાર !

**૬.** ઓ મેરે રબ્બા ! રબ્બા રે રબ્બા ! યે ક્યા ગઝબ કિયા ! જિસ્કો બનાના થા લળકી ઉસે લળકા બના દિયા.

**૭.** અબ આગે જો ભી હો અંજામ દેખા જાએગા, ખુદા તરાશ લિયા ઔર બંદગી કર લી !

**અલ જવાબ...............**

જેટલા શેઅરો પ્રશ્નમાં લખવામાં આવ્યા છે, તે સર્વમાં કાંઈ ને કાંઈ ચોખ્ખુ કુફ્ર છે. **જે લોકો આ શેઅરોને બોલે છે તે સર્વ બધા જ ઈસ્લામથી બહાર થઈ કાફિર તથા મુર્તદ થઈ ગયા.** એ લોકોના સર્વ નેક અમલો બેકાર થઈ ગયા, એમની પત્નીઓ નિકાહમાંથી નીકળી ગઈ. એ સર્વ ઉપર ફર્ઝ છે કે તરત જ વિના વિલંબે આ શેઅરોમાં જે કુફ્રિયાત (કુફ્રી બાબતો) છે તેનાથી તૌબા કરે અને કલ્મો પઢી નવેસરથી મુસલમાન બને અને પોતાની પત્નીઓને રાખવાનું મન્ઝૂર હોય તો એમની સાથે ફરી બીજી વખતે નવી મહેર સાથે નિકાહ કરે. એવી કેસટો જેમાં આવા કુફ્રી શેઅરો હોય એને વગાડવું હરામ સખત હરામ, કુફ્ર તરફ ખેંચી જાય છે અને કેસેટોને સાંભળવું પણ હરામ, બલ્કે આવી કેસેટોનો નાશ કરી દેવો ફર્ઝ છે. જો મઆઝલ્લાહ (ﷻ) **આવા કુફ્રી શેઅરોની કેસેટોને પસંદ કરીને સારી સમજીને વગાડે અથવા કોઈએ આ શેઅરો સાંભળીને પસંદ કર્યા તો તે પણ કાફિર થઈ જશે,** કુફ્ર પર રાજી થવું પણ કુફ્ર છે. ઈર્શાદ છે : (અર્થ) : "બેશક ! ત્યારે તો તમે પણ તે લોકો જેવા છો."

**હવે ઉપરોક્ત દર્શાવેલ શેઅરોમાંનું કુફ્ર ગણાવીએ :** એવું કહેવું કે "ખુદા પણ ન જાણે" કુફ્ર છે, એવું કહેવું કે "અલ્લાહ ﷻ વિચારતો હશે કે મારા મેહબૂબને કોણે બનાવ્યો !" એમાં ત્રણ કુફ્ર છે : પ્રથમ એ કે આ જાહિલના મેહબૂબને અલ્લાહ (ﷻ) એ નથી બનાવ્યો ! બીજુ કોણે બનાવ્યો એ એને ખબર નથી ! ત્રીજું એ કે વિચારતો હશે ! તદ્ઉપરાંત પ્રથમ કડીમાં પણ કુફ્ર છે કે "જ્યારે જોતો હશે !" એનો અર્થ એ થાય કે જમીન હમેશાં એની (અલ્લાહ તઆલાની) જોવાની શક્તિના ઘેરાવમાં નથી ! બલ્કે જ્યારે જમીન પર જુએ ત્યારે એને (અલ્લાહને) જમીનની સ્થિતિઓની ખબર પડે ! એમાં એક કુફ્ર તો એ છે કે એનાથી એવું લાઝિમ થશે કે અલ્લાહ તઆલાનુ બસીર (દેખતા) હોવું અલ્લાહ તઆલાની કદીમ (હમેશાંથી) સિફત નથી પણ હાદિષ (પાછળથી ઉદ્ભવેલ) છે ! (હકીકત એ છે કે) અલ્લાહ (ﷻ)ની સિફતો (ખૂબીઓ, ગુણો) હમેશાંથી જ છે, એવું નથી કે કોઈ સિફત મઆઝલ્લાહ (ﷻ) પછીથી અસ્તિત્વમાં આવી હોય.

બીજું (એ કડીઓમાં એવું ફલિત થાય છે કે) આ જમીનની વસ્તુઓ અને એની સ્થિતિઓનો ઈલ્મ હમેશાં નથી ધરાવતો, એ પણ એ જ પ્રમાણે કુફ્ર છે.

એવું કહેવું કે "અલ્લાહ તઆલાએ મારા પર જુલ્મ સિતમ કર્યો" તો એણે અલ્લાહને જાલિમ બનાવ્યો, જે ચોખ્ખુ કુફ્ર છે. આવું કહેવું કે "કુદરત પણ હયરાન (આશ્ચર્યમાં) છે" એ કુફ્ર છે. એવું કહેવું કે "કુદરતે તને ફુરસદથી (નવરાશથી) બનાવ્યો હશે" એ કુફ્ર છે. એવું કહેવું કે "જેને છોકરી બનાવવાની હતી તેને છોકરો બનાવી દીધો" એ અલ્લાહ તઆલા પર એતરાઝ (વાંધો) હોવાને કારણે કુફ્ર છે. પાછુ એને ગઝબ કહેવું બીજું કુફ્ર છે. "ખુદા તરાશ લિયા (બનાવી લીધો) અને બંદગી કરી લીધી" એમાં બે કુફ્ર છે. મખ્લૂકને ખુદા કહેવું પછી એની બંદગી કરવી. **આ પ્રમાણેના શેઅરો જો કોઈ ગાય કે બોલે તો તે દરેક સ્થિતિમાં કાફિર છે. ભલે ને તે કહે કે મારો આ એતેકાદ (માન્યતા) નથી ! કુફ્ર બોલ્યા પછી આ બહાનુ કામ આપશે નહીં.** એટલા માટે દરેક મુસલમાન પુરૂષ–સ્ત્રી પર ફર્ઝ છે કે તે ઈલ્મે દીન પ્રાપ્ત કરે, ઈસ્લામ અને કુફ્રને ઓળખે, જરૂરિયાતે દીન અને જરૂરિયાતે અહલે સુન્નતથી બાખબર રહે, તો એવી ભૂલ નહીં થાય કે જેનાથી ઈમાન જતુ રહે. અને શેઅરોના બારામાં ખૂબ જ સાવચેતી રાખવી જોઈએ. અલ્લાહ (ﷻ) ફર્માવે છે : (અર્થ) : "અને શાયરોની પયરવી ગુમરાહ લોકો કરે છે. શું તમોએ ન જોયું કે તે દરેક નાલામાં સરગરદાં ફરે છે અને એવું કહે છે કે જે નથી કરતા ? !" *(સૂ. શુઅરા, આ. ૨૨૬)*

જે લોકો દીનની જાણકારી રાખે છે તેઓ જો શાયરોના કથનોને વાંચશે (કે સાંભળશે) તો એમના સમક્ષ સ્પષ્ટ થઈ જશે કે અલ્લાહ (ﷻ)એ જે ફર્માવ્યું તે હક્ક઼ છે, એટલા માટે કોઈ પણ શાયરના શેઅરને પસંદ કરતાં પહેલાં એના પર ખૂબ જ વિચાર કરી લેવો જોઈએ, અને જરા પણ શંકા હોય તો ઉલમાથી પૂછી લેવું જોઈએ. મુખ્યત્વે કેસેટમાં ભરેલ ગાયનો તો ઘણા ખતરનાક હોય છે. અલ્લાહ (ﷻ) મુસલમાનોને હિદાયત આપે. આમીન *[લખનાર મુફતી શરીફુલ હક્ક઼ અમજદી رحمۃ اللہ علیہ (પૂર્વ સદર મુફતી : જામિઆ અશ્રફિયા–મુબારકપુર, યુ.પી.)]*

## ★ ફિલ્મી ગીતોનો ભયાનક મન્ઝર ! ★

આજે આપણા મુસ્લિમ સમાજની નવયુવાન ટુકડી ઘણી અજીબ ભૂલ ભૂલામણીનો શિકાર છે. ન તો એને પોતાની ગુમાવેલ દૌલત (શરીઅતના ઈલ્મ)ની તલાશ છે, ન તો પોતાના પ્યારા સમયનો કોઈ લેહાઝ અને એહસાસ છે.

આ સમયની કેટલી મોટી કરૂણતા (ટ્રેજડી) છે કે આપણી પાસે સર્વથી કિંમતી દૌલત ઈમાની દૌલત છે, અને આપણે આજે એ અમૂલ્ય દૌલતની સાથે એવા માર્ગે ચાલી રહ્યા છીએ જેના પર એના લૂંટવાવાળા લોકો પહેલેથી જ આકર્ષક અંદાઝમાં તાક લગાડી બેઠા છે ! તમને હૈરત થશે કે ફિલ્મી ગાયનોનો નિશાનો પણ આપણા ઈમાન તથા અમલની જ તરફ છે ! આવા જ ફિત્નાઓથી આ'લા હઝરત સરકાર સય્યદોના ઈમામ અહમદ રઝાખાં رضی اللہ عنہએ આ રીતે આપણને બાખબર કર્યા છે કે :–

*સુના જંગલ રાત અંધેરી, છાઈ બદલી કાલી હૈ–સોનેવાલો જાગતે રહીયો, ચોરોંકી રખવાલી હૈ*

કેટલાક ફિલ્મી શેઅરોની તબાહીનો એહસાસ આપણા મુસ્લિમ ભાઈઓને થયો તો તરત ઈસ્લાહ કબૂલ કરી લીધી પરંતુ સાથે જ ઘણા પ્રશ્નો પણ ઉભા થયા.

જેમ કે :–

(૧) કુફ્રી શેઅરોના કારણે નેક અમલો બરબાદ થયા ? આ સર્વને કેમ કરીને દોહરાવી શકાય ?

(૨) જેને આ શેઅરોને પઢવા તથા સાંભળવાના બારામાં શંકા હોય એના માટે શું હુકમ છે ?

(૩) શું કુફ્રનો હુકમ દરેક પઢવા તથા સાંભળવાવાળા માટે છે ?

(૪) સામાન્યતઃ લોકોને આ શેઅરોનું કુફ્ર હોવું ખબર નથી એના પર આટલો મોટો ગુનોહ કેવી રીતે લાગુ પડશે ?

અમો નીચે અમુક વાતો પર થોડીક રોશની નાખીએ છીએ જેનાથી ઈન્શાઅલ્લાહ ﷻ તમોને સંતોષ પ્રાપ્ત થશે :–

**(૧)** જે અમલો બેકાર થઈ ગયા તેને બીજી વાર દોહરાવવાનો હુકમ નથી. હા ! જો હજ કરવાની શક્તિ હોય તો એને દોહરાવવું ફર્ઝ છે.

**(૨)** જેઓએ આ કુફ્રી ગાયનો સાંભળીને દિલમાં એને બુરાં જાણ્યાં, એનાથી નફરત કરી અથવા કોઈ શરઈ મસ્લેહતથી કેવળ નકલ કરી લખ્યાં અથવા બોલ્યા તો એના પર કોઈ આક્ષેપ નથી, બલ્કે કુફ્રથી નફરત તો સાચા ઈમાનની નિશાની છે. હા ! **જેણે આ શેઅરો દિલચસ્પીની સાથે વાંચ્યા, સાંભળ્યા, ગાયા, એના પર રાજી થયા એના પર કુફ્રનો હુકમ છે.**

**(૩)** જેને એ શંકા હોય કે તેણે આ શેઅરો દિલચસ્પી તથા પસંદગીની સાથે ગાયા, સાંભળ્યા, પઢયા છે અથવા એવું તો નહીં પરંતુ એની આદત પિકચરી ગાયનોને સાંભળવા અથવા ગણગણવાની રહી છે તો એને પણ સાવચેતી ખાતર તૌબા કરી ફરીથી કલમો પઢી અને નવેસરથી નિકાહ કરી લેવા જોઈએ, એમાં દુનિયા તથા આખેરતની ભલાઈ છે. તૌબા તથા નવેસરથી ઈમાન (નવેસરથી કલ્મો પઢી મુસલમાન થવું) તો આમ પણ અજર તથા સવાબનું કામ છે. મદારિક શરીફમાં છે, જેને એવું હોય કે એને તૌબાની જરૂરત નથી, એને જ સર્વથી વધુ તૌબાની જરૂરત છે. *(પેજ–૧૪૨, ભાગ–૩, મદારિક શરીફ)*

**(૪)** કુફ્રવાળાં કથનો બે પ્રકારનાં છે :– કેટલાંક તો એ જેમાં અજાણતા (લાઈલ્મી)નો એઅતેબાર (માન્ય) કરવામાં આવે છે, અને કેટલાંક તે છે જેમાં લાઈલ્મી (અજાણતા)નો કોઈ એઅતેબાર નહીં કરવામાં આવે. જેમ કે મઆઝલ્લાહ કોઈ અલ્લાહ ﷻનું ખાલિક હોવાનુ નકારી દે, પછી અજ્ઞાનતાનું બહાનુ રજૂ કરે તો તે સાંભળવામાં નહીં આવે. એ જ પ્રમાણે કોઈ અલ્લાહ (ﷻ) સિવાય બીજા કોઈને પણ ઈબાદત તથા પૂજાને લાયક સમજે, પછી બોલે કે મને એનું શિર્ક હોવાનું માલૂમ (ખબર) ન હતું ! તો આ બહાનુ કબૂલ કરવામાં નહીં આવે. કારણ કે જ્યારે તે મુસલમાન છે, તો પછી આટલુ કેમ નથી જાણતો કે અલ્લાહ (ﷻ) સિવાય કોઈ માઅ્બૂદ (પૂજ્ય) નથી, અને તે જ સર્વનો ખાલિક્ (પેદા કરવાવાળો) છે. એટલા માટે જે માનવી દિલચસ્પી તથા પસંદીદગીની સાથે આ શેઅર ગણગણે કે :–

*ખુદા ભી આસ્માંસે જબ ઝમીં પર દેખતા હોગા–મેરે મહબૂબકો કિસને બનાયા સોચતા હોગા !*

તે હકીકતમાં અલ્લાહ ﷻના ખાલિક્ તથા અલીમો ખબીર હોવાનો ઈન્કાર કરે છે. આ જ પ્રમાણે જે માનવી આ શેઅરોને સારા સમજીને પઢે છે :–

*કિસી પથ્થરકી મૂરતસે મહબ્બતકા ઈરાદા હૈ–પરસ્તિશકી તમન્ના હૈ, ઈબાદત કા ઈરાદા હૈ*

*પથ્થર કે સનમ તુઝે હમને મહબ્બતકા ખુદા જાના–બળી ભૂલ હૂઈ અરે હમને યે ક્યા સમઝા યે ક્યા જાના !*

*મેરી નિગાહમેં ક્યા બનકે આપ રહતે હૈ–ક્સમ ખુદાકી ખુદા બન કે આપ રહતે હૈં*

તે ગૈરૂલ્લાહને ઈબાદતનો હક્ક્દાર સમજે છે, અને એમાં ખુલ્લમ ખુલ્લા **લાઈલાહ ઈલ્લલ્લાહ** નો રદ છે. કલમો પઢીને એક વ્યક્તિ આવા નાપાક કથનો બકે છે પછી એવું કહે છે કે મને એના કુફ્ર તથા શિર્ક હોવાની ખબર ન હતી ! આવું એનું કહેવું કબૂલ કરવામાં આવશે નહીં. દુનિયાના કાનૂનોમાં પણ લાઈલ્મી (ખબર ન હોવી) નું બહાનું ચાલતુ નથી. જેમ કે ચોરી તથા વિના કારણે કોઈને મારી નાખવું, વિના ટિકીટે સફર કરવી વગેરે.

કેટલાય નવા ફિલ્મી ગીતો એ જ અર્થમાં નીકળેલાં છે, જેમ કે :–

★ યારા તુઝમે રબ દિખતા હૈ.....★ યારા રબસે પહલે હૈ તૂ.....

★ ખુદા જાને કે મેં ફિદા હૂં–બન ગએ હો તુમ મેરે ખુદા ! વગેરે.. (આ તથા આવા અર્થનાં સર્વ ગીતો કુફ્રી છે.)

## ★ ઝરૂરિયાતે દીનનો મુન્કિર ઈસ્લામથી ખારિજ ! ★

આવો ! આપણે જરા આ મસ્અલાનો ચોખવટપૂર્વક અભ્યાસ કરી લઈએ. મુસ્લિમોને જે વાતોનો અક઼ીદો રાખવો વાજિબ છે, તે બે પ્રકારના છે, એક તો એ કે જેનું દીનથી હોવું અવામ તથા ખાસ સર્વ લોકોને ખબર હોય. બીજુ એ કે જેનું દીનથી હોવું એટલું બધુ આમ (મશ્હૂર) ન હોય. પ્રથમ વાતોને જરૂરિયાતે દીનનું નામ આપવામાં આવે છે. આનું વર્ણન 'બહારે શરીઅત'માં આ પ્રમાણે કરવામાં આવ્યું છે :–

જરૂરિયાતે દીન તે મસાઈલ છે જેમને દરેક ખાસ તથા સામાન્ય લોકો જાણે છે. જેમ કે અલ્લાહ ﷻની વહદાનિયત (એક હોવું), નબીઓની નબુવ્વત, જન્નત, દોઝખ, હશ્ર, નશ્ર (ક઼િયામત, હિસાબ–કિતાબ) વિગેરે.

અવામથી મુરાદ તે મુસ્લિમો છે જેમને ઉલમાની ટુકડીમાં ગણવામાં ન આવે, પરંતુ ઉલ્માની સોહબતથી ફૈઝયાબ થયા હોય અને ઈલ્મી મસાઈલ પ્રતિ આકર્ષણ ધરાવતા હોય, તેઓ નહીં કે જંગલ તથા પહાડોમાં વસનારા હોય જે કલ્મો પણ સહીહ પઢી શકતા ન હોય. કે આવા લોકોનું જરૂરિયાતે દીનથી અજ્ઞાન હોવું આ જરૂરી (અનિવાર્ય) ને ગેરજરૂરી કરી નાખશે નહીં. *(ભાગ–૧, પેજ–૫૨)*

અલ્લાહ તઆલા સર્વ મખ્લૂક઼નો ખાલિક઼ છે. એણે જ સર્વને પેદા કર્યા, એક તે જ ઈબાદતને લાયક છે. એના સિવાય અન્ય કોઈ પણ મઅ્બૂદ નથી, તે બધુ જ જાણે છે, અલીમ તથા ખબીર છે. આ અક઼ીદાઓ પણ જરૂરિયાતે દીનથી છે કે દીની એહસાસ રાખવાવાળી પબ્લીક એટલા સુધી કે નાઝરા કલાસના છોકરાઓ પણ આ અક઼ીદાઓથી સારી રીતે જાણકાર છે.

એટલા માટે કોઈ શખ્સ નષર અથવા નઝમ (ગદ્ય કે પદ્ય) માં **એવી વાત બોલી દે જેમાં આ પ્રમાણેના કોઈ જરૂરિયાતે દીનનો ઈન્કાર હોય તો તે બિલઈત્તેફાક (સર્વ સંમતિથી) ઈસ્લામની હરોળમાંથી બહાર થઈ જશે.**

## ★ અજ્ઞાનતાનું બહાનુ ચાલશે નહીં ! ★

"શરહે ફિકહે અકબર" માં ઈમામે અજલ હઝરત અલ્લામા અલી ક઼ારી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ ફર્માવે છે : (અર્થ) : કુફ્રની વાત જીભથી બકી નાખી અને એને એ ખબર નથી કે આ વાત કુફ્રની છે, તે કાફિર થયો કે નહીં ? આ સંબંધે ફતાવા કાઝીખાનમાં ઉલમાનો ઈખ્તેલાફ નકલ કરેલ છે. એમના શબ્દો આ પ્રમાણે છે. (અર્થ) : એક કથન એ છે કે કાફિર ક઼રાર દેવામાં (ઠરાવવામાં) આવશે નહીં કારણ કે અજ્ઞાનતાને લીધે તે મઅ્ઝૂર (મજબૂર) છે. અને એક ક઼ૌલ એ છે કે કાફિર ક઼રાર દેવામાં આવશે, અજ્ઞાનતાને લીધે મઅ્ઝૂર માનવામાં આવશે નહીં. હું કહું છું કે વધારે જાહેર પ્રથમ કથન છે. હા ! જો તે કુફ્રી કથન જરૂરિયાતે દીનમાંથી હોય ત્યારે તો વિના શંકાએ એને કાફિર ઠરાવવામાં આવશે અને અભણતાને લઈને મઅ્ઝૂર નહીં થાય. *(શરહે ફિક઼હે અકબર, પેજ–૨૦૨)*

આ ઈબારત (લખાણ) થી સારી રીતે સ્પષ્ટ થાય છે કે **કલ્મએ કુફ્રનો સંબંધ જો જરૂરિયાતે દીન**

**સાથે હોય તો ત્યાં અભણતાનું બહાનું ચાલશે નહીં. કારણ કે મુસ્લિમ થઈને પણ આટલી ખુલ્લી વાત જાણતો કેમ નથી !** હા ! જો કુફ્રનો સંબંધ જરૂરિયાતે દીન સાથે ન હોય તો ત્યાં અભણતાનુ બહાનુ ચાલશે, તો પણ ઉલ્માની એક ટુકડી એવું કહે છે કે એ બહાનુ ચાલશે નહીં.

"ગમ્ઝુલ ઉયૂન વલબસાઈર શરહે અલ્અશબાહુ વન્નઝાઈર" માં છે : (અર્થ) : કુફ્રના બાબમાં જરૂરિયાતે દીનથી અભણતા બહાનુ નથી. એથી ઉલ્ટુ જરૂરિયાતે દીનની સિવાય અભણતા બહાનુ છે. એના પર ફતવો છે. *(ગમ્ઝુલ ઉયૂન, પેજ–૨૨, કિતાબુસ્સૈર, પેજ–૨૯૭)*

એક હદીષથી પોતાની ઈમાની આંખોને તાજી કરો. બુખારી શરીફ કિતાબુર્રિકાકમાં છે : (અર્થ) હઝરત અબૂહુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂરે અકદ્સ સૈયદે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, બંદો કોઈ વખત અલ્લાહ عزوجلની ખૂશનૂદીની વાત કહે છે, અને એ એના તરફ ધ્યાન પણ કરતો નથી, અલ્લાહ عزوجل એના કારણે એના ઘણા દરજા બુલંદ કરે છે. અને કોઈ વખત બંદો અલ્લાહ عزوجلની નારાઝગીની વાત કરે છે અને એનો ખયાલ પણ કરતો નથી, એના કારણે જહન્નમમાં પડે છે. અને એક રિવાયતમાં છે કે પૂર્વ તથા પશ્ચિમના વચ્ચે જેટલું અંતર છે એથી પણ વધુ અંતર જહન્નમમાં પડે છે. *(બુખારી શરીફ, પેજ–૯૫૯, ભાગ–૨)*

એને એક દાખલાથી આ પ્રમાણે સમજી શકાશે કે જરૂરિયાતે દીનનો ઈન્કાર એવું કુફ્ર છે જે ઈમાન માટે મારી નાખે તેવું ઝહેર છે. તો **જેમ કે કોઈ અજાણતામાં અથવા વિના ઈરાદે ઝેર પી જાય તો તેની જાન બચશે નહીં, એ જ પ્રમાણે જો કોઈ વ્યક્તિ અજાણતામાં કુફ્ર કહી દે તો એનું ઈમાન પણ બચશે નહીં.** આશ્ચર્યની વાત છે કે અજાણતામાં ભૂલથી કદાચ જ કોઈ ઝેર પીતુ હશે ! પરંતુ ફિલ્મી ગાયનોના કુફ્રી શેઅરોમાં તો એક મોટી સંખ્યા સંડોવાયેલી જોવા મળે છે. શરીરની જિંદગીનો તો આટલો બધો ખયાલ અને ઈમાની જિંદગીથી આવી ગફલત તથા લાપરવાહી ! *("ફિલ્મી ગીતોની ભયાનક્તા" કિતાબના સૌજન્યથી)*

## ★ તૌબા તથા નિકાહ દોહરાવવાની રીત ★

જેઓ પર ઉપરોક્ત ફિલ્મી ગીતોને કારણે કે અન્ય રીતે કુફ્ર થવાથી તૌબા લાઝિમ થાય તો કહે, "યા અલ્લાહ ! યા રહમાન ! યા રહીમ ! મારાથી જાણે અજાણે ફિલ્મી ગીતોમાં આવતું કુફ્રી કલામ બોલાઈ ગયું છે (અથવા અન્ય રીતે કુફ્ર થયું હોય તો તેવું કહે) તો હું મારા એ ગુનાહથી સાચા દિલથી તૌબા કરું છું અને કલ્મો પઢુ છું : લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ. હે અલ્લાહ ! તારા પ્યારા હબીબ ﷺના સદકામાં મારી તૌબા ક્બૂલ ફર્માવ. (ફરી એ ગુનાહમાં ન પડે) ઘરમાં અમુક લોકો સમક્ષ અથવા અન્ય ઠેકાણે જાહેર મજમામાં પણ તૌબા કરી શકે છે. અને બે પુરૂષ (અથવા એક પુરૂષ બે સ્ત્રી) ગવાહોની રૂબરૂ પોતાની પત્નીને કહે કે, "મેં તને આટલા રૂપિયા મહેરના બદલામાં મારા નિકાહમાં ક્બૂલ કરી, તને ક્બૂલ છે ? તેણી કહી આપે કે, ક્બૂલ છે" તો નિકાહ દોહરાવાય જશે. બહુ લાંબી વિધિ કરવાની નથી, પણ શરીઅતના હુકમનું પાલન કરી જીવવું જેથી ઝિનાકારીથી બચી શકાય અને જહન્નમના અઝાબથી મુક્તિ મળે.

અંતમાં, વિનંતિ કે મુસલમાનોએ ફિલ્મી ગીતો, સ્ટોરીઓ, સીરીયલોને છોડીને પ્યારા નબી ﷺની નઅતે પાકની સીડીઓ વસાવી નઅતે પાક (સંગીત વિનાની) સાંભળવી જોઈએ અને ઈશ્કે નબીમાં તડપાવવાવાળુ દિલ બનાવવું જોઈએ. સુન્ની ઉલમાનાં બયાનો સાંભળી પોતાના ઈમાનને મજબૂત તથા અમલની સુધારણા કરવી જોઈએ જેનાથી તેની દુનિયા તથા આખેરત બંનેવ આબાદ થશે.

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمْ اٰيٰتِهٖ لَعَلَّكُمْ تَعْقِلُوْنَ ﴿٢٤٢﴾ اَلَمْ

تَرَ اِلَى الَّذِيْنَ خَرَجُوْا مِنْ دِيَارِهِمْ وَهُمْ اُلُوْفٌ حَذَرَ الْمَوْتِ فَقَالَ

لَهُمُ اللّٰهُ مُوْتُوْا ثُمَّ اَحْيَاهُمْ اِنَّ اللّٰهَ لَذُوْ فَضْلٍ عَلَى النَّاسِ وَ

فَيُضٰعِفَهٗ لَهٗۤ اَضْعَافًا كَثِيْرَةً

**ત.....ર્જુ.....મો.....**

એ જ પ્રમાણે ઉઘાડીને બયાન કરે છે અલ્લાહ તઆલા તમારા માટે પોતાના અહકામ (હુકમો) જેથી તમે સમજી જાવ. શું ન જોયું તેં તે લોકોની તરફ જેઓ નીકળ્યા હતા[૩૧૬] પોતાનાં ઘરોએથી, અને તેઓ હજારો હતા મૌતના ડરથી[૩૧૭] તો ફર્માવ્યું તેઓને અલ્લાહ તઆલાએ કે મરી જાવ, પછી જીવંત કર્યા તેમને. બેશક ! અલ્લાહ તઆલા ઘણો મહેરબાન છે લોકો પર. પરંતુ મોટા ભાગના લોકો શુક્ર નથી કરતા. અને લડાઈ કરો અલ્લાહના માર્ગમાં[૩૧૮] અને જાણી લો કે બેશક ! અલ્લાહ તઆલા સર્વ કાંઈ સાંભળનાર સર્વ કાંઈ જાણનાર છે. કોણ છે જે આપે અલ્લાહ તઆલાને કર્ઝે હસન તો વધારી આપે તે કરજને તેના માટે કેટલાયે ઘણુ.

**તફસીર...............**

**૩૧૬.** કેટલાયે મુફસ્સિરોએ કોશિશ કરી છે કે જે કૌમનો બનાવ વર્ણન થઈ રહ્યો છે તેના વિશે નિશ્ચિત કરે કે તે કઈ કૌમ હતી. પરંતુ અલ્લામા કુર્તબીએ ઈબ્ને અતિય્યાથી નકલ કર્યું છે કે સર્વ કિસ્સા બિન ભરોસાપાત્ર છે. આયતનો હેતુ મુસ્લિમોને કોઈ માજી કૌમ (જે નિશ્ચિત નથી)ના અમલથી ઈબ્રત અપાવવું છે જે મૃત્યુના ડરથી ભાગી છૂટી હતી પરંતુ અલ્લાહ તઆલાએ તે મૌત જેનાથી તેઓ ભાગી છૂટયા હતા તેમના પર લાગુ કરી દીધી. પછી અમુક અરસા પછી નવી જિંદગી અતા ફર્માવી. અને આ રીતે મારવા તથા જીવાડવાથી હેતુ એમને એ સમજાવવાનો હતો કે મૌતથી ભાગવાની કોશિશ કરવી નિરર્થક છે, ન તો તમે તમારી કોશિશ વડે તમારા મૃત્યુને ટાળી શકો છો અને ન જિંદગી વધારી શકો છો. અને આ બનાવને વર્ણન કરવાથી ઉમ્મતે મુસ્તફા ﷺને એ દર્શાવવાનો હેતુ હતો કે તમે આવું ન કરશો. તેઓ કોણ હતા ? ક્યાંથી ભાગ્યા હતા ? શા માટે ભાગ્યા હતા ? આ એવી ટીકા ટીપ્પણીઓ છે જેમાં ઉલઝવાનો કોઈ ફાયદો નથી, એટલા માટે કુર્આને તેઓનો ઉલ્લેખ ન કર્યો.

**૩૧૭.** જમહૂર (બહુમતિ ઉલમા)નો કૌલ એ છે કે اُلُوْفٌ બહુવચન છે اَلْفٌનું, જેનો અર્થ હજાર છે. એટલે કે તેઓ હજારોની સંખ્યામાં હતા. અને અમુક શબ્દકોશના ઈમામો (ઈબ્ને ઝયદ)થી પણ એ નકલ થયેલ છે કે اُلُوْفٌ، اَلِفٌ અથવા اٰلِفٌનું બહુવચન છે. હવે અર્થ એ થશે કે તેઓ એવી હાલતમાં પોતાનાં ઘરોએથી નીકળ્યા કે તેઓ એકબીજા સાથે પ્યાર મહોબ્બતની જિંદગી વ્યતિત કરી રહ્યા હતા. આ આયતથી ઉલમાએ કિરામે એ મસ્અલો પણ કાઢયો છે કે, જો ક્યાંક વબા ફૂટી પડે તો ત્યાંના લોકોએ ભાગી છૂટવું જોઈએ નહીં, કેમ કે જો તંદુરસ્તો ભાગી

નીકળશે તો બીમારોની ચાકરી કોણ કરશે ? તેમજ આ ભાગદોડથી એવી ખરાબીઓ પેદા થશે જેનો અગાઉથી અંદાજો પણ નથી કરી શકાતો. તેમજ જો ચેપી બીમારી બીમાર છે તો શક્ય છે કે તેના સબબથી બીમારીનાં જંતુઓ તંદુરસ્ત ઈલાકાઓમાં તબદીલ થઈ જાય અને ત્યાં બીમારી ફેલાય જાય. અને આ હુકમની સૌથી મહાન હિકમત જે દીને ઈસ્લામની હૈસિયત નજરો સમક્ષ છે તે એ છે કે એ રીતે લોકોનો અક઼ીદો ઢચુપચુ થઈ જશે અને અલ્લાહ તઆલાના સિવાય અન્ય સબબોને તેઓ મારનાર તથા જીવાડનાર સમજવા લાગશે. જેવી રીતે ઈસ્લામે વબાયુક્ત ઈલાકાથી ભાગવાથી મના કર્યું એ જ પ્રમાણે એમાં પ્રવેશવાથી પણ મના કર્યું.

હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું :–

**فمن سمع به بارض فلا يقد منّ عليه ومن كان بارض وقع بها فلا يخرج فرارا منه** (بخاری)

**૩૧૮.** આ સબક઼ ખૂબ જ દિમાગમાં બેસાડયા પછી કે મૌત તથા જીવન અલ્લાહ તઆલાના કબજામાં છે, કોઈ પોતાના હિલા (ટ્રિક) વડે મૌતને ટાળી નથી શકતું અને ન જિંદગીને વધારી શકે છે. હવે મુસલમાનોને અલ્લાહ તઆલાની રઝા તથા દીનની સરબુલંદીના માટે જેહાદ માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.

**૩૧૯.** અરબી લુગત (શબ્દકોશ)માં કરજનો એ ભાવાર્થ નથી જેને આપણે ઉર્દૂમાં સમજ્યા કરીએ છીએ કે કોઈને કોઈ ચીજની જરૂરત ઉભી થઈ અને પોતાની પાસે ન હોવાથી બીજા પાસેથી ઉધાર લઈને તે જરૂરત પૂર્ણ કરી લીધી. કેમ કે અલ્લાહ તઆલા જે ગની તથા હમીદ છે, જરૂરતની કલ્પનાથી પણ પાક છે, બલ્કે "કરજ તે દરેક ચીજ અથવા અમલ છે જેના પર જઝા તથા બદલો માંગવામાં આવે." હવે કોઈ પ્રકારની ગુંચવણ ઉભી ન થશે. પહેલાં કેમ કે જેહાદનો હુકમ આપવામાં આવ્યો હતો અને જેહાદના માટે રૂપિયાની જરૂરત પડે છે એટલા માટે આ સુંદર વર્ણન વડે મુસ્લિમોને પોતાનો સરમાયો અલ્લાહની રાહમાં કુર્બાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે, એટલે કે એવું ન સમજો કે એ રકમ ખર્ચ થઈ ગઈ તો ફરી પાછી નહીં મળે, બલ્કે અલ્લાહ તઆલા એનું કેટલાયે ઘણુ વળતર આપશે. કરજ જો મફઉલના અર્થમાં હોત તો "હસન"ની ખૂબીથી એ મુરાદ થશે કે જે માલ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરો તે હલાલ અને પાક હોય. અને જો કરજ પોતાના મસ્દરી અર્થમાં જ વપરાવ્યું હોય તો પછી "હસન"થી મુરાદ એ થશે કે કરજ આપો તો ખુલૂસથી આપો, ખુશી ખુશી આપો.

**منصب على المفعولية اى مقرضا حلا لا طيبا او على المصدرية اى قرضا مقرونا بالا خلاص و طيب النفس** (مظہری)

---

**સાભાર સ્વીકાર !** ★ **૧૦ રૂા. ટપાલ ટિકિટ મોકલી મંગાવો !** ★

કિતાબ : **હયાતે ઈમામે આ'ઝમ** (આવૃત્તિ બીજી) પેજ–૧૭૯

સંપાદક : **મુફતીએ કચ્છ અલ્લામા અલ્હાજ સૈયદ અહમદશા બુખારી વિંઝાણવી**

પ્રાપ્તિસ્થાન : માજોઠી મેહમૂદ ઉષ્માન (બિલ્ડિંગ કોન્ટ્રાકટર), જનતા નગરી, પીરવાલી ગલી, સદર કેમ્પ, ભૂજ–કચ્છ, પિન. ૩૭૦ ૦૦૧ (મો. ૯૭૨૭૮ ૬૨૮૭૪)

હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہના જીવન ચરિત્ર, આપની મહાન ખૂબીઓ, આપની કમાલની ફક઼ાહત પર સુંદર જાણવા લાયક વર્ણન આ કિતાબમાં છે. દરેક સુન્ની હનફીએ આ કિતાબ વાંચવી વસાવવી જોઈએ. પોતાની ઔલાદને ઘરવાળાંને વંચાવવી જોઈએ જેથી દીની ઈલ્મ વધે, આજે મોટાભાગે યુવાનોને હનફી, શાફઈ, માલિકી, હંબલી એ શું છે એનુંય ભાન નથી ! જેથી આવી કિતાબો વાંચે અને પોતાના ઈમામોને ઓળખે. ફક્ત રૂા. ૧૦/– ટપાલ ટિકિટ મોકલી ઉપરના સરનામેથી **મફત** મંગાવી શકો છો. –તંત્રી

## :: કુર્આન તથા સુન્નતને મજબૂતીથી[1] પકડવા વિશે પ્રકરણ ::

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે કાઢે અમારા દીનમાં તે તરીકો જે આ દીનથી નથી તે મરદૂદ છે[2]. *(બુખારી તથા મુસ્લિમ)* હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે ફર્માવે છે કે નબી કરીમ ﷺએ હમ્દો સલાત પછી ફર્માવ્યું, યકીનન ! બેહતરીન વાત અલ્લાહની કિતાબ છે અને શ્રેષ્ઠ તરીકો મુહમ્મદ મુસ્તફાનો તરીકો છે[3]. અને બદતરીન ચીજ દીનની બિદઅતો છે અને એ બિદઅતે ગુમરાહી છે[4]. *(મુસ્લિમ શરીફ)*

### :::: સ....મ....જૂ....તી.... ::::

**૧.** عَصْمٌ اعتصامથી બન્યું, અર્થ છે મના તથા પ્રતિબંધ. પાક દામનીને એટલા માટે "અસ્મત" કહે છે કે તે ગુનાહોથી રોકી દે છે. તેનો શાબ્દિક અર્થ છે મજબૂત પકડવું, છૂટવા તથા ભાગવાથી રોકી લેવું. શરીઅતની બોલીમાં હક્કાનિયત પર યકીન અને તેના પર હમેશાં અમલ કરવાને اعتصام (એઅ્તેસામ) કહેવામાં આવે છે. કિતાબથી મુરાદ કુર્આન શરીફ છે અને સુન્નતથી મુરાદ હુઝૂર ﷺના સર્વ ફર્માનો તથા અફઆલ (અમલો) તથા અહવાલ (હાલતો) છે જે મુસલમાનોના માટે અમલને પાત્ર છે. હુઝૂરના આ અફઆલને શરીઅત કહેવાય છે અને અહવાલ શરીફને તરીકત. સૂફીઓની નજીક હુઝૂર ﷺના શરીર મુબારકની હાલતો શરીઅત છે, દિલની હાલતો તરીકત છે અને રૂહની હાલતો હકીકત અને બાતિન (આંત્રિક)ની હાલતો મઅરેફત છે. સુન્નત એ સર્વને સામેલ કરે છે. યાદ રાખશો કે હુઝૂર ﷺની વિશિષ્ટતાઓ જે છે તે સુન્નત નથી જેથી નવ પત્નીઓ નિકાહમાં રાખવી, ઊંટ પર તવાફ કરવો, મિમ્બર પર નમાઝ પઢવી વગેરે, ભલે એ હુઝૂર ﷺના અફઆલ (અમલો) છે પરંતુ આપણા માટે અમલને અપાત્ર છે. દરેક સુન્નત હદીષ છે અને દરેક હદીષ સુન્નત નથી, એટલા માટે અહીં લેખક رحمۃ اللہ علیہએ "સુન્નત" ફર્માવ્યું, "હદીષ" નથી કહ્યું. અને નબી ﷺએ ફર્માવ્યું, عَلَيْكُمْ بِسُنَّتِىْ એવું ન ફર્માવ્યું કે بِحَدِيْثِىْ. તદ્ઉપરાંત આપણું નામ બિહમ્દિહી તઆલા "અહલે સુન્નત" એટલે સર્વ સુન્નતો પર અમલ કરનારા રાખ્યું, "અહલે હદીષ" નહીં ! કેમ કે સર્વ હદીષો પર કોઈ અમલ કરી શકતું નથી ! અને ન તો કોઈ "અહલે હદીષ" થઈ શકે છે. એ પણ યાદ રાખશો કે શરીઅતની દલીલો ચાર છે : કુર્આન, સુન્નત, ઈજમાએ ઉમ્મત અને મુજતહિદોનો કયાસ. પરંતુ કિતાબ તથા સુન્નત મૂળ ઉસૂલ છે અને ઈજમાઅ તથા કયાસ તેના પછી, કે જો કોઈ મસ્અલો એ બંનેમાં ન મળી શકે તો આ બાજુ રુજૂઅ કરવું. તેમજ કયાસ એ કુર્આન તથા સુન્નતનો મઝહર છે એટલા માટે લેખકે કેવળ કિતાબ તથા સુન્નતનો ઉલ્લેખ કર્યો એ બંનેનો ઉલ્લેખ ન કર્યો, નહીં તો તે બંનેવ પણ અત્યંત જરૂરી છે. ખિલાફતે સિદ્દીકી તથા ફારૂકીએ ઉમ્મતના ઈજમાઅથી જ સાબિત છે અને તેમનો ઈન્કાર કુફ્ર છે. બાજરી તથા ચોખામાં વ્યાજ હરામ છે પણ કિતાબ તથા સુન્નતમાં તેનો ઉલ્લેખ નથી, કયાસથી એની હુર્મત સાબિત છે. એની સંપૂર્ણ તેહકીક અમારી કિતાબ જા અલ હક્ક, ભાગ–૧, રમાં જુઓ. કિતાબ તથા સુન્નત સમુદ્ર છે કે કોઈ ઈમામના જહાઝમાં બેસીને તેને પાર કરો. કિતાબ તથા સુન્નત ઈમાની તિબ્બ (દવાઓ) છે કોઈ રૂહાની ડોકટર એટલે મુજતહિદ ઈમામના મશ્વરાથી તેને વાપરો.

**૨.** એટલે કે તે (નવુ કાઢનાર) મરદૂદ છે અથવા તેની કાઢેલ (નવી) ચીજ મરદૂદ છે. યાદ રાખશો કે અમ્ર (اَمْرٌ)થી મુરાદ ઈસ્લામ ધર્મ છે. અને مَا (મા)થી મુરાદ અકીદાઓ છે એટલે કે જે શખ્સ ઈસ્લામમાં ઈસ્લામ વિરુદ્ધ અકીદા ઉપસ્થિત કરે તે શખ્સ પણ મરદૂદ અને તે અકીદા પણ બાતિલ છે, જેથી રાફઝી,

કાદયાની, વહાબી વગેરે ૭૨ ફિર્કા જેમના અકીદા ઈસ્લામ વિરુદ્ધ છે તથા બાતિલ છે. અથવા اَمْرٌથી મુરાદ દીન છે અને مَاથી મુરાદ અમલો છે અને لَيْسَ مِنْهُથી મુરાદ "કુર્આન તથા હદીષ વિરુદ્ધ" એટલે જે કોઈ દીનમાં એવા અમલ ઉભા કરે જે દીન એટલે કિતાબ તથા સુન્નતી વિરુદ્ધ હોય જેનાથી સુન્નત છૂટી જતી હોય તે ઉપસ્થિત કરનાર પણ મરદૂદ અને એવા અમલ પણ બાતિલ છે. જેમ કે ઉર્દૂ તથા ફારસીમાં ખુત્બો તથા નમાઝ પઢવી, ફારસીમાં અઝાન આપવી વગેરે. તેની તફસીર એ હદીષ છે જે આગળ આવી રહી છે કે જે કોઈ બિદઅત કાઢે તો અલ્લાહ સુન્નતને ઉઠાવી લે છે. અમારી આ તફસીરના આધારે આ હદીષ તેના ઉમૂમ (સામાન્યપણા) પર છે, તેમાં કોઈ કૈદ (શર્ત લગાડવાની) જરૂરત નથી. મિર્કાતે ફર્માવ્યું, لَيْسَ مِنْهُથી માલૂમ થયું કે **દીનમાં એવા કામને ઉપસ્થિત કરવું જે કુર્આન તથા સુન્નતની વિરુદ્ધ ન હોય તે બુરુ નથી.**

**૩.** આ કલામ હુઝૂરે વઅઝમાં ખુત્બા પછી ઈર્શાદ ફર્માવ્યું, એટલા માટે ફર્માવ્યું, اَمَّا بَعْدُ હદીષનો અર્થ મુત્લકન (કોઈપણ) વાત તથા કલામ છે જેથી આ અર્થમાં પણ કુર્આન પણ હદીષ છે, અન્ય લોકોના કલામ પણ, પરંતુ શરીઅતની બોલીમાં કેવળ હુઝૂરના ફર્માન અને કામને હદીષ કહેવામાં આવે છે. અહીં શાબ્દિક અર્થમાં છે. અલ્લાહનું કલામ તમામ કલામો પર એવું જ મહાન છે જેમ કે ખૂદ પરવરદિગાર પોતાની મખ્લૂક પર. هدىનો અર્થ છે સારી આદત. હુઝૂર ﷺની સીરત સારી છે કેમ કે રબની તરફથી છે. આપણા કામ તથા કલામ (વાણી) નફસાની તથા શૈતાની પણ હોય છે. હુઝૂરનો દરેક કૌલ તથા ફેઅલ (વાણી તથા વર્તાવ) રહમાની છે એટલા માટે હુઝૂરના કોઈ ફેઅલ પર વાંધો દર્શાવવો "કુફ્ર" છે, કેમ કે એ રબ પર વાંધો છે. લોકોએ આપના એક નિકાહ પર વાંધો ઉઠાવ્યો તો રબે ફર્માવ્યું : زَوَّجْنَاكَهَا "અમે તમારા નિકાહ કરાવ્યા."

**૪.** مُحْدَثٌનો અર્થ નવીન તથા નવી ઉપસ્થિત કરેલી ચીજ. અહીં તે અકીદાઓ અથવા બુરા અમલો મુરાદ છે જે હુઝૂર ﷺના વિસાલ પછી દીનમાં પેદા કરવામાં આવે. બિદઅતનો શાબ્દિક અર્થ છે નવી ચીજ. રબ ફર્માવે છે : اَللّٰهُ بَدِيْعُ السَّمٰوٰتِ وَالْاَرْضِ શરીઅતની બોલીમાં એના ત્રણ અર્થો છે : ૧. નવા અકીદા, તેને બિદઅતે એ'તેકાદી કહે છે. ૨. તે નવા અમલો જે કુર્આન તથા હદીષની વિરુદ્ધ હોય અને હુઝૂરની પછી નવા ઉપસ્થિત થયા હોય. ૩. દરેક નવો અમલ જે હુઝૂરના પછી ઉપસ્થિત થયો. પ્રથમ બંનેવ અર્થોથી દરેક બિદઅત બુરી છે, કોઈ સારી નથી. ત્રીજા અર્થના લેહાઝથી અમુક બિદઅતો સારી છે અમુક બુરી છે. અહીં બિદઅતનો પ્રથમ અર્થ મુરાદ છે એટલે બુરા અકીદા, કેમ કે હુઝૂરે તેને ઝલાલત એટલે ગુમરાહી ફર્માવ્યું, ગુમરાહી અકીદાથી થાય છે અમલથી નહીં. **બેનમાઝી ગુનેહગાર છે પણ ગુમરાહ નથી અને રબને જૂઠો અથવા હુઝૂરને "પોતાના જેવા" માણસ સમજવું બદ્અકીદગી અને ગુમરાહી છે.** અને જો બીજો અર્થ મુરાદ હોય તો પણ આ હદીષ પોતાના ઈત્લાક (લાગુ થવા) પર છે કોઈ શર્ત લગાડવાની જરૂરત નથી. અને જો ત્રીજો અર્થ મુરાદ હોય, એટલે કે નવુ કામ. તો આ હદીષ આમ મખ્સૂસુલ બઅઝ (એવું સામાન્ય જેમાંથી અમુકને ખાસ કરી દેવામાં આવે) છે કેમ કે આ બિઅદત બે પ્રકારની છે : બિદઅતે હસના (સારી બિદઅત) અને બિદઅતે સૈયેઅહ્ (બુરી). અહીં બુરી બિદઅત મુરાદ છે. બિદઅતે હસનાના માટે કિતાબુલ ઈલ્મની તે હદીષ છે આગળ આવી રહી છે مَنْ سَنَّ فِى الْاِسْلَامِ سُنَّةً حَسَنَةً (હદીષ) એટલે કે જે ઈસ્લામમાં સારો અકીદો પેદા કરે તે મહાન સવાબનો હક્કદાર છે. "બિદઅતે હસના" કદીક જાઈઝ, કદીક વાજિબ, ક્યારેક ફર્ઝ હોય છે. એની ખૂબ જ ઉમદા તેહકીક એ જ જગાએ મિર્કાત તથા અશિઅતુલ લમ્આતમાં જુઓ. તેમજ શામી અને અમારી કિતાબ જા અલ હક્કમાં પણ જુઓ. અમુક લોકો એનો અર્થ એ કરે છે કે, "જે કામ હુઝૂરના પછી નીકળે તે બિદઅત છે અને દરેક બિદઅત ગુમરાહી છે." (જેમ કે વહાબી, દેવબંદીઓ વગેરે) પરંતુ આ અર્થ તદ્દન ખોટો છે કેમ કે સર્વ દીની ચીજો : છ કલમા, કુર્આન શરીફના ૩૦ પારા, ઈલ્મે હદીષ અને હદીષના પ્રકારો તથા કિતાબો, શરીઅત તથા તરીકતના ચાર સિલસિલા, હનફી, શાફઈ અથવા કાદરી, ચિશ્તી વગેરે, જીભ વડે નમાઝની નિય્યત, વિમાન થકી હજ્જની સફર અને આધુનિક વૈજ્ઞાનિક હથિયારો વડે જેહાદ વગેરે અને દુનિયાની સર્વ ચીજો : પુલાવ, જરદો, પોસ્ટ ઓફીસ, રેલ્વે વગેરે બિદઅતો છે જે હુઝૂરના પછી શોધાઈ તે હરામ હોવી જોઈએ, જ્યારે કે એને કોઈ હરામ નથી કહેતું.

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## ★ સિજદએ શુક્ર ★

એની રીત પણ તેવી જ છે કે જેવી તિલાવતના સિજદાની છે.

**મસ્અલો** : બાળક પેદા થયું કે ખોવાયેલો માલ કે ખોવાયેલી ચીજ મળી ગઈ કે બીમાર સાજો થઈ ગયો કે મુસાફર હેમખેમ ઘરે પરત આવી ગયો અથવા બીજી કોઈ નેઅમત મળી તો શુક્રનો સિજદો કરવો **મુસ્તહબ** છે.

## ★ ક્રિઆત ★

એટલે કે કુર્આન શરીફ પઢવાનું બયાન :–

**મસ્અલો** : **ક્રિઆતમાં એટલો અવાજ હોવો જોઈએ** કે જો બેહરો ન હોય અને શોર બકોર ન હોય તો પોતે સાંભળી શકે, અને **જો એટલો પણ અવાજ નથી નીકળી શક્યો તો નમાઝ ન થઈ.** એવી જ રીતે જે જે કામમાં બોલવાની બાબત છે તો દરેકમાં એટલો અવાજ જરૂરી છે. દા.ત. જાનવર હલાલ કરતી વેળા "બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર" કહેવામાં, તલાક દેવામાં તેમજ સિજદાની આયત પઢવાથી સિજદો વાજિબ થવા માટે એટલો અવાજ જરૂરી છે કે પોતે સાંભળી શકે. *(મરાકિઉલ ફલાહ વગેરે)*

**મસ્અલો** : ફજર, ઈશા અને મગરિબની પહેલી બે રકાતોમાં અને જુમ્આ, ઈદો, તરાવીહ અને રમઝાન શરીફના વિત્રોમાં ઈમામે અવાજથી પઢવું (જહર) વાજિબ છે અને ઈશાની પાછલી બે રકાતોમાં (ત્રીજી અને ચોથીમાં) તથા મગરિબની ત્રીજી રકાઅતમાં, ઝહોર અસરની ચારેય રકાતોમાં ધીમે પઢવું વાજિબ છે.

**મસ્અલો** : "જહર"નો અર્થ એ છે કે એટલા અવાજે પઢવું કે ઓછામાં ઓછું પહેલી સફના માણસો સાંભળી શકે. અને આહિસ્તા ધીમેથીનો મતલબ એ કે પોતે જાતે જ સાંભળી શકે.

**મસ્અલો** : એવી જ રીતે પઢવું કે નજીકના એક–બે માણસો સાંભળી શકે એ જહર ગણાશે નહીં બલ્કે "સિર" (ધીમેથી) ગણાશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : "જહરી" નમાઝોમાં એકલા માણસને પોતાને અધિકાર છે કે ચાહે તે જોરથી પઢે કે ચાહે આહિસ્તા અને અફઝલ "જહર" છે.

**મસ્અલો** : જો "મુનફરિદ" (એકલો પઢનાર) કઝા નમાઝ પઢે તો તેણે દરેક નમાઝમાં આહિસ્તા પઢવું વાજિબ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલો** : આહિસ્તા–ધીમે પઢી રહ્યો હતો કે બીજો માણસ આવી સામેલ થઈ ગયો તો જે બાકી છે તેને "જહર"થી પઢે અને જે પઢી ચૂક્યો છે તેને ફરી ન પઢે.

**મસ્અલો** : સૂરત મેળવવાનું ભૂલી ગયો અને રુકૂઅમાં યાદ આવ્યું તો ઊભો થઈ જાય અને સૂરત મેળવી પછી ફરીથી રુકૂઅ કરે અને છેવટે સહવનો સિજદો કરે અને જો બીજીવાર રુકૂઅ કરશે નહીં તો નમાઝ નહીં થાય. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : હજરમાં જ્યારે કે સમય તંગ ન હોય તો સુન્નત એ છે કે ફજર અને ઝહોરમાં તિલાવતે મુફસ્સલ પઢે અને ઈશામાં અવસાતે મુફસ્સલ પઢે અને મગરિબમાં કિસારે મુફસ્સલ પઢે પછી ભલે ઈમામ હોય કે મુનફરીદ. (હજર એટલે મુસાફરીમાં ન હોવું). *(દુર્રે મુખ્તાર)*

**ફાયદો** : સૂરએ હુજુરાતથી સૂરએ બુરૂજ સુધીની તિલાવતે મુફસ્સલ કહેવાય છે અને સૂરએ બુરૂજથી **લયકુનિલ્લઝી** સુધીની અવસાતે મુફસ્સલ અને **લમયકુનિલ્લઝીન**થી છેવટ સુધીની સૂરતો કિસારે મુફસ્સલ કહેવાય છે.

**મસ્અલો** : સફરમાં જો શાંતિ અને ચૈન હોય તો

સુન્નત એ છે કે ફજર અને ઝહોરમાં સૂરએ બુરૂજ અથવા એના જેવી સૂરતો પઢે. અને અસર અને ઈશામાં એનાથી નાની. અને મગરિબમાં કિસારે મુફસ્સલની નાની સૂરતો પઢે અને ઉતાવળ હોય તો દરેક નમાઝમાં જે ઈચ્છે તે પઢે. *(આલમગીરી)*

**મસ્અલો** : ઈજતેરારી હાલતમાં જેમ કે વખત જતો રહેવાની બીક હોય અથવા ચોર કે દુશ્મનનો ભય હોય તો જે ઈચ્છે તે પઢે, સફરમાં હોય કે મુકામી હોય, ત્યાં સુધી કે જો નમાઝમાં વાજિબ અદા નથી કરી શકતો તો તેની પણ છૂટ છે. દા.ત. ફજરનો સમય એટલો ભરાઈ ગયો કે ફક્ત એક એક આયત પઢી શકાય તેટલો જ સમય છે તો એવું જ કરે. *(દુર્રેમુખ્તાર, રદ્દુલ મુહ્તાર)* પરંતુ સૂર્ય ઊગી ઊંચો જવા પછી (સૂર્યોદય પછી ૨૦ મિનિટ પછી) એવી નમાઝને ફરીથી પઢવી. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : ફજરની સુન્નતો પઢવામાં જમાઅત જતી રહેવાનો ડર હોય તો ફક્ત વાજિબોથી જ સુન્નત નમાઝ ટૂંકાવી પઢે, ષના, અઊઝુ, ને છોડી દે, રુકૂઅ અને સિજદામાં એક એક વખત તસ્બીહ પઢી લે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : વિત્રમાં હુઝૂર ﷺએ પહેલી રકાતમાં **સબ્બિહિસ્મરબ્બિકલ આઅલા** પઢી અને બીજીમાં **કુલ યા અય્યુહલ કાફિરન** અને ત્રીજી **કુલ હુવલ્લાહુ અહદ** પઢી માટે બરકતને ખાતર કદી કદી એને પણ પઢવી. અને કદી પહેલી રકાતમાં **સબ્બિહિસ્મ**ની જગાએ **ઈન્ના અન્ઝલ્નાહુ** પઢવી.

**મસ્અલો** : કુર્આન શરીફ ઉલ્ટું (અવળું) પઢવું મકરૂહે તહરીમી છે. દા.ત. એવું કે પહેલી રકાતમાં **કુલ યા અય્યુલ કાફિરુન** પઢવી અને બીજીમાં **અલમ તર કયફ** પઢવી એ નાજાઈઝ છે. પરંતુ જો ભૂલથી પઢી તો કોઈ વાંધો નથી.

**મસ્અલો** : બાળકોને સહેલાઈ ખાતર અમ્માનો સિપારો અવળો પઢાવવામાં વાંધો નથી. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : જો ભૂલથી બીજી રકાતમાં પહેલી રકાતમાં પહેલી સૂરત કરતાં પહેલાંની શરૂ કરી દીધી તો તેને જ પૂરી કરે, ભલે એક જ શબ્દ હોય, અને યાદ આવે તો એને છોડી બીજી પઢવાની ઈજાઝત નથી. દા.ત. પહેલી રકાતમાં **કુલ યા અય્યુહલ કાફિરૂન** પઢયા અને બીજીમાં **અલમતર** ભૂલથી શરૂ કરી દીધી તો એને જ પઢે.

**મસ્અલો** : વચમાંથી એક જ સૂરત છોડીને પઢવી મકરૂહ છે. પરંતુ વચ્ચેની સૂરત પહેલી કરતાં મોટી હોય તો છોડી શકે છે. દા.ત. **વત્તીન** પછી **ઈન્ના અન્ઝલ્ના** પઢવામાં વાંધો નથી, પરંતુ **ઈજાઝાઅ** પછી **કુલ્હુવલ્લાહ** પઢવી નહીં. *(રદ્દુલ મુહ્તાર વગેરે)*

**મસ્અલો** : બેહતર એ છે કે ફરજ નમાઝોમાં પહેલી રકાતની ક઼િરાઅત બીજી રકાત કરતાં કંઈક અંશે લાંબી હોય અને ફજરમાં તો પહેલી રકાતમાં બે તૃતિયાંશ ભાગની અને બીજીમાં એક તૃતિયાંશ ભાગની હોય. *(આલમગીરી)*

**મસ્અલો** : જુમ્આ અને ઈદોની પહેલી રકાતમાં **સબ્બિહિસ્મ** અને બીજીમાં **હલ્અતાક** પઢવી સુન્નત છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : સુન્નતો અને નફ્લોની બંને રકાતોમાં સરખી સૂરતો પઢવી. *(મુનિયા)*

**મસ્અલો** : નફ્લોની બંને રકાતોમાં એક જ સૂરત પઢવી અથવા એક જ રકાતમાં એ જ સૂરતને વારંવાર પઢવી કોઈપણ જાતની શંકા વિના જાઈઝ છે. *(ગુનિયા)*

## ★ ક઼િરાઅતમાં ભૂલ થઈ જવાનું બયાન ★

એમાં સર્વમાન્ય કાયદો એ છે કે જો એવી ભૂલ થઈ કે જેના કારણે અર્થ–મીનિંગ બગડી જાય તો નમાઝ તૂટી ગઈ, નહીં તો નહીં.

**મસ્અલો** : એક (હરફ) અક્ષરની જગ્યાએ બીજો અક્ષર પઢવો જો એ કારણે હોય કે જીભ વડે તે અક્ષર બોલાતો જ નથી તો લાચાર છે એણે એ **અક્ષર બોલવા ઉચ્ચાર કરવા કોશિશ કરવી જરૂરી છે અને જો બેપરવાઈના કારણે છે જેવી રીતે કે આજકાલ ઘણાય હાફિઝો અને આલિમો ઉચ્ચાર કરી શકવા શક્તિમાન હોવા છતાં વગર વિચાર્યે**

**અક્ષર બદલી નાંખે છે** તો જો અર્થ બગડતો હોય તો **નમાઝ ન થઈ.** એ રીતની જેટલીય નમાઝો પઢી હોય તો કઝા પઢવી જરૂરી છે.

<u>મસ્અલો</u> : તોય, તે સીન–ષે–સ્વાદ, ઝાલ–ઝે–ઝોય, અલિફ–હમ્ઝા–ઐન, નાનો હે મોટો હે, દ્વાદ–ઝોય–ઝાલ આ અક્ષરોમાં સાવચેતીપૂર્વક ઉચ્ચારનો તફાવત રાખવો, નહીં તો અર્થ બદલાઈ જતાં નમાઝ થશે નહીં.

કેટલાક તો સીન–શીન, ઝે–જીમ, મોટો કાફ–કાફ (નાનો)માં પણ તફાવત કરતા નથી. *(બહારે શરીઅત)*

<u>મસ્અલો</u> : **જેનાથી અક્ષરો ઠીક ઠીક ઉચ્ચાર (મખરજ) થતો નથી તેના ઉપર વાજિબ છે કે તે અક્ષરોના (હરફો) સહીહ સાચી રીતે ઉચ્ચારો શીખવાની રાત–દિવસ પૂરી કોશિશ કરે અને સહીહ પઢવાવાળાઓની પાછળ પઢી શકતા હોય તો જ્યાં સુધી બની શકે ત્યાં સુધી તેમની પાછળ પઢે. અથવા તે આયતો પઢે કે જેને સહીહ પઢી શકતો હોય અને આ બંનેવ વાતો શક્ય ન હોય તો જેટલો સમય કોશિશમાં રહેશે તેટલા સમયની એની પોતાની નમાઝો અદા થઈ જશે અને એની પાછળ એના જેવા બીજાઓની પણ.** *(દુર્રેમુખ્તાર, રદ્દુલ મુહ્તાર, બહારે શરીઅત વગેરે)*

<u>મસ્અલો</u> : જેણે **સુબ્હાન રબ્બિયલ અઝીમ**માં **અઝીમ**ને **અઝીમ** એટલે **ઝોય**ને બદલે ઝે પઢી નાખ્યો તો નમાઝ તૂટી ગઈ માટે જેનાથી **અઝીમ** સહીહ પઢાતું ન હોય તે **સુબ્હાન રબ્બિયલ કરીમ** પઢે.

## ★ નમાઝની બહાર કુર્આન શરીફ પઢવાનું બયાન ★

<u>મસ્અલો</u> : કુર્આન શરીફ ઘણા જ સારા અવાજથી પઢવું જોઈએ પરંતુ ગાવાની રીતે નહીં કે એ નાજાઈઝ છે. બલ્કે તજવીદના કાયદાઓનો ખયાલ રાખે.

<u>મસ્અલો</u> : કુર્આન મજીદને જોઈને પઢવું મોઢે પઢવાથી અફઝલ છે. *(આલમગીરી)*

<u>મસ્અલો</u> : મુસ્તહબ એ છે કે વુઝૂ સાથે કિબ્લા તરફ મોઢું કરી સારાં સફાઈદાર કપડાં પહેરી પઢવું અને પઢવાની શરૂઆતમાં **અઊઝુબિલ્લાહ** પઢવું વાજિબ છે. સૂરતની શરૂઆતમાં બિસ્મિલ્લાહ પઢવી સુન્નત છે, નહીં તો મુસ્તહબ છે. જો કોઈક આયત પઢવા ઈચ્છે છે અને એ આયતની શરૂઆતમાં કોઈક એવો અલ્ફાઝ છે કે જે અલ્લાહ તઆલાની તરફ રજૂ થાય છે. જેમ કે **"હુવલ્લહુલ્લઝી લાઈલાહ ઈલ્લાહુવ"** તો આવી હાલતમાં **અઊઝુબિલ્લાહ** પછી **બિસ્મિલ્લાહ** પઢવી જરૂરી મુસ્તહબોમાંથી છે. વચમાં કોઈક દુનયવી કામ કરવામાં આવે તો **અઊઝુબિલ્લાહ** અને **બિસ્મિલ્લાહ** ફરીથી પઢી લેવી અને દીની કોઈ કામ કર્યું જેમ કે સલામનો જવાબ આપ્યો કે અઝાનનો જવાબ આપ્યો કે **સુબ્હાનલ્લાહ** કહ્યું કે કોઈ કલેમા શરીફ વગેરે ઝિક્રો પઢયા તો **અઊઝુબિલ્લાહ** ફરીથી પઢવાની નથી. *(ગુન્યા વગેરે)*

<u>મસ્અલો</u> : સૂરએ બરાતથી જો તિલાવત શરૂ કરી તો **અઊઝુબિલ્લાહ** અને **બિસ્મિલ્લાહ** પઢી લે, પરંતુ જો તિલાવત કરતાં કરતાં વચમાં સૂરએ બરાત આવી તો **બિસ્મિલ્લાહ** પઢવાની જરૂરત નથી. અને **આ વાત લોકોમાં મશ્હૂર છે કે, "જો તિલાવતની શરૂઆત સૂરએ બરાતથી કરવામાં આવે તો પણ બિસ્મિલ્લાહ ન પઢવી, એ બિલકુલ જૂઠ છે એવી રીતે આ વાત પણ પાયા વિનાની છે કે "જો તિલાવતની વચમાં સૂરએ બરાત આવે તો પણ અઊઝુબિલ્લાહ પઢવી."** *(બહારે શરીઅત)*

<u>મસ્અલો</u> : ત્રણ દિવસથી ઓછા સમયમાં એક વખત કુર્આન મજીદ પૂરું કરવું સારું નથી. *(આલમગીરી)*

<u>મસ્અલો</u> : જ્યારે કુર્આન શરીફ પૂરું થાય તો ત્રણવાર **કુલહુવલ્લાહુ અહદ** પઢવું બેહતર છે.

<u>મસ્અલો</u> : જો પગ વાળી ટૂંકાવી લીધા હોય અને મોં ખુલ્લું હોય તો સૂતાં સૂતાં કુર્આન મજીદ પઢવામાં વાંધો નથી. એવી જ રીતે ચાલતાં ચાલતાં કે કામકાજ કરતાં કરતાં પણ તિલાવત જાઈઝ છે, જ્યારે કે દિલ લાગતું હોય. ઈધર–ઉધર બીજા કામોમાં દિલ પરોવાઈ જતું ન હોય, નહીં તો મકરૂહ છે. *(ગુન્યા)*

# ''અલ્લામા મુશ્તાક અહમદ નિઝામી'' યાને પાસબાને મિલ્લત પે લાખો સલામ !

રજૂ. **હઝરત અલ્લામા મુફ્તી વલી મુહમ્મદ રઝવી** (બાંસની, રાજસ્થાન)

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી બરકાતે ખ્વાજા)*

**તાજદારે ઈલ્મો હિકમત હઝરત મુશ્તાક થે**
**પાસબાને દીનો મિલ્લત હઝરત મુશ્તાક થે**
**કાંપતી થી નજદિયત ઉન્કે મુબારક નામસે**
**કાતેએ શિર્કો જહાલત હઝરત મુશ્તાક થે**

અલ્લાહના ફઝ્લો કરમથી અને નબી કરીમ ﷺની નઝરે ઈનાયતથી અહલે સુન્નત વ જમાઅતમાં એકથી એક કાઈદ, મુફક્કિર, મુહક્કિક, લેખક તથા અનોખા અનોખા ફઝ્લો કમાલવાળા હઝરાત એટલી અઢળક સંખ્યામાં છે કે ગણત્રી કરવા બેસીએ તો કેટલીયે કિતાબો તૈયાર થઈ જાય ! જેમના કલમની સિયાહી તથા જીભના શબ્દોએ એ કામ કર્યું કે દિલોની દુનિયા પર એક મહાન ઈન્કિલાબ ખડો કરી આપ્યો. આપણા બુઝુર્ગોના નિશાનો પાનાંઓ પર પણ ચમકી રહ્યાં છે અને દિલો પર પણ અંકિત છે. તેમના ખુલૂસે એ ઈતિહાસ રચ્યો છે કે સમયના ચક્રની એના પર કોઈ અસર થશે નહીં. જેવી રીતે હયાતીમાં તેઓ મંઝિલ ભણી કદમ વધારનારાઓના માર્ગદર્શક હતા તેમ વિસાલ પછી પણ હક્કની તલાશ કરનારાઓના પેશવા તથા લીડર છે.

એ અજોડ શખ્સિયતોમાંથી એક વિશિષ્ટ હસ્તી ખતીબે મશ્રિક, પાસબાને મિલ્લત અલ્લામા મુશ્તાક અહમદ નિઝામી رحمۃ اللہ علیہની છે જેમનાં કારનામાં અંજામ આપ્યાં છે એનાથી સુન્નિયતના ગુલશનમાં વસંત ખીલી અને વહાબિયતના કિલ્લામાં હલચલ મચી ગઈ, બલ્કે વહાબિયતની ખેતિ માટે એ પાનખર ઋતુ સાબિત થયાં ! આપની ઝબાન તથા કલમે હક્ક તથા બાતિલના વચ્ચે એ ભેદરેખા ખેંચી આપી કે જે પણ આપની મજલિસોમાં રહેતો તે મજબૂત સુન્ની જ નહીં બલ્કે સુન્ની બનાવનાર બની જતો. આપની કિતાબો તથા પુસ્તિકાઓનો હક્ક તથા ઈન્સાફની નજરથી અભ્યાસ કરનાર વહાબિયત નજદિયતથી બેઝારી જ નહીં બલ્કે એ બેદીનો સાથે પંજો લડાવવાની કોશિશ પણ કરી શકે છે.

આજે વહાબિયત નજદિયત ક્યાંક સ્કૂલ કોલેજ તો ક્યાંક હોસ્પિટલના થકી સુન્નિયત પર છાપા મારવાનું કામ કરી રહી છે જેથી ઓછા પઢેલા, ભોલા ભાલા સહીહુલ અકીદા મુસલમાન અવામના અકીદાઓ પર રહનુમા બનીને લૂટફાટ કરી રહી છે. તો આવા નાઝુક સમયે વિદ્વાન તથા શાણી વ્યક્તિઓ માટે જરૂરી થઈ જાય છે કે પાસબાને મિલ્લતની પધ્ધતિને અપનાવીને બાતિલને દરેક ક્ષેત્રે પછાડીને નિરાશ કરવાના માટે મર્દાનગી તથા દલીલની ઝિંદાદિલીથી કામ લે અને આપની કલમના અણમોલ નુસ્ખાઓ તથા અજોડ કલમી સરમાયાને વધુમાં વધુ અભ્યાસમાં રાખીને ભણેલા ગણેલા લોકો સુધી એ કલમી તથા કિંમતી સરમાયો પહોંચાડે જેથી અવામે અહલે સુન્નત નજદિયત તથા વહાબિયતના મકરૂહાત તથા અકીદાની ગંદકીઓને દિવસના અજવાળામાં જ નહીં બલ્કે રાતના અંધકારમાં પણ જોઈ લે.

આ દૌર ઘણો જ પુર ફિતન છે અમુક સૌને ખુશ રાખવાવાળી માન્યતાવાળા મીઠી મીઠી વાતો વડે દિલોને લોભાવવા ચાહે છે પણ જરૂરતના સમયે કડવી દવા પણ બીમારના માટે બેહદ જરૂરી છે અને તેજ અધિક લાભદાયી હોય છે.

હા, તે ખિતાબતના મેદાનનો સેનાપતિ હતો, તે બોલતો હતો તો મર્દ મુજાહિદનું ગરમ ખૂન તેની રગોમાં વીજળીક ગતિમય બની જતુ હતું, તેના ચહેરા પર ફારૂકી અઝમત તથા જલાલની રેખાઓ ખેંચાઈ જતી હતી. ગોલાબાઝાર મુબારકપુરના એક જલસામાં હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہએ હઝરત નિઝામી સાહબનો પુરજોશ તઆરુફ (ઓળખ) કરાવતાં ફર્માવ્યું હતું, ''મૌલના મુશ્તાક અહમદ નિઝામી વર્તમાનકાળના મૌલાના હિદાયત રસૂલ લખનવી છે !'' *(નૂરે મુસ્તફા, પટનાકા પાસબાને મિલ્લત નંબર, પેજ-૯૨)*

એકવાર મુબારકપુર ગોલાબાઝારમાં તક઼રીર થઈ રહી હતી, કેટલાયે લોકોએ એક દેવબંદીને એવું કહેતાં સાંભળ્યો કે, **"જો અમારા લોકોમાં આવો મુક઼ર્રિર હોત તો અમે લોકો સોના વડે તોલી કાઢત."** *(પાસબાને મિલ્લત નંબર, પેજ–૧૦૦)*

હવે અમુક પાસબાને મિલ્લતના ઈલ્મી તથા ઈસ્લાહી પાસાનો અભ્યાસ કરો. તે ફર્માવે છે !

**"જો લોહીના એક ટીપામાં મુસ્તફા ﷺની વફાદારીની ભાવના છે તો તમારું ઈમાન અલ્લાહ તથા રસૂલના દુશ્મન (વહાબી દેવબંદી વગેરે)થી નફરત તથા ઘૃણા અનુભવશે. ખુદા ન ખ્વાસ્તા જો ઈમાનના સંબંધ પર લોહીનો સંબંધ સવાર થઈ ગયો છે અને દીનના કરતાં કાકા, મામા, ભાઈ, ભાણીયા, ભત્રીજા, પૂત્રી, જમાઈ પ્રિય છે તો યક઼ીન કરી લો કે આપ ઈમાનથી અને ઈમાન આપનાથી માઈલો દૂર થઈ ચૂક્યું છે, જેથી કાલે સાકીએ કૌષર ﷺથી હશ્રના મેદાનમાં પાણી ન માંગશો."** *(પેજ–૮૬)*

આપની વિવિધ કિતાબોનાં અમુક લખાણો વાંચો અને પાસબાને મિલ્લતના ક઼લમી કમાલનો અંદાઝો લગાડો.

"મોલ્વી આશિક ઈલાહી મેરઠી (દેવબંદી) એ કહ્યું છે ! **મહાન અલ્લાહની કસમ ! મૌલાના થાનવીના પગો ધોઈને પીવા આખેરતની જન્નતો પામવાનો સબબ છે."★** *(હવાલો ! તઝકેરતુર્રશીદ, પેજ–૧૧૩)*

**નોંધ** : ચાલો ! દરેક કામથી છૂટકારો મળી ગયો ! હવે રોઝા, નમાઝ, હજ્જ, ઝકાત કશાય ની પણ જરૂરત નથી ! પગોને ધોઈને પી લો, નહીં તો થાનાભુવન જઈને કબર ચાટો અથવા એકવારને બદલે બે ચાર વાર ધોઈને પી લો અને સીધા ચાલ્યા જાવ ! કમીશનવાળી તબ્લીગની ભાગદોડથી છૂટકારાનો સારો નુસ્ખો હાથ લાગ્યો ! *(પેજ–૫૩)*

તઝકેરતર્રશીદ, ભાગ–૧, પેજ–૩ ૫ર છે : "બસ ! બેનઝીર (અજોડ) શયખે વક઼્ત અને બેઅદીલ (અજોડ) કુત્બે ઝમાંની સવાનેહ (જીવન વૃતાંત) કોઈ લખે તો શું લખે ! ભલા જે નૂરે મુજસ્સમ તથા માથાથી પગ સુધી કમાલનું અંગે અંગે તથા રુંવાટી રુંવાટી એવી હસીન હોય કે જીવનભર તાકી તાકીને જોયા કરવાથી પણ તૃપ્તિ ન થાય ! તેની કોઈ ખૂબીઓ બયાન કરે તો શું બયાન કરે !"

**વિવેચન** : ફર્માવ્યું : શું દેશી કાળો કાગડો ખાતાં ખાતાં મૌલાના ગંગોહી તો નૂરે મુજસ્સમ (નૂરનું પૂતળુ) થઈ ગયા હતા ! **કદાચ એટલા માટે જ ગંગોહી મહાશયે કાગડાને ન કેવળ જાઈઝ** બલ્કે **તેને ખાવું સવાબનું કામ ફર્માવ્યું હતું ! હવે જાણવા મળ્યું કે કાળો કાગડો ખાનાર "નૂરે મુજસ્સમ" થઈ જાય છે !** અને તેના **શરીરનું રુંવે રુંવું એવું સુંદર થઈ જાય છે કે જીવનભર જોવા છતાં ધરાવાતું નથી !** આવું તો કેવળ તે જ કહી શકે છે કે **જેણે ગંગોહી મહાશયના શરીરના દરેક દરેક વાળ (રુંવે રુંવા) ને જોવાનું સદ્‌ભાગ્ય હાંસલ કર્યુ હોય !** *(ઈન્કેશાફત, પેજ–૫૪)*

જેવી રીતે દુનિયાની અન્ય જમાઅતો પોતાની જ માન્યતાઓના પ્રચારને કા'બા પામવા સમાન સમજે છે એ જ પ્રમાણે આપણી (સુન્ની) જમાઅતના લોકોને પણ આપણા જ મિશન તથા આયોજન પ્રતિ દિલી લગન હોવી જોઈએ. અહલે સુન્નતના મસાઈલ (સમસ્યાઓ)થી દૂર રહેવું અને દૂર દૂરની (નિરર્થક) ચર્ચાઓ તથા વિષયોમાં દિલચસ્પીને દિમાગ તથા ચિંતનની બેરાહ રવી (ગલત ક઼દમ ભરવું) સમજો અથવા મુનાફિક઼પણાનો આ'લા નહીં તો અદના દરજો ઠરાવશો. એવા લોકો જમાઅતનું કોઈ રચનાત્મક કાર્ય અંજામ નથી આપી શક્તા. *(ઈન્કેશાફાત, પેજ–૧૧૫)*

પાસબાને મિલ્લતની જીવન મૂડી રસૂલે કૌનેન ﷺની ઉમ્મત તથા તેમની ચમક્તી કૌમના માટે વક઼્ફ હતી. જેની જિંદગીની એક એક પલ રસૂલે પાકની અઝમત (મર્તબા, ઈજ્જત) ની રક્ષા તથા રસૂલના દુશ્મનોનાં સર કચડવામાં અને કૌમની નિગેહબાનીમાં ગુજરી.

આ ચમક્તા નમૂના આજના બગડેલા માહોલમાં તે બેલગામ ક઼લમકારોના માટે ઈબ્રત તથા નસીહતનાં મોતી છે જેઓ સસ્તી લોકપ્રિયતાની તલબમાં એવાં

★ અહીં પોતાના પેશવા માટે દેવબંદી મોલ્વી આશિક ઈલાહી મેરઠીનો અક઼ીદો છે અને મજબૂત અક઼ીદો છે જેથી ખુદાની ક઼સમ સાથે કહે છે કે, "આ દેવબંદી પેશવા જેમણે હુઝૂરના ઈલ્મને બાળકો, પાગલો જાનવરો જેવો દર્શાવ્યો છે, તે **મોલ્વી અશ્રફઅલી થાનવીના પગો ધોઈને તે ધોવણ પી જવું આખેરતમાં જન્નતો મળવાનો સબબ છે !** આ તેમનો પોતાનો મોલ્વી પેશવા માટેનો અક઼ીદો છે. હવે આવો ! રસૂલેપાક઼ માટે તેઓ શું માને છે તે જુઓ ! :– *(અનુસંધાન પેજ નં. ૧૯ ૫ર....)*

લખાણો કદી કદી પ્રસિધ્ધ કરી નાખે છે જે મહાન બુઝુર્ગોની કેડી સાથે કદી પણ મેળ નથી ખાતાં. તેઓએ ગંભીરતાપૂર્વક વિચારવું જોઈએ કે મહાન બુઝુર્ગોથી સંબંધ કટ કરીને અને પબ્લિકનો તેમનાથી અક઼ીદતમંદીભર્યો સંબંધ કમજોર કરીને કૌ઼મના કા઼ઈદ (લીડર) બનવું મુશ્કેલ છે. એવા લોકો માટે આટલું જ પૂરતુ છે કે જલ્દીથી પોતાની ભૂલ તથા ખતાનો સાચા દિલથી સ્વીકાર કરી અહલે સુન્નતની એકતાની શક્તિને પ્રદર્શિત કરે. શર્મિંદગી તથા તૌબાથી મોમિનનો વક઼ાર વધે છે, તેની શાન બમણી થઈ જાય છે. જો તેમણે એવું કર્યું તો મહાન ઉલમા તેમને ખૂબ પ્રોત્સાહિત કરશે.

મૌલા તઆલા આપણને સૌને આપણા પૂર્વજ બુઝુર્ગો પેશવાઓના દામનથી જોડાયેલા રાખે, તેમનાં કારનામાંઓને લોકો સમક્ષ રાખવાનો જઝબો અતા ફર્માવે અને તેમની હિદાયતો તથા પૈગામોને દીવાદાંડી બનાવવાની તૌફીક઼ અતા ફર્માવે. તેમજ નફરત તથા શૈતાનના ફિત્ના તથા ફસાદ તેમજ નફસ તથા શૈતાનના ગુલામોના ફસાદથી મેહફૂઝ રાખે. આમીન

---

*(પેજ નં. ૧૮નું ચાલુ.....)* દેવબંદીઓની કિતાબ "તક઼વિયતુલ ઈમાન" (લેખક : મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી દેવબંદિયતનો જન્મદાતા, ગુજરાતી અનુવાદક–હસન ભડકોદ્રવી, પ્રકાશન નં. ૯૬, પ્રકાશક : દારુલ ઉલૂમ અરબિય્યા ઈસ્લામિયા ભરૂચ–કંથારીયા) માં લખ્યું છે કે, "આખા જગતનો વહીવટ અલ્લાહ તઆલાની ઈચ્છાથી જ પાર પડે છે, **રસૂલના ઈચ્છવાથી કશું થતું નથી !** ગૈબની વાત અલ્લાહ જ જાણે છે **રસૂલને એની શી ખબર ?!** *(તક઼વિયતુલ ઈમાન ગુજરાતી, પેજ નં. ૬૫)*

**ન્યાય કરો !** : અહીં કહે છે રસૂલના ઈચ્છવાથી કશું થતું નથી ! જ્યારે તેમના મોલ્વીનો એ કમાલ કે તેના ઈચ્છવાની વાત નથી, ફક્ત તેના પગો ધોઈને તે ધોવણ પી જાવ તો આખેરતની જન્નતો મળે ! તે પણ ખુદાની ક઼સમ સાથે કહે છે ! પોતાના મોલ્વીની મહાનતા દર્શાવવા કેટલા યકી઼નની સાથે જણાવ્યું. અને અહીં રસૂલની હૈસિયત તેમની નજીક એ છે કે રસૂલના ચાહવાથી કશું જ નથી થતું ! શું એમણે પોતાના મોલ્વીને રસૂલ કરતાં મહાન દર્શાવ્યો છે કે નથી ? ! ઈન્સાફ કરો !

વળી **દેવબંદી મોલ્વી આશિક ઈલાહીને ઈલ્મે ગયબથી જ તો ખબર થઈ કે થાનવીના પગો ધોઈને પીવાથી જન્નતો મળે છે !** તો પોતાના માટે આ ઈલ્મે ગયબ હોવું તેમણે કશાય ખચકાટ વિના જાહેર કરી દીધું ! જ્યારે રસૂલેપાક ﷺ માટે તેમનો અકી઼દો ઈલ્મે ગયબ વિશે શું છે તે જાણી લો ! હુઝૂર ﷺને ઈલ્મે ગયબ હોવા બાબતે તમે માનો તો મુશ્રિક થઈ જાવ ! સાંભળો કેટલું સાફ લખે છે :–

"એમનું આ ઈલ્મ ઝાતી આપબળે મળેલું યા ખુદાપાકે આપેલું સમજવામાં આવે, હરેક સૂરતમાં આ શિર્કભરી માન્યતા લખાશે." *(તક઼વિયતુલ ઈમાન, પેજ નં. ૩૩, ગુજરાતી અનુવાદક હસન ભડકોદ્રવી)*

વળી પોતાના અંદાજમાં લખે છે : "અલ્લાહ તઆલાએ આપને જ હુકમ ફર્માવ્યો કે, લોકોની સામે પોતાની વિસાત વર્ણવી દો કે, **"મને કાંઈ જ કુદરત નથી"** અને **"હું ગૈબ પણ જાણતો નથી."** મારી કુદરતનો અંદાઝો આટલેથી જ લગાવી લો કે **હું સ્વજાત માટેય નફા નુકશાનનો માલિક નથી !** તો બીજાઓને તો શું લાભ–નુકશાન પહોંચાડી શકવાનો હતો ?....." ગયબ જાણવું એ તો માત્ર અલ્લાહની જ શાન છે." *(તક઼વિયતુલ ઈમાન ગુજરાતી, પેજ નં. ૬૬)*

**ઈન્સાફ કરો !** દેવબંદીઓનો અકી઼દો પોતાના મોલ્વી માટે કેવો છે અને રસૂલે પાક ﷺ માટે કેવો છે ? ! **તેમના મોલ્વી અશરફઅલી થાનવીના ફક્ત પગોના ધોવાણમાં એ પાવર કે આખેરતમાં જન્નતો મળી જાય ! અને રસૂલે પાક ﷺ અન્ય માટે તો ઠીક ખૂદ પોતાના માટે પણ કશાય લાભ–નુકશાનના માલિક નથી !**

શું આ અકી઼દો કોઈ મુસલમાનનો હોઈ શકે છે ? ! કેટલા સ્પષ્ટપણે પોતાની રીતે રસૂલ માટે લખ્યું કે, " હું ગૈબ પણ જાણતો નથી." તથા અલ્લાહના આપવાથી પણ નહીં !" તો શું અલ્લાહ ગયબ જણાવવાથી લાચાર છે ! જ્યારે દેવબંદી મોલ્વીને ગયબથી ખબર થઈ ગઈ કે ખુદાની ક઼સમ સાથે જણાવે છે કે થાનવીના પગના ધોવણથી જન્નતો મળે છે !

નબીઓ માટે તો દેવબંદી અકી઼દો છે કે ," સઘળા અંબિયા અને ઔલિયા એની આગળ " એક તુચ્છ રજકણ" કરતાંયે વધુ તુચ્છ અને અલ્પ છે." *(તક઼વિયતુલ ઈમાન, ગુજરાતી અનુવાદ ! હસન ભડકોદ્રવી, પેજ નં. ૧૪૦)*

આ નબીઓ વલીઓની હૈસિયત તેઓ દર્શાવે છે અને પોતાના મોલ્વીનાં વખાણો કરતી વેળા ભાન ભૂલી જાય છે કે શું લખી રહ્યા છે ! તો એવા ભાન ભૂલેલાઓથી દૂર રહો અને સગાઈ, સંબંધ, દોસ્તી એવાઓ સાથે ન કરો, નહીં તો તમારો અંજામ આખેરતમાં તેમના જેવો જ આવશે. અને તેમનો અંજામ જો તૌબા કર્યા વિના મર્યા તો સિવાય સૌથી આકરી જહન્નમ (નીચલો તબકો) અન્ય કાંઈ જ નથી. અલ્લાહ સૌને સારી અને સાચી સમજ આપે. આમીન

આટલુ વાંચ્યા પછી કહી શકાય છે કે, **"જેના દિલમાં રાઈના દાણા બરાબર પણ ઈમાન હશે, જેના દિલમાં ઈમાનની સહેજ હુંફ બાકી હશે તેનું લોહી ઉકળી ઉઠશે અને આવા ડબલ પોલીસીવાળા મુનાફિકો઼થી જરૂર નફરત તથા બેઝારી જાહેર કરી દેવબંદીઓ વહાબીઓથી રિશ્તા ખતમ કરશે જ.** *(અનુવાદક)*



# કુર્આને કરીમની
## મો'જિઝામય અસરો

:::: રજૂકર્તા :::
**મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**
*(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ખાતિમુલ મુરસલીન રહ્મતે આલમ ﷺ જે રીતે તમામ અંબિયાએ કિરામમાં અફઝલ વ આ'લા છે એ જ રીતે આપ પર નાઝિલ થયેલ કિતાબ કુર્આને મુક્દસ પણ સર્વ આસ્માની કિતાબો તથા સહીફાઓમાં સૌથી અફઝલ અને ઉચ્ચ છે. કુર્આને મુક્દસ પર જેટલું લખવામાં આવ્યું એટલું અન્ય કોઈ આસ્માની અથવા દુનિયવી કિતાબ પર લખવામાં નથી આવ્યું. લખવાવાળાઓમાં મુવાફિક્ (માનવાવાળા) પણ હતા અને મુખાલિફ (વિરોધીઓ) પણ હતા, ઈતિહાસકાર પણ હતા અને બુદ્ધિજીવીઓ પણ હતા. પરંતુ જેણે કુર્આને મુક્દસનું અધ્યયન કર્યું અથવા એના વિશે લખ્યું તે એ કહેવા પર મજબૂર થઈ ગયો કે બેશક ! આ અલ્લાહ તઆલાનું કલામ છે, કોઈ મનુષ્યનું કલામ (વાણી) નથી હોઈ શકતું.

અત્રે કુર્આને મુક્દસની આકર્ષકતા તથા અસરકારકતા વિશે કાંઈક જાણવાનો પ્રયાસ કરીશું.

કુર્આને કરીમના કમાલ, એ'જાઝ તથા તેના અજોડ પ્રભાવને રજૂ કરતાં સાહિબે તફસીરે રૂહુલ મઆની અલ્લામા મહ્મૂદ આલૂસી આયતે કરીમા **وقیل یارض ابلعی ماءک**ની તફસીરમાં ફર્માવે છે :–

''આ આયત કરામત તથા અજાયબીની હદ સુધી પહોંચેલી છે, તેના એજાઝ તથા કરામતની ઉચ્ચતાઓ સામે અરબના મહાન ભાષાના અલંકારશાસ્ત્રીઓની ગરદનો ઝુકી ગઈ છે તથા (આ આયત) એટલી ખૂબીઓ ધરાવે છે કે શબ્દોમાં તેનું વર્ણન નથી કરી શકાતું.

### ★ અરબના મહાન સાહિત્યકારોનો ફેંસલો ★

ત્યારબાદ અલ્લામા આલૂસી લખે છે કે એકવાર અરબના મહાન સાહિત્યકારો તેમજ અલંકારશાસ્ત્રીઓએ કુર્આનની જેવી કડીઓ રજૂ કરવાનો નિશ્ચય કર્યો. ચાલીસ દિવસ સુધી શરાબ, કબાબ દ્વારા પોતાની ફસાહત તથા સાહિત્યની અલંકારિક શક્તિઓને તીવ્ર તથા ઉત્તેજીત કરતા રહ્યા. એકાએક આ આયત (ઉપરોક્ત) તેમના કાનોમાં પડી તો તેઓએ હથિયાર નાખી દીધાં અને કહેવા લાગ્યા : **هذا الکلام لا یشبه کلام المخلوقین** ''આ ક્લામ મખ્લૂક્ના કલામની જેમ નથી.''

અલ્લામા આલૂસી આગળ ફર્માવે છે : ''ઈબ્ને મુકફ્ફઅ'' એક મુલ્હિદ (અધર્મી) જે અબ્બાસી યુગનો એક મશહૂર નામાંકિત આલિમ તથા સાહિત્યકાર હતો. તેના વિશે મશહૂર છે કે તેના યુગમાં સાહિત્ય તથા ફસાહતો બલાગત (ભાષાની અલંકારિકતા)માં તેનો કોઈ બરાબરીયો ન હતો, તેણે ઘણી ભેજાબાઝી બુદ્ધિમત્તા તથા સતત પરિશ્રમ કરી એક સૂરત ઘડી જેથી તેને કુર્આનની તુલનામાં રજૂ કરે. એક દિવસ તે એક મક્તબ (મદરસા) પાસેથી પસાર થયો જ્યાં નાનાં બાળકો કુર્આન યાદ કરી રહ્યાં હતાં. એક બાળક આ આયત **وقیل یارض ابلعی ماءک** પઢી રહ્યો હતો તેને સાંભળીને તે મૌન થઈ અચંબામાં પડી ગયો. તરત જ ઘેર પાછો પહોંચ્યો અને પોતાની લખેલી સૂરત ભૂંસી નાખી અને કહેવા લાગ્યો, ''આ કલામનો મુકાબલો સંભવ નથી.'' *(રૂહુલ મઆની)*

### ★ આ કોઈ માનવીનું કલામ નથી ! ★

જ્યારે કુર્આન મજીદમાં સૂરએ નહલની આ આયતે કરીમા નાઝિલ થઈ :–

**ان الله یامر بالعدل و الاحسان وایتائ ذی القربی**

તો ઈસ્લામના મોટા મોટા દુશ્મનો તેની અજાયબી તથા વ્યાપકતાને નિહારીને દંગ રહી ગયા. ઈકરમા કહે છે કે હુઝૂર ﷺએ આ આયત વલીદ ઈબ્ને મુગીરાને પઢી સંભળાવી તો તેણે કહ્યું, અર્થાત : ''હે

મારા ભત્રીજા ! એકવાર ફરીથી પઢ ! હુઝૂર ﷺએ આયતને બીજીવાર પઢી તો તે ઈસ્લામનો દુશ્મન તથા કુર્આનનો ઈન્કાર કરનાર એવું કહેવા ઉપર મજબૂર થઈ ગયો કે, "ખુદાની કસમ ! આ (કલામ) તો ઘણુ મધૂર છે ! તેનું બાહ્ય રૂપ ઘણુ રંગીન છે, તેનું થડ પાંદડાંવાળુ છે, તેની ડાળીઓ ફૂલોથી ભરપૂર છે. ખુદાની કસમ ! આ કોઈ માનવીનું કલામ નથી." *(ઝિયાઉલ કુર્આન, ૨/૫૯૫)*

કુર્આન તથા પૈગંબરે ઈસ્લામ ﷺની મો'જિઝામય શાન તથા અજોડ આકર્ષકતાના આગળ મક્કાના કાફિરો તથા મુશ્રિકો હજાર કોશિશો કરવા છતાં જ્યારે માત ખાઈ ગયા અને પરાજીત થવા લાગ્યા તો તેઓએ લોકોને આપ ﷺથી દૂર કરવા માટે તથા કુર્આનના પયગામને સાંભળવાથી રોકવા માટે એક અન્ય માર્ગ કાઢયો કે મક્કા શહેરમાં બહારથી આવનાર કોઈ પણ વ્યક્તિને એ પ્રમાણે બેહકાવતા કે તે વ્યક્તિ આપ ﷺની નિકટ જવાનું પસંદ ન કરતો.

આ પ્રકારની ઘટના (પ્રસંગ) તુફૈલ બિન અમ્ર અદ્દૌસીની સાથે પણ પેશ આવ્યો. તુફૈલ "દૌસ" કબીલાના સરદાર હતા. પોતાની અંગત ખૂબીઓના કારણે આખી કૌમ તેમની ઉપર જાન નિછાવર કરતી હતી. તેમના એક ઈશારા પર તેઓ જાન તથા ધનની બાજી લગાવવા તૈયાર થઈ જતા હતા. બુદ્ધિમાન તથા સમજદાર હોવાની સાથે સાથે શેઅરો શાયરીની કાબેલિયત ધરાવતા એક સારા શાયર હતા. તેમના શેઅરો તથા કસીદાઓ સાંભળીને અરબના મોટા મોટા કવિઓ તથા સાહિત્યકારો માથુ ધૂણતા હતા. એકવાર ઉમરા અદા કરવાની નિય્યતથી તેઓ (તુફૈલ બિન અમ્ર અદ્દૌસી) મક્કા આવ્યા. કુરૈશને તેમના આગમનની જાણ થઈ તો કુરૈશના મોટા મોટા સરદારોએ તેમની આગતા સ્વાગતા તથા ખિદમતની ખૂબ હદ કરી નાખી. આખો દિવસ તેમની સાથે ને સાથે લાગેલા રહેતા. તેમને હુઝૂર ﷺથી દૂર રાખવા માટેનો કોઈપણ ઉપાય બાકી ન રાખ્યો. તુફૈલ પોતે બયાન કરે છે કે, જ્યારે હું મક્કા પહોંચ્યો તો ત્યાંના સરદારોએ મને નબીએ કરીમ ﷺના વિરુદ્ધ ભડકાવવાનું શરૂ કરી આપ્યું. મહેરબાન નસીહત કરનારની હેસિયતથી તેમણે મને સમજાવતાં કહ્યું, (અર્થાત) : "તુફૈલ ! તમે અમારા શહેરમાં તશરીફ લાવ્યા, અમારે ત્યાં એક વ્યક્તિ છે જેણે અમને ઘણી મુસીબતમાં મૂકી આપ્યા છે. અમારી એકતાના તેણે ટુકડે ટુકડા કરી નાખ્યા છે. અમારી પરિસ્થિતિઓને કમજોર કરી નાખી છે તેની વાતચીતમાં જાદૂનો અસર છે કે તેણે બાપ બેટાને, ભાઈ ભાઈને તેમજ પતિ પત્નીને એકબીજાથી અલગ કરી નાખ્યા છે. અમને ચિંતા છે કે કાંઈક તમે તથા તમારી કૌમ પણ આ મુસીબતમાં સપડાય ન જાવ ! જેના અમે શિકાર બન્યા છીએ, એટલા માટે અમારી નમ્ર વિનંતિ છે કે તેની સાથે વાતચીત ન કરશો અને કદાપિ તેની કોઈ વાત પણ ન સાંભળશો."

## ★ કુર્આન સાંભળતાં જ ઈસ્લામ સ્વીકારી લીધો ! ★

તુફૈલ પોતાનો કિસ્સો બયાન કરતાં પોતે કહે છે કે, "એક દિવસ હું હરમ શરીફમાં ગયો ત્યાં અચાનક મેં જોયું કે હુઝૂર રહમતે આલમ ﷺ કા'બા શરીફના સામે નમાઝ અદા કરી રહ્યા છે. હું તેમના નજીક જઈને ઉભો થઈ ગયો. અલ્લાહનું ચાહવું કે મારી મરજી વિરુદ્ધ તેના મહબૂબનો અવાજ મારા કાનો સુધી પહોંચી ગયો. જ્યારે મેં હૃદયાકર્ષક કલામ (વાણી) સાંભળ્યું તો મેં પોતાને જ થપકો આપતાં કહ્યું, મારી માંના દિકરાઓ મરે ! ખુદાની કસમ ! હું એક બુદ્ધિજીવી તથા વ્યક્તિ પારખું માણસ છું તો આ વ્યક્તિની વાત સાંભળવાથી મને રોકનાર કોણ છે ?! જો તેણે કોઈ સારી વાત કહી તો સ્વીકારી લઈશ અને જો કોઈ બુરી વાત કરશે તો રદ કરી દઈશ.

આમ વિચારી હું ત્યાં રોકાઈ ગયો. હુઝૂર ﷺએ નમાઝ અદા કરી અને પોતાના ઘરે તશરીફ લઈ ગયા. હું પણ તેમની પાછળ પાછળ ચાલી નીકળ્યો. હુઝૂર ﷺ ઘરમાં પ્રવેશ્યા તો હું પણ ત્યાં પહોંચી ગયો. મેં અરજ કરી કે આપ ﷺની કૌમ મને આપના વિશે

આવું આવું કહે છે, તેઓ મને આપ હુઝૂર ﷺથી ડરાવતા રહ્યા ત્યાં સુધી કે તે બીકથી કે આપ ﷺનો અવાજ મારા કાનોના પડદા સુધી ન પહોંચે માટે મેં મારા કાનોમાં રૂ ખોસી લીધું ! પરંતુ આજે એકાએક આપ ﷺનો અવાજ મારા કાનોમાં પડયો જે મને ખૂબ પસંદ આવ્યો છે જેથી હું હાજર થયો છું. આપ ﷺ મને તમારી દા'વત વિશે કાંઈક બતાવો જેથી તેના વિશે હું કોઈ ફેંસલો કરું.

તુફૈલ કહે છે કે નબીએ મુકર્રમ ﷺએ મને ઈસ્લામ વિશે જાણકારી આપી અને પછી કુર્આને કરીમ પઢીને સંભળાવ્યું. ખુદાની કસમ ! તેનાથી અધિક દિલકશ તથા આકર્ષક કલામ મેં આજ સુધી નથી સાંભળ્યું ! અને ન તો આ દીન (ધર્મ)થી બેહતર અન્ય કોઈ ધર્મને હું જાણતો હતો. મારા દિલે આ દા'વતની અઝમત તથા સચ્ચાઈ સામે સ્વીકૃતિનું માથુ ધરી દીધું અને તે જ સમયે સરકાર ﷺના મુબારક હાથ ઉપર ઈસ્લામની બયઅત કરી અને કલ્મએ શહાદત પઢી લીધો. (સીરતુન્નબવિય્યહ, ઈબ્ને હિશામ, ૧/૪૦૭, ઝિયાઉન્નબી, ૨/૨–૪)

પયગંબરે ઈસ્લામ ﷺની સત્ય દા'વત તથા તેના સ્પષ્ટ પરિણામો જોઈને ખત્તાબના જોશીલા દિકરા ઉમરે કેવો ગુસ્સો તથા ક્રોધ દર્શાવ્યો કે ઈસ્લામને હમેશાં હમેશાં માટે નષ્ટ કરવા માટે તલ્વાર સુધી હાથ જઈ પહોંચ્યો. પરંતુ કુર્આની નગ્માના આકર્ષણે આ કદાવર તથા કાબિલે ફખ્ર (ગર્વના પાત્ર) વીર બહાદુરના દિલો જિગરને પણ નરમ કરી નાખ્યું. જે ઉમરે પોતાની બહેન તથા બનેવીને ઈસ્લામની દા'વત કબૂલ કરવાના કારણે મારી મારીને લોહી લુહાણ કરી દીધાં હતાં પણ સૂરએ તા–હાની પ્રારંભિક અમુક આયતો સાંભળીને તેમના દિલની દુનિયા બદલાઈ ગઈ અને પથ્થર દિલ પીગળી ગયું. આખોમાંથી આંસૂંઓના રેલા વહેવા લાગ્યા અને પછી પરિણામ એ આવ્યું કે દારે અરકમમાં જઈને પૈગંમ્બરે ઈસ્લામના રહમતભર્યા દામનમાં શરણ લઈને જ ચૈન તથા શાંતિની અનમોલ દૌલત પ્રાપ્ત થઈ. કલ્મએ તય્યેબા પઢીને મુસ્તફા ﷺની ગુલામીમાં એ રીતે દાખલ થઈ ગયા કે જીવનભર રસૂલુલ્લાહ ﷺથી જુદાઈ તથા દૂરી માન્ય ન થઈ અને ઈસ્લામની તબ્લીગમાં પોતાની સંપૂર્ણ જિંદગી કુર્બાન કરીને ખુદા તથા રસૂલની રઝા (રાજીપો) પ્રાપ્ત કરી લીધી. અને અઝમત તથા શાનની પરિસ્થિતિ એ બની કે પૈગંબરે રહમત ﷺએ ફર્માવ્યું, "જો મારા પછી કોઈ નબી હોત તો તે ઉમર હોત !" *(ખત્મે નબુવ્વત, પેજ–૪૩)*

## ★ આખો કબીલો મુસલમાન થઈ ગયો ! ★

બયઅતે ઉકબાવાળી હદીષમાં છે કે રસૂલે કરીમ ﷺએ હઝરત મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہને મદીનામાં ઈસ્લામની તબ્લીગ માટે રાખ્યા. એક દિવસ તેઓ અસ્અદ બિન ઝર્રાહની સાથે કબીલએ બની અબ્દુલ્ અસ્હલ તરફ ગયા. જ્યારે તે કબીલાના સરદાર સઅદ બિન મઆઝને એમના આવવાની ખબર મળી તો તેમણે ઉસૈદ બિન હુઝૈરને કહ્યું કે જાવ ! એ બંનેને ડરાવી ધમકાવીને ભગાડો ! હું (અસ્અદ બિન મઆઝ) પોતે આ કામ કરત પરંતુ તમે જાણો છો કે અસ્અદ બિન ઝર્રાહ મારા મોરાય ભાઈ છે, અને હું તેમને કોઈ સખ્ત વાત કહેવા નથી માંગતો. એટલે ઉસૈદ બિન હુઝૈર તેઓની પાસે પહોંચ્યા અને તેમને ધમકી આપી કે જો ખૈર તથા ભલાઈ ચાહતા હોઉ તો અહીંયાંથી તરત જ પરત ચાલ્યા જાવ.

હઝરત મુસ્અબ બિન ઉમેરે તેમને કહ્યું કે થોડી વાત મારી પણ સાંભળી લો, તેને સ્વીકારવી અથવા ન સ્વીકારવી તમારા ઈખ્તેયારની વાત છે. અને પછી હઝરત મુસ્અબ બિન ઉમેરે કુર્આનની તિલાવત શરૂ કરી. ઉસૈદ બિન હુઝૈર પોતાના નેજાને જમીનમાં ખોસી તેના ઉપર ટેક લગાડી સાંભળવા લાગ્યા. થોડી જ વારમાં અંધકારના તમામ પડદાઓ તાર તાર થઈ ગયા ! અને ઈસ્લામની નૂરાનિયત તથા ઉજ્જવળતાએ તેમના દિલ તથા દિમાગને પ્રકાશિત કરી આપ્યાં. ત્યાર બાદ હઝરત ઉસૈદ સઅદ બિન મઆઝને પણ તેમની પાસે લઈ આવ્યા. શરૂમાં તો તેમણે કડકાઈથી વાત કરી પરંતુ થોડીક જ આયતો

કુર્આનની સાંભળીને ઈસ્લામ લઈ આવ્યા. ત્યાર પછી હઝરત સઅદ બિન અયાઝ પોતાના કબીલાઓવાળાઓ પાસે આવ્યા અને કહ્યું કે મારા વિશે તમારો શું અભિપ્રાય છે ?! લોકોએ એક ઝબાન થઈને કહ્યું કે તમે અમારા સરદાર અને અમારામાં સૌથી વધારે બુદ્ધિવાન તથા સમજદાર છો. હઝરત સઅદે તેમને ઈસ્લામ રજૂ કર્યો, અને સાંજ થતાં થતાં આખો કબીલો મુસલમાન થઈ ગયો. (સુબ્હાનલ્લાહ !)

### ★ કેદીને છોડાવવા ગયાને ખૂદ કુફ્રની કેદથી છૂટી ગયા ! ★

હઝરત જુબૈર બિન મુત્ઈમ એક મુશ્રિકનો ફિદયો (કેદીને છોડાવવા માટે આવવામાં આવતું ધન) અદા કરવા માટે હુઝૂર ﷺની પાસે આવ્યા. તે સમયે આપ ﷺ સૂરએ નૂરની તિલાવત ફર્માવી રહ્યા હતા. જ્યારે આપ ﷺ અલ્લાહ તઆલાના આ ઈર્શાદ પર પહોંચ્યા : ان عذاب ربك لواقع ماله من دافع "બેશક ! આપના રબનો અઝાબ જરૂર પેશ આવનાર છે જેને કોઈ રોકનાર નથી." *(સૂ. તૂર, આ. ૭, ૮)*

તો તેમના (જુબૈર બિન મુત્ઈમ) ઉપર એવો ખૌફ તથા ધ્રુજારી છવાઈ ગઈ કે તુરંત જ ઈસ્લામ સ્વીકારી મુસલમાન થઈ ગયા અને કહેવા લાગ્યા કે મને બીક લાગી કે ક્યાંક મારી ઉપર અત્યારે જ અઝાબ નાઝિલ ન થઈ જાય ! *(અહલે સુન્નત કી આવાઝ, અઝમતે કુર્આન વિશેષાંક, પેજ–૧૫૭, ૧૫૮)*

સત્ય હક઼ીક઼ત તો એ છે કે ઘણા કાફિરો એવા હતા જેમનાં દિલોને કુર્આનની સુંદર અજાયબી તથા કરામાતે મોહી લીધા હતા, તેઓ સ્વીકારતા હતા કે આ કોઈ ઈન્સાનનું ઘડેલું કલામ નથી, પરંતુ હસદ તથા ઈર્ષા તેમને સંમતિ આપતી ન હતી કે તેઓ ઈસ્લામ ક઼બૂલ કર્યાનું એલાન કરે.

### ★ કાફિરોના સરદારોની આંત્રિક હાલત ! ★

ઈમામ ઈબ્ને હિશામે પોતાની લખેલી સીરતની મશહૂર કિતાબમાં એક અનોખી તથા આશ્ચર્યજનક ઘટનાનો ઉલ્લેખ કર્યો છે કે હુઝૂર નબીએ કરીમ ﷺ રાત્રે એકાંતમાં કુર્આને કરીમની તિલાવત ફર્માવ્યા કરતા હતા. એક રાત્રે આ રૂહપરવર તિલાવતને સાંભળવાના શોખથી અબૂ સુફિયાન આવ્યા અને છુપી રીતે એક ખૂણામાં સંતાઈ ગયા. ત્યાર બાદ અબૂ જહલ અંધારી રાતનો ફાયદો ઉઠાવી હુઝૂર ﷺથી રૂહને આનંદ આપનારી તિલાવતને સાંભળવા માટે એક મજલિસમાં આવ્યો અને એક ખૂણામાં સંતાઈને બેસી ગયો. તિલાવતે કુર્આને કરીમના આકર્ષણ તથા તેની મનોહરતા એક ત્રીજા કાફિર અખ્નસ બિન શરીકને પણ ન ચાહવા છતાં આ મેહફિલમાં ખેંચી લાવી અને તે પણ છુપી રીતે ક્યાંક બેસી ગયો. ત્રણેય કટ્ટર કાફિર તથા ઈસ્લામના ખૂની દુશ્મનો હતા પરંતુ કુર્આન સાંભળવાના શોખમાં બેઠા હતા ! તેમનામાંથી કોઈને પણ એકબીજાની જાણ ન હતી. રાતભર આ નૂરાની તિલાવત નૂર વરસાવતી રહી. આ ત્રણેવ લોકો કૈફ તથા નશાની મસ્તીમાં ડૂબીને ત્યાં બેસી રહ્યા, ત્યાં સુધી કે સુબ્હ સાદિક થઈ ગઈ. તમામ હાજરજનો પોત પોતાના ઘરે રવાના થયા. રસ્તામાં આ ત્રણેવની મુલાકાત થઈ ગઈ. ત્રણેવ એકબીજાને ધિક્કારવા તથા રોકવા લાગ્યા કે આવી મેહફિલમાં શરીક થવાથી રોકાઈ જાવ ! જો સીધા સાદા તથા ભોળા લોકોને ખબર પડી કે આપણે પણ રાતભર છુપી છુપીને કુર્આન સાંભળીએ છીએ તો તેમનો અક઼ીદો ડગમગુ થઈ જશે. ખબરદાર ! અત્યાર પછી આવી હરકત ન કરશો.

જ્યારે બીજી રાત આવી તો ત્રણેવથી સબ્ર ન થઈ શકી. તિલાવત સાંભળવાની બેચૈની ત્રણેવને ત્યાં ખેંચી લાવી. દરેક એવું સમજતા હતા કે માત્ર તે જ આવ્યો છે, બીજુ કોઈ નથી આવ્યું. કૈફ તથા મસ્તીમાં ડૂબેલી રાત પળભરમાં વીતી ગઈ. પ્રભાતનો ઉજાસ ફેલાવા લાગ્યો. બધાયે ઉઠયા અને ઘરે રવાના થવા લાગ્યા. રસ્તામાં ફરી એકવાર એકબીજાનો સામનો થઈ ગયો. ફરીથી એકબીજાને ધિક્કારવા લાગ્યા અને ફરી પાછી તાકીદ કરી કે હવે પછી આવી ભૂલ ન કરશો ! નહીં તો મૂર્ખ તથા બેવકૂફ લોકો ભટકી જશે.

ત્રીજી રાત્રીએ જ્યારે પોતાની પાંખો ફેલાવી, સમસ્ત કાઈનાત રાત્રીના અંધકારમાં ડૂબી ગઈ.

શોખની ચિંગારી ફરીથી સળગવા લાગી. બેકાબૂ તથા બેઈખ્તિયાર થઈને ફરીવાર ત્રણેવે તે તરફનું રૂખ કર્યું જ્યાંથી અલ્લાહના મહબૂબ ﷺની હૃદયાકર્ષક તથા મનોહર ધૂન તિલાવતે કુર્આનના રૂપમાં સંભળાઈ રહી હતી. આ રાત પણ વહેલી વહેલી સવારની ભેટ થઈ ગઈ. તેઓ ઉઠયા અને ઘરે રવાના થઈ ગયા. રસ્તામાં ત્રણેય ભેગા થઈ ગયા. સખત શર્મિન્દગીના કારણે એકબીજાથી આંખો મિલાવવાની પણ હિંમત ન કરી શકતા હતા. આજે પાકો વાયદો કરી નાંખ્યો કે હવે પછી નહીં આવીશું. **لا نبرح حتی نتعاهد ان لا نعود** અર્થાત : ''આપણે અહીંયાંથી રવાના નહીં થઈએ જ્યાં સુધી કે ફરીવાર અહીંયાં ન આવવાનો પાકો નિશ્ચય ન કરી લઈએ.'' જ્યારે સવાર થઈ અખ્નસ બિન શરીક લાકડી લઈ તેના સહારે સહારે અબૂ સુફિયાનના ઘરે આવ્યા અને તેને કહ્યું, ''મને બતાવ કે જે કલામ તેં મુહમ્મદ ﷺની ઝબાનથી સાંભળ્યું છે તેના વિશે તારી શું રાય છે ?

અબૂ સુફિયાને જવાબ આપ્યો, હે અબૂ ષા'લબા ! (આ અખ્નસની કુન્નિયત છે) ખુદાની કસમ ! અમુક વાતો જે મેં સાંભળી છે તેને હું જાણતો હતો અને તેનો અર્થ પણ હું જાણતો હતો ! પરંતુ અમુક વાતો એવી છે જેને ન તો હું જાણતો હતો અને ન તો હું તેનો અર્થ જાણુ છું. અખ્નસે કહ્યું કે એ જાતની કસમ ! જેની તેં કસમ ખાધી છે, મારો પણ એ જ હાલ છે. ત્યાંથી ફારિગ થઈને અખ્નસ અબૂ જહબના ઘરે ગયો અને તેને પૂછયું.

''હે અબુલ હકમ ! (અબૂ જહલની પહેલાંની કુન્નિયત) જે તેં મુહમ્મદ ﷺથી સાંભળ્યું છે તેના વિશે તારી શું રાય છે ?

અબૂ જહલે કહ્યું, મેં શું ખાક સાંભળ્યું ? હકીકત એ છે કે આપણો અને બનૂ અબ્દે મુનાફનો ઝઘડો એ વાત પર હતો કે કૌમનો સરદાર કોણ છે ? આ માન તથા સરદારી પ્રાપ્ત કરવા માટે તેઓએ (બનૂ અબ્દે મુનાફે) પણ પોતાનું દસ્તરખ્વાન વિશાળ કર્યું અને દરેક ગરીબ મિસ્કીનને ખાવા ખવડાવ્યું અને આપણે પણ તેમને જોઈને બાજી મારવા દસ્તરખ્વાનને વિસ્તાર્યું અને દરેક ગરીબ મિસ્કીનની મહેમાનીની વ્યવસ્થા કરી. તેઓએ પણ લોકોના બોજને ઉઠાવ્યો અને આપણે પણ ઉઠાવ્યો. તેઓએ પણ પોતાની સખાવતથી દરેક માંગનારની જોલી ભરી અને આપણે આ વાતે તેમનાથી આગળ વધીને પોતાની સખાવતનું પ્રદર્શન કર્યું. અને જ્યારે આપણે બે ઘોડાઓની જેમ મુકાબલા માટે ઉભા થઈ ગયા તો તેઓએ એકાએક એલાન કર્યું કે અમારામાંથી એક વ્યક્તિને નબુવ્વત મળી છે અને તેની પાસે આસ્માનથી વહી આવે છે. આપણે (અબૂ જહલ વગેરે) એ દાવો કેમ કરીને કરી શકતા હતા ! ખુદાની કસમ ! અમે તો તેના ઉપર હરગિઝ ઈમાન નહીં લાવીએ અને ન તો તેનું સમર્થન કરીશું. આ સાંભળીને અખ્નસ ઉઠયો અને તેને ગુસ્સે થઈને ખરી ખોટી સંભળાવતો નાસી ગયો. *(અસ્સીરતુન્નબવિય્યહ, ૧/૩૩૭, ૩૩૮)*

આ કુર્આને કરીમની જ અદ્‌ભૂત વિશિષ્ટતાઓ છે કે તેના મધૂર નગ્માઓની અસરથી વિરોધીઓ તથા માનનારાઓ, શિક્ષિતો અને અશિક્ષિતો, દોસ્તો તથા દુશ્મનો પણ પ્રભાવિત થયા વગર ન રહી શક્યા. તેનો પયગામ તથા તેના ઉપદેશો અક્કલ તથા બુદ્ધિમત્તાને સંશોધનો તથા છાનબીનની લિજ્જત આપે છે તથા દિલ તથા રૂહને પણ અપાર ઉમંગથી માલામાલ કરે છે. કુર્આને કરીમના માધુર્યપૂર્ણ વર્ણન, તર્ક તથા દલીલ કરવાની શક્તિ, ફસાહત તથા બલાગત તથા આકર્ષકતા તથા અસરકારકતાના આશ્ચર્યજનક કિસ્સાઓથી તફસીર તથા સીરતની કિતાબો ભરપૂર છે. કયા કયા વાકેઆ તથા ઘટનાને વર્ણન કરવામાં આવે જે આ વાત પર ગવાહ હોય કે આ કલામે રબ્બાનીના નગ્માના આકર્ષણે અરબના સરદારોના પથ્થર દિલોને પણ મીણ કરી આપ્યાં અને તેઓ સચ્ચાઈના એકરારમાં આ પ્રમાણે કહી ઉઠયા :– *''ખુદાની કસમ ! ન તે શેઅર છે ન જાદૂ અને ન તો મનઘડત કથા છે.''*

*(અમજદિયા, જાન્યુ–માર્ચ, ૨૦૦૯)*

# એક હિંદુ ડેન્ટિસ્ટનો ઈસ્લામ સ્વીકાર !

અઝ : મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર પટેલ
(ખતીબો ઈમામ સેન્ટ્રલ મસ્જિદ, લેસ્ટર, યુ. કે.)

વહાલા વાંચકો, ઈસ્લામ માત્ર એક એવો મઝહબ છે જે અલ્લાહના ફર્માન અનુસાર સાચો છે. ઈસ્લામ એક નક્કર હકીક્ત છે. હાલના સંજોગોમાં જગતભરના ગેર મુસ્લિમો થકી ઈસ્લામને બદનામ કરવા માટે નીત નવી વાતો મીડિયા થકી લોકોમાં ફેલાવવામાં આવી રહી છે. જે મઝહબના આગમન બાદ દુનિયામાંથી અત્યાચારનો ખાત્મો થયો તેવા અમન તથા શાંતિના ધર્મને આંતકવાદનો ધર્મ કહેવામાં આવી રહ્યો છે. ઈન્ટરનેટથી લઈને ટી.વી. અને દૈનિક સમાચાર પત્રોમાં ચિત્ર વિચિત્ર વાતો ઈસ્લામ વિરુદ્ધ રોજ રોજ રજૂ કરવામાં આવી રહી છે. આવા સંજોગોમાં કોઈ ગૈરમુસ્લિમનું ઈસ્લામ સ્વીકાર કરવું એ તો ઘણા દૂરની વાત રહી, પરંતુ તેમનાં દિલોમાં ઈસ્લામ તથા મુસલમાનો પ્રત્યે નફરત પેદા થવી એક સ્વભાવિક વસ્તુ છે. પણ આવા સમયે પણ ઈસ્લામ પોતાના હક્ક તથા સત્ય હોવાની દલીલ પોતે જ પુરવાર કરે છે !

આપણા નબી પાક ﷺના મુબારક સમયથી લઈને અત્યાર સુધીના ઈતિહાસને આપણે જોઈએ તો ઈસ્લામના દુશ્મનોએ દરેક જમાનામાં ઈસ્લામને બદનામ કરવાની કોશિશ કરી અને અત્યારે પણ કરી રહ્યા છે. પણ ઈતિહાસ ગવાહ છે કે ઈસ્લામ પોતાની મનમોહક ખૂબીઓના કારણે આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે. ખાસ કરી હાલના સંજોગોમાં યૂરોપ તથા અમેરિકામાં ઈસ્લામ પોતાની તરફ ગેર મુસ્લિમોને આકર્ષી રહ્યો છે. જે દેશો ઈસ્લામ તથા મુસલમાનોને નાબૂદ કરવાના કાવત્રાં ઘડી રહ્યા છે ત્યાંના જ નાગરિકો ઈસ્લામની ગુલામીમાં દાખલ થઈ રહ્યા છે. જે વિશે અવાર નવાર સમાચાર પત્રો વિવિધ મેગેઝિનો વગેરે થકી આપણને જાણકારી મળતી રહે છે. હું પોતે પણ એ વિશે સમાચાર વાંચતો અને સાંભળતો આવ્યો છું. પણ એ વિશે ખાસ એવો અનુભવ ન થયો હતો, એ વિશેનો અનુભવ અને તજુર્બો અહીં યુ.કે. માં આવ્યા પછી મને થયો, જેણે મારા ઈમાનને ખૂબ જ તાજગી આપી.

હું અહીં લેસ્ટર (યુ.કે.)ની મુખ્ય મસ્જિદમાં ઈમામતની જિમ્મેદારી નિભાવી રહ્યો છું અને મુખ્ય મસ્જિદ હોવાના કારણે અહીં સ્કૂલ તરફથી બાળકોને મસ્જિદની વિઝિટ માટે લાવવામાં આવે છે. મસ્જિદના મેનેજમેન્ટ થકી તેમને મસ્જિદ દેખાડવામાં આવે છે અને અંતમાં ઈસ્લામ વિશે મુખ્ય જાણકારી આપી તેમને રવાના કરવામાં આવે છે. એ જ રીતે બીજા ઘણાયે ગૈર મુસ્લિમ ગૃપો ઈસ્લામ વિશે માહિતી તથા જાણકારી મેળવવા માટે અવાર નવાર આવતાં હોય છે. મહીનામાં બે ત્રણ ગૃપ આ રીતે મસ્જિદની વિઝિટ માટે આવતાં હોય છે અને લગભગ એક કલાક સુધી ઈસ્લામ વિશે હૃદયપૂર્વક સાંભળે છે અને અંતમાં તેમના મોઢે ઈસ્લામની પ્રસંશામાં આ જ વાક્યો હોય છે કે " **ઈસ્લામ ખરેખર શાંતિ તથા અમ્નનો મઝહબ છે, નેચરલ (પ્રાકૃતિક) મઝહબ છે અને મીડિયા તથા ઈન્ટરનેટ થકી જે કાંઈ અમે વાંચીએ કે સાંભળીએ છીએ એ ગલત છે, તેઓ ઈસ્લામને ખોટી રીતે બદનામ કરી રહ્યા છે.**

હકીક્તમાં ઈસ્લામ પોતાના ગૈરો થકી પોતાના સાચા હોવાનુ એલાન કરે છે. ઘણી વાર ઈસ્લામની ખૂબીઓ પોતાનો એવો જૌહર (કમાલ) દેખાડે છે કે વરસોથી ઈસ્લામ થી દૂર રહેલા અને તેના વિશે અભણ લોકો થોડાક જ સમયના અભ્યાસ પછી ઈસ્લામની મહાનતાનો સ્વીકાર કરી ઈસ્લામના દામનમાં દાખલ થઈ જાય છે. જેના ઘણા

ઉદાહરણોમાંથી એક આપની સમક્ષ રજૂ કરુ છું જેનો મને પોતે અનુભવ થયો છે. જેણે મારા દિલમાં ઈસ્લામ પ્રત્યે વધુ અઝમત પૈદા કરી. એ તો અલ્લાહ તઆલાનો વાયદો છે કે ઈસ્લામ જ ગાલિબ (સર્વોપરિ) થશે અને જગતમાં છવાઈ જશે. યૂરોપ તથા અમેરિકામાં હજારો લોકો ઈસ્લામના દામનમાં દાખલ થઈ રહ્યા છે. ઘણા તો એવા છે જેમને કોઈ ઈસ્લામની દાવત આપવા નથી ગયું ! તેમણે પોતે ઈસ્લામ વિશે જાણકારી મેળવી અને ઈસ્લામને પોતાની મંઝિલ બનાવી.

ડિસેમ્બર ૨૦૦૮, ઝોહરની નમાઝનો સમય હતો, હું ઝોહરની નમાઝ માટે ગયો. નમાઝ પઢાવી દર્સ આપ્યો. દર્સ પછી એક નવયુવાન સાથે મારી મુલાકાત થઈ. તેણે પોતાનું નામ "સુનીલ" બતાવ્યું અને પોતે મુલાકાત માટેનું કારણ પણ બતાવ્યું કે હું ઈસ્લામ વિશે અમુક માહિતી મેળવવા માંગુ છું. લગભગ એક કલાક સુધી તેની સાથે સવાલ જવાબ વગેરે ચાલ્યું. અંતમાં મેં એના ફેમેલી બેકગ્રાઉન્ડ વિશે સવાલ કર્યો. તેણે જણાવ્યું કે હું મૂળ ભારતી છું. મારા બાપ દાદા ભારતમાં જન્મ્યા અને તેમનો ધર્મ હિંદુ છે અને બચપનથી નજીકના ભૂતકાળ સુધી મને પણ ઈસ્લામ વિશે કોઈ જાણકારી ન હતી. મેં એને સવાલ કર્યો કે કઈ વસ્તુએ તને ઈસ્લામ તરફ આકર્ષ્યો અને ઈસ્લામ ધર્મ અપનાવવાનું કારણ શું બન્યું ? તે નવયુવાનનો જવાબ સાંભળી અને ઈસ્લામની અઝમતને આંખો સમક્ષ જોઈ મારી આંખો ખુશીના આંસૂઓથી ભીની થઈ ગઈ. ઈસ્લામ કઈ રીતે પોતાની હક્કાનિયત પ્રદર્શિત કરે છે તે જુઓ ! એ યુવાને જવાબ આપ્યો કે અત્યારે હું દાંતનો ડોકટર છું, ત્રણ વરસ પહેલાં જ્યારે હું યુનિવર્સિટીમાં હતો તો મારા અભ્યાસ દરમિયાન મને વિચાર થયો કે હું અભ્યાસ કરું છું ત્યાર બાદ કમાઈશ અને અમુક સમય બાદ મૃત્યુ થશે તો પછી આ જીવનનો મતલબ શું ? ઘણીવાર આ સવાલ મારા મનમાં આવ્યો અને અંતે હું તેનો ઉત્તર શોધવા લાગ્યો, સૌ પ્રથમ મેં મારા પૂર્વ ધર્મ હિંદુઈઝમમાં જવાબની શોધ કરી પણ કોઈ એવો જવાબ ન મળ્યો જે મને સંતુષ્ઠ કરી શકે. ત્યારબાદ મેં બાયબલ તેમજ બોદ્ધ ધર્મની ચોપડીઓ પણ વાંચી અને કોઈ સંતોષકારક જવાબ ન મેળવી શક્યો, તો અંતે મેં ઈસ્લામનો અભ્યાસ કર્યો અને મને મારો જવાબ મળી ગયો કે માણસને આ જગતમાં અલ્લાહની ઈબાદત માટે મોકલવામાં આવ્યો છે અને આ દુનિયા દારુલ અમલ અને એક પરિક્ષાનું સ્થળ છે જેનું પરિણામ આખિરતમાં મળશે. ત્યારથી મેં પોતાના દિલમાં ઈસ્લામનો દીપક જલાવ્યો, મેં પોતે ઈસ્લામના અરકાન શીખ્યા અને હું પોતે જ અલ્લાહને ગવાહ બનાવી કલમો પણ પઢયો. આ વાત જ્યારે મેં મારી ફેમલીને બતાવી તો તેઓ ઘણા નારાજ થયા, ખાસ કરીને મારા મોટા ભાઈએ મને ઘર છોડી દેવા માટે કહ્યું. મને કાંઈ જ અફસોસ ન હતો, મારા દિલમાં એક રૂહાની શક્તિ હતી જેના આધારે તરત જ ઘર છોડી ભાડુતી ઘરમાં રહેવા લાગ્યો. હું પોતે ડેન્ટિસ્ટ હોવાના કારણે પૈસા વગેરેનો મોહતાજ ન હતો. મારા મોટા ભાઈની શાદી બાદ મારા માતા પિતાએ મને તેમની સાથે રહેવા માટે કહ્યું અને સાથે એ પણ કહ્યું કે તારા મુસલમાન હોવાથી અમારે કોઈ લેવાદેવા નથી. અને અત્યારે હું મારા માં બાપ સાથે એક મુસલમાન રૂપે રહું છું જેનું મને ગર્વ છે. અંતે મેં તેને ખૂબ મુબારકબાદી આપી અને કોઈ પણ સમયે મારી મુલાકાત માટે પણ આમંત્રણ આપ્યું.

*ફૂંકોંસે યહ ચિરાગ બુઝાયા ન જાએગા !*

આ છે ઈસ્લામની મહાનતાની દલીલ ! અને આવા ઘણાયે બનાવો બને છે. માત્ર લોકો સમક્ષ ઈસ્લામનું સાચુ સ્વરૂપ રજૂ કરવાની જરૂરત છે. ઈસ્લામનો અભ્યાસ કરીને ઈસ્લામની ખૂબસૂરત છબીને જોઈને લોકો જ્યારે મુસલમાન થઈ જાય છે તો જો આપણે સાચા મુસલમાન થઈ લોકો સમક્ષ ઈસ્લામની સાચી તસ્વીર રજૂ કરીએ તો આજે પણ દુનિયા ઈસ્લામના દામનમાં ટોળે ને ટોળે સમેટાઈ જશે. મૌલા તઆલા પોતાના નબી ﷺના સદકામાં આપણ સૌને નેક તૌફીક આપે. આમીન

# ખેતીવાડીની ફઝીલત

## હદીષોની રોશનીમાં

કાર્યાલય

પ્યારા દીની ભાઈઓ ! હલાલ લૂકમાની ઈસ્લામમમાં ઘણી ફઝીલત છે. જેમ કે રઈસુલ મુફસ્સિરીન હઝરત અલ્લામા ઈસ્માઈલ હક્કી رحمۃ اللہ علیہએ હલાલ રોજીના ફાયદા લખ્યા તેમાં એક એ છે કે, " જ્યારે કોઈ પણ વર્કર સારી મજૂરીના માટે ચાલે છે તો બે નિગરાં ફરિશ્તા કહે છે, અલ્લાહ તઆલા તારા જવા આવવા અને કારોબારમાં બરકત આપે અને તારા આ મામલાઓને તારા માટે જન્નતમાં ઝખીરો બનાવે. નિગરાં ફરિશ્તા તેમજ આસ્માન તથા જમીનના ફરિશ્તા આમીન કહે છે. સુબ્હાનલ્લાહ ! *(બરકાતે શરીઅત, ૩/૮૭૮)*

હદીષે પાકમાં છે, " જે શખ્સ ૪૦ દિવસ સુધી હલાલ રોજી ખાય તેના દિલને અલ્લાહ તઆલા રોશન કરી આપે છે અને તેના દિલથી જીભ પર હિકતમના ઝરણાં વહેતાં કરી આપે છે." *(રૂહુલ બયાન બહવાલા અબૂ નુઐમ, બરકાતે શરીઅત, ૩/૮૮૪)*

રસૂલે પાક ﷺને અર્ઝ કરવામાં આવી કે કયો રોજીનો ઝરીયો અફઝલ છે ? તો ફર્માવ્યું, "માણસનું પોતાના હાથ વડે કમાવું અને દરેક તે વેપાર જે ખયાનત તથા ધોકાથી મેહફૂઝ હોય." *(મિશ્કાત શરીફ, પેજ–૩ર બહવાલા બરકાતે શરીઅત, ૩/૮૮૭)*

જેવી રીતે વેપારની ઘણી ફઝીલત હદીષોમાં આવી છે તેમ ખેતીવાડી કરવાની પણ ઘણી ફઝીલત છે તેનો પણ અભ્યાસ કરી લઈએ !

રોજી પ્રાપ્તિના ઘણા ઝરીયા છે તેમાં વિશ્વમાં સૌથી અધિક લોકો ખેતીવાડી થકી રોજી પ્રાપ્ત કરી રહ્યા છે. ખેતી કરવી એને સામાન્યતઃ લોકો ફક્ત જીવન નિવાર્હ માટે રોજી કમાવાનો ઝરીયો જ સમજે છે પરંતુ હકીકતમાં એમાં મુસલમાન માટે પુષ્કળ નેકીઓ કમાવાનો સબબ પણ સમાયેલો છે તથા અગણિત ફઝીલતો એની હદીષે પાકમાં આવેલી છે.

### ★ સદકો કરવાનો સવાબ ★

હઝરત અનસ رضی اللہ عنہ રિવાયત કરે છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું : " કોઈ પણ એવો મુસલમાન નથી જે બાગ લગાડે અથવા ખેતીવાડી કરે પછી તેમાંથી કોઈ પક્ષી, માણસ અથવા જાનવર કાંઈ ખાઈ લે તો તે એના માટે સદકો આપવા સમાન હશે.

બીજી હદીષમાં છે : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ બયાન કરે છે કે, " કોઈ મુસલમાન નથી જે ઝાડ ઉગાડે અને તેનાથી કોઈ ખાય અથવા ચરાવે તો ઝાડ રોપનારના આમાલનામામાં સદકાનો સવાબ લખવામાં આવશે."

### ★ ઝાડના ફળો બરાબર સવાબ ! ★

વળી બીજી હદીષમાં છે કે હઝરત ઐયૂબ અન્સારી رضی اللہ عنہ રિવાયત કરે છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, " જે કોઈએ બાગ લગાડયો તો તેને અલ્લાહ તઆલા તે ઝાડનાં ફળોનો પ્રમાણે સવાબ અતા ફર્માવશે. *(રિવાયત કરી અહમદ رضی اللہ عنہએ)*

જાણવા મળ્યું કે ઝાડો ઉગાડવાં એ સવાબે જારીયા છે એટલે કે જ્યાં સુધી ઝાડો રહેશે અને ખુદાની મખ્લૂક લાભ ઉઠાવશે તથા જેટલાં ફળો તેનાં અસ્તિત્વ સુધી તેમાં થતા રહેશે તે સૌનો સવાબ એ ઝાડોને ઉગાડનારના આમાલનામામાં લખવામાં આવશે. સુબ્હાનલ્લાહ ! જેથી દરેક મુસલમાને પોતાની જમીનમાં કાંઈ ન કાંઈ ઝાડ ઉગાડવું જાઈએ.

### ★ ઝાડ ઉગાડનારનો હશ્ર નેકો સાથે ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ رضی اللہ عنہ ફર્માવે છે, ઝાડ ઉગાડવાનું ન છોડો ભલે દજ્જાલનો પણ ઝહૂર કેમ ન થઈ જાય ! એટલે કે કયામતની મોટી નિશાનીઓ પણ જાહેર થઈ જાય છતાં પણ ઝાડ લગાડવાથી ન અટકો.

હઝરત ઉષ્માનગની ઝુન્નુરૈન رضی اللہ عنہ મોટી ઉમરે પહોંચવા છતાં ઝાડો લગાડતા રહેતા. આપને

પૂછવામાં આવ્યું કે આ વૃધ્ધાવસ્થામાં પણ ઝાડો લગાડતા રહો છો ? ! આપે ફર્માવ્યું, હું ચાહું છું કે કયામતના દિવસે મારો હશ્ર નેક લોકો સાથે થાય અને હું એ હાલતમાં ન ઉઠું કે મારો મામલો તબાહકારોની સાથે થાય ! એટલે કે જે લોકો ઝાડ ઉગાડે છે તેમનો હશ્ર કયામતમાં નેક લોકો સાથે થશે.

## ★ ખેતી કરનાર માટે રબની રહમતોની વર્ષા ! ★

હઝરત અલાઈ رحمۃ اللہ علیہ સૂરએ યૂસુફની તફસીરમાં લખે છે કે હઝરત મૂસા علیہ السلامને અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, "જયારે ખેડૂત જમીનમાં અનાજ રોપે છે તો એ ખેતરમાં બરકત નાખવા માટે અલ્લાહ તઆલા એક હજાર ફરિશ્તા મોકલે છે અને જયારે કંતીઓ લાગે છે તો ત્રણ હજાર ફરિશ્તા મોકલે છે જે કંતીઓ (ડૂડાંઓ)માં બરકત રાખે છે. પછી તે એક એક દાણાથી ત્રણ ત્રણ અથવા એથીયે વિશેષ જાહેર થવાનું શરૂ થઈ જાય છે. જો કે અલ્લાહનો ઈર્શાદ છે : **صنوان و غیر صنوان**

**صنوان** એ ઝાડને કહે છે જેને પ્રારંભમાં અધિક શાખો નીકળે છે. અને જયારે ફસલને કાપવાનો સમય આવે છે તો અલ્લાહ તઆલા છ હજાર ફરિશ્તાઓને મોકલે છે જેઓ એ ફસલના એક એક દાણામાં બરકત રાખે છે.

## ★ ઘઉં તથા જવ રબની મેહબૂબ ચીજો ★

સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું, "જમીનમાં સૌથી અધિક પેદા થનારી ફસલ ઘઉં છે કેમ કે તેના ઉછેરના માટે જમીન તથા આસ્માનની મખ્લૂકને લગાડી રાખવામાં આવી છે."

અલ્લાહ તઆલાએ સાહિબે ઝબૂર હઝરત દાઊદ علیہ السلامને ફર્માવ્યું, " હું જ તમામ ચીજોનો ખાલિક઼ તથા માલિક છું. દુનિયા તથા દુનિયાવાળાઓને મેં જ પેદા કર્યાં. તેમને સલામત રાખવા માટે ઘઉં તથા જવને બનાવ્યાં. ખેતીમાં આ બંનેવથી મને અન્ય કોઈ ચીજ વધારે મેહબૂબ નથી. જે કોઈ એમને ત્યજી દેવાની કોશિશ કરશે તેનાથી હું બેઝાર છું.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ رضی اللہ عنہબયાન કરે છે કે અલ્લાહ તઆલાએ ઘઉં તથા જવને પેદા ફર્માવ્યાં અને તેમને જ ખેતીમાં બરકતનો પાયો ઠરાવ્યાં અને એ બંનેના સબબે જમીનને મજબૂતી આપી, તેમજ આસ્માની બરકતને સ્થાપિત કરી.

## ★ ખેતીમાં બરકતનો રૂહાની ઈલાજ ★

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ ફર્માવે છે, જે શખ્સ બુધવારના દિવસે આ પ્રમાણે પઢતાં પઢતાં ઝાડ લગાડે તો એ ઝાડ યકીનન હર્યુ ભર્યુ ઉગશે.

તેમજ ફર્માવે છે કે મેં ષિકહ ઉલમાએ કિરામથી સાંભળ્યું છે : જે શખ્સ ખેતીના વખતે અથવા ઝાડ લગાડતી વખતે આ આયતને પઢે :–

**اَفَرَ اَیْتُمْ مَا تَحْرُثُوْنَ ءَ اَنْتُمْ تَزْرَعُوْنَهٗ اَمْ نَحْنُ الزّٰرِعُوْن**

(અર્થ : હે લોકો ! શું તમે તમારી ખેતીને જોયી ? શું (આ ફળફૂલ તથા છોડ) તમે પેદા કરો છો કે અમે લીલાછમ તરો તાઝાં કાઢીએ છીએ ?!) અને

**اَللّٰهُمَّ صَلِّی عَلٰی سَیِّدِنَا مُحَمَّدٍ وَّارْزُقْنَا ثَمَرَةً وَادْفَعْ عَنْ ضَرَرَةٍ وَاجْعَلْنَا مِنَ الشَّاكِرِیْنَ**

પઢે છે તો અલ્લાહ તઆલા તેની ફસલોને દરેક પ્રકારનાં નુકશાનો તથા આફતોથી મેહફૂઝ કરી આપે છે.

હઝરત કુર્તબી رحمۃ اللہ علیہ વધુમાં જણાવે છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું : તમે એવું ન કહો કે ખેતી મેં પેદા કરી બલ્કે એવું કહો કે મેં આ ખેતીની વાવણી કરી અને અલ્લાહ તઆલાએ એમાં પાક પેદા કર્યો. *(નુઝહતુલ મજાલિસ, ભાગ–ર ના સૌજન્યથી)*

## ★ ખેતી કરનારાઓને એક ચેતવણી ★

ખેતી પકાવનારાઓ માટે જરૂરી છે કે ખેતીની ઝકાત અવશ્ય કાઢે. ખેતીની ઝકાતને **ઉશ્ર** કહેવામાં આવે છે. તેનો નિયમ એ છે કે જે માલ ખેતીમાં ફસલ તરીકે પાકે તેમાંથી **જો પિયાત હોય તો વીસમો ભાગ** અને **બિનપિયાત હોય તો દસમો ભાગ** કાઢીને ઝકાતના હક્કદારોને પહોંચાડે. આમાં ખેતીમાં થતો ખર્ચ પણ બાદ કરવાનો નથી તથા સોના, ચાંદી,

રૂપિયામાં તો સાહિબે નિસાબ હોવું તથા ઝકાત માટે જેમ વર્ષ પૂરું થતાં ઝકાત આપવી એવો નિયમ છે પણ ખેતીના ઉશ્રમાં એ નિયમ નથી. દરેકે જે પાકે તેમાંથી અવશ્ય ઉશ્ર કાઢવું. વર્ષ પૂર્ણ કરવાની શરત પણ અહીં લાગુ પડતી નથી. જુઓ 'ક઼ાનૂને શરીઅત, બહારે શરીઅત'... વગેરે.

### ★ અનાજની અદબ કરવાની ફઝીલત ★

ફર્માવવામાં આવ્યું કે, " રોટી (અનાજ)ની ઈજ્જત કરો અને એના ઉપર વાસણ વગેરે ન મૂકો કેમ કે એમાં અનાજની બેઈજ્જતી છે. અને જે અનાજની ઈજ્જત નથી કરતો તેના પર ભૂખ લાગુ કરી દેવામાં આવે છે. અને જે શખ્સ દસ્તરખાન પર પડેલા કોળિયા અથવા દાણાઓને ઉઠાવી લે છે તેને અલ્લાહ મગફેરત તથા બખ્શિશથી નવાઝે છે. તેમજ ઘઉં તથા જવની એ રીતે ઈજ્જત દર્શાવવામાં આવી છે કે જો રોટી આવી જાય તો શાકની રાહ જોવી મુનાસિબ નથી. એટલે રોટી આવી જતાં ખાવાનું શરૂ કરી દેવામાં આવે.

### ★ પડેલો કોળિયો ઉઠાવીને ખાનારની બખ્શિશ થઈ જશે ! ★

વર્ણન કરવામાં આવ્યું છે કે હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم પોતાના ગુલામની સાથે ક્યાંક જઈ રહ્યા હતા. એવામાં તેણે એક પડેલો દાણો ઉઠાવ્યો અને ખાઈ લીધો. તો હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ એ જોતાં જ તેને આઝાદ કરી આપ્યો. જ્યારે આઝાદ કરવાનો સબબ પૂછવામાં આવ્યો તો આપે ફર્માવ્યું :–

" નબી કરીમ ﷺએ ફર્માવ્યું છે કે જે શખ્સ પડી ગયેલા દાણાને ઉઠાવે અને પછી તેને સાફ કરીને ખાઈ લે તેને અલ્લાહ તઆલા એ જ અમલના લીધે પેટમાં જતાં પહેલાં મગફેરત તથા બખ્શિશથી નવાઝી આપે છે. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું કે મને એ યોગ્ય ન જણાયું કે જેને અલ્લાહ તઆલાએ બખ્શિશથી માલામાલ કરી આપ્યો છે તેને હું મારી ગુલામીથી આઝાદ ન કરું. (રિવાયત કરી અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે رضی اللہ عنہما)

### ★ મુઝી બીમારીઓથી છૂટકારો મળશે ! ★

હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ બયાન કરે છે કે હું દસ્તરખાન પર પડેલા દાણા ઉઠાવી રહ્યો હતો તો નબી કરીમ ﷺએ જોઈને ફર્માવ્યું, " તારા માટે બરકત થાય, તારામાં બરકત થાય અને તારા પર બરકત થાય !" મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તે દરેક શખ્સ જે આ પ્રમાણે અમલ કરે ? ! આપ ﷺએ ફર્માવ્યું, "અને એના માટે પણ આ સર્વ કાંઈ છે, તેમજ જે શખ્સ આવો અમલ કરે છે તેને અલ્લાહ તઆલા રક્તપિત્ત, કોઢ તથા લકવા જેવી મુઝી બીમારીઓથી મેહફૂઝ રાખે છે." *(બહવાલા : નુઝહતુલ મજાલિસ, ભાગ–૨)*

હવે આપણે આપણા દસ્તરખાનોનો અભ્યાસ કરીએ કે કેટલુ અનાજ વેરવામાં આવે છે, પગો નીચે કચડાય છે અને રસ્તામાં ગમે ત્યાં બલ્કે ગંદી જગાએ તે અનાજ રોટી વગેરેને લોકો ફેંકે છે ! અને કેવળ અનાજ જ નહીં બલ્કે બુઝુર્ગોના ન્યાઝનાં ખાણાં પણ પગો નીચે કચડાય છે અને ગમે ત્યાં ફેંકી દેવામાં આવે છે ! વિચારો ! આ બેઅદબીથી ભૂખમરો આવી જવાનો ડર આપણામાં હોવો જોઈએ અને સાવધાન થઈ અનાજની બેઅદબીને રોકવી જોઈએ.

### લેખ હરીફાઈ.....

**વિષય : નમાઝ બાજમાઅતનું મહત્વ અને આપણે !**

આ વિષયે કુર્આન હદીષના હુકમો, બુઝુર્ગોના અમલો તથા તાકીદો તેમજ વર્તમાન મુસ્લિમોની ગફલત તથા તેઓની નસીહત કરતો સચોટ લેખ હવાલા સાથે તા. ૧૦–૭–૨૦૦૯માં બરકાતે ખ્વાજા (માસિક) કાર્યાલયને સ્કૂલ, કોલેજ, મદ્રસા, દારુલ ઉલૂમના તલબા લખીને સત્વરે પહોંચાડે. ઉસ્તાદો તલબાને માર્ગદર્શન કરી લખવા માટે પ્રેરે એવી વિનંતિ છે.

એહલે સુન્નતમાં ઉમ્દા કક્ષાના, ઊંચા ચિંતનવાળા, ઈલ્મી લખાણ લખી શકે તેવા લેખકો પેદા કરવાનો આ પ્રયાસ છે જેથી ઉલમા તલ્બાને પ્રોત્સાહિત કરી આ કામમાં જરૂર સાથ આપે એવી નમ્ર વિનંતિ છે. *–તંત્રી*

# અશ્રફુલ ઉલમાની મહાનતાની એક ઝલક !

રજૂકર્તા....શૈખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદની અશરફી જીલાની

અનુવાદક : મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી (સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

આજના યુગમાં સન્માન માટેના શબ્દો, ઉપાધિઓ તથા લક્બોના ઉપયોગમાં નિષ્કાળજી તથા લાપરવાહી સામાન્ય થઈ ગઈ છે કે ઈલ્મી તથા અમલી હૈસિયતથી પ્રભાવશાળી તથા મહાન શખ્સિયતો માટે જે લક્બો તથા ઉપાધિઓ ઉચિત હતી તેનો ઉપયોગ આજના યુગના સામાન્ય તથા અપાત્ર લોકો માટે પણ ઘણી સંખ્યામાં થવા લાગ્યો છે. આ સ્થિતિમાં તે તમામ શબ્દોથી સંબંધિત પવિત્રતા તથા શ્રેષ્ઠતા નાબૂદ થઈ ચૂકી છે. સ્પષ્ટ છે કે જ્યારે કોઈ વજનદાર શબ્દોને પાત્ર તેને ઠરાવી દેવામાં આવે જે સાચા અર્થમાં તેના લાયક ન હોય તો તે શબ્દોની કિંમત તથા શ્રેષ્ઠતા કઈ રીતે બાકી રહીશે ?

## ★ લક્બોની દુનિયામાં ડોકિયું ! ★

કેટલા અફસોસની વાત છે કે એક જમાનામાં ''મોલ્વી'' શબ્દની જે કદર તથા કિંમત હતી અને તેની અંદર જે અર્થ સંબંધિત ભવ્યતા હતી તે આજે ''અલ્લામા'' શબ્દમાં પણ નથી રહી ! રહી ગયા મુલ્લા જીવન, મુલ્લા અબ્દુર્રહમાન જામી, મુલ્લા નિઝામુદ્દીન ફિરંગી, મુલ્લા અબ્દુલઅલી બેહરુલ ઉલૂમ ફિરંગી મહલી વગેરે નામો સાથે જોડાયેલા શબ્દ ''મુલ્લા''ની એવી અવગતિ બની છે કે તેને હાલ ગાળ સમજવામાં આવે છે ! આ છે કોઈ શબ્દને તેના અપાત્ર તથા ગૈર ઉચિત સ્થાને ઉપયોગ કરવાનું પરિણામ. આજકાલ બેભાનીમાં ''મુફતીએ આ'ઝમ'' શબ્દની પણ માન્યતા તથા પવિત્રતાને પાયમાલ કરવા માટે માર્ગો સમતલ કરવામાં આવી રહ્યા છે. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ (બરેલી શરીફ) رحمۃ اللہ علیہ આ શબ્દના સાચા યર્થાથ તથા સુપાત્ર હતા. તે યુગની મહાન શખ્સિયતોએ તેમને આ લક્બ (ઉપાધિ)થી યાદ કર્યા, ત્યાં સુધી કે આ શબ્દ (મુફતીએ આ'ઝમ) તેમનું નામ થઈ ગયું ! આ શબ્દ સાંભળતાની સાથે જ દરેક ખાસ તથા આમ લોકોની દષ્ટિ તેમની તરફ ઉઠવા લાગી. આ પરિસ્થિતિમાં કોઈ પણ કારણ તથા અર્થઘટનનો સહારો લઈને મુફતીએ આ'ઝમે ફલાં રાજ્ય, મુફતીએ ફલાં ફલાં જિલ્લો, મુફતીએ આ'ઝમે ફલાં તાલુકો, મુફતીએ આ'ઝમે ફલાં ગામ, મુફતીએ આ'ઝમે ફલાં ઈલાકા વગેરે વગેરે કહેવાનો માર્ગ પેદા કરવું અદબ તથા શિષ્ટતાના લેહાઝથી મારા ખયાલમાં કોઈ ઉચિત કાર્ય નથી. આ પરિસ્થિતિમાં અવામ તથા ખવાસ (ખાસ લોકો)ને મારી વિનમ્ર અપીલ એ છે કે જે લકબો તથા ઉપાધિઓ આપણા અકાબિર બુઝુર્ગો સાથે ખાસ કરી દેવામાં આવેલ છે તે જલીલુલ કદર (મહાન) હસ્તીઓના આપેલા તેમજ ઉચ્ચારેલા છે અને જે લક્બોની હૈસિયત હવે તેમના નામોની થઈ ગઈ છે જેથી કમસે કમ તે બુઝુર્ગોની સદીમાં કોઈ બીજા માટે એનો ઉપયોગ ન કરવામાં આવે. અને ઘણુ સારું કહેવાશે કે ક્યારેય પણ તેમના સિવાય બીજાના માટે તદ્દન ઉપયોગ કરવામાં ન આવે, હિંદુસ્તાનમાં આ જ યુગના શબીહે ગૌષુષ્ષકલૈન, સદરુલ અફાઝિલ, સદરુશ્શરીઅહ્, મુહદ્દિષે આ'ઝમ, સરકારે કલાં, મુફતીએ આ'ઝમ, સદરુલ ઓલમા, શમ્સુલ ઓલમા, મુજાહિદે મિલ્લત, હાફિઝે મિલ્લત, બુરહાને મિલ્લત, તાજુલ ઓલમા, સૈયદુલ ઓલમા, અશ્રફુલ ઓલમા માત્ર અને માત્ર એક જ છે. એટલા માટે આમાંથી કોઈ પણ એકને આખી એક જમાઅત બનાવવાની કોશિશ કરવી તે હઝરતોની સાચી

અકીદતને ઘાયલ કરવા સમાન છે. આ પરિસ્થિતિઓમાં ખાસ કરીને એહલે ઈલ્મ (આલિમ) હઝરાત ઉપર લાઝિમ છે કે જો તેઓ કોઈને કોઈ લક઼બ આપવા જરૂરી સમજે તો આ વાતનો જરૂર ખયાલ રાખે કે તે લક઼બ આપણા અકાબિરો (બુઝુર્ગો)માંથી કોઈના માટે આ રીતે ઉપયોગ ન કરવામાં આવ્યો હોય કે તે તેમના નામના સમાન થઈ ગયો હોય. એ જ પ્રમાણે સાચી અક઼ીદત ધરાવનાર લોકો ઉપર પણ લાઝિમ છે કે તેઓ પોતાની અક઼દતોના કેન્દ્રો માટે પોતાની સાચી અક઼ીદતના આધારે એવા શબ્દોનો ઉપયોગ ન કરે જે પોતાની અક઼ીદતોના બીજા અન્ય સર્વ સમંતિ ધરાવતા કેન્દ્રોથી તેમની સાચી અક઼ીદત તથા શ્રદ્ધા ઉપર પ્રશ્નાર્થ ચિન્હ ખડુ કરે. [**નોંધ** : ઉમ્મીદ છે આ લખાણથી બોધ લઈ ગમે તેના નામ પાછળ લક઼બોની વણઝાર લગાડનારા એવા કૃત્યથી અટકશે. સામાન્ય મુક઼રિર્રને પણ અજબ ગજબના લક઼બોથી શણગારનારા કાંઈક સબક લેશે ?! –*અનુવાદક*]

## ★ 'અશ્રફુલ ઉલમા' લક઼બ મુરીદોનો આપેલ નથી ! ★

આ પરિસ્થિતિમાં મેં વિચાર્યું છે કે હું પોતાના મહાન પ્રશંસનીયનો પરિચય એ શબ્દો વડે નહીં કરાવું જે ભલે શબ્દોની સીમા સુધી તો ભપકાદાર છે પરંતુ તે શબ્દોનો ઉપયોગ વિના સંકોચે એવા લોકો માટે થવા લાગ્યો છે જેઓ આપણા પ્રશંસનીય (હુઝૂર સૈયદ હામિદ અશરફ સાહબ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ)ના શાગિર્દોના શાગિર્દનું સ્થાન પણ નથી ધરાવતા અને અમુક લક઼બો તથા ખિતાબો એવા છે જે ખૂદ હઝરત અશ્રફુલ ઓલમા (હુઝૂર હામિદ અશરફ સાહબ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ)ના મોટાઓ તથા બુઝુર્ગોની જાત સાથે ખાસ થઈ ગયેલ છે. આ લેખમાં **આપના માટે (હુઝૂર હામિદ અશરફ સાહબના માટે) હું માત્ર "અશ્રફુલ ઓલમા"નો શબ્દ પ્રયોગ કરીશ જે મુરીદો તથા શાગિર્દોનો અતા કરેલ લક઼બ નથી બલ્કે આજના યુગના તમામ ઉલમા તથા મશાઈખએ આપને સુપાત્ર ગણીને "અશ્રફુલ ઓલમા" કહ્યા અને કહેતા રહ્યા.**

## ★ અશરફુલ ઉલમાની વંશિક મહાનતા ★

શબીહે ગૌષુલઆઝમ હઝરત અશરફી મિયાં قدس سرہના બે સાહબઝાદા એક મારા (હુઝૂર શૈખુલ ઈસ્લામના) સગા નાના ઉમ્દતુલ આરિફીન હઝરત મૌલાના સૈયદ અશરફ અશરફી જીલાની قدس سرہ અને બીજા આપના નાનાભાઈ કુદવતુસ્સાલિકીન હઝરત મૌલાના સૈયદ મુસ્તફા અશરફ અશરફી જીલાની قدس سرہ. આ મારા બે નાનાઓમાંથી પહેલા નાનાના ફરઝંદ હઝરત સરકારે કલાં છે જેઓ મારા મામાની સાથે સાથે મારા પીરો મુર્શિદ પણ છે. મારા બીજા નાનાના ફરઝંદ હઝરત અશરફુલ ઉલમા قدس سرہ છે.

જેઓ મારા મામા હોવાની સાથે મારા અતિ મહેરબાન ઉસ્તાદ પણ છે. મને પોતાના આ બે મામાઓ ઉપર નાઝ તથા ગર્વ છે જેમના વિશેષ ધ્યાન તથા નવાઝિશોનું હું હમેશાં કેન્દ્ર રહ્યો અને આજે પણ હું પોતાને આ બંનેવની રૂહાની છત્રછાયામાં અનુભવું છું. હઝરત સરકારે કલાં قدس سرہએ મને જે ખિલાફતનામુ અતા ફર્માવ્યું હતું તેના લખનાર શૈખુલ જામિઆ હઝરત મૌલાના મુફતી અબ્દુર્રશીદ ખાન સાહબ رحمۃ اللہ علیہ છે. અને હઝરત અશરફુલ ઓલમાના વાલિદે બુઝુર્ગવાર قدس سرہએ નવાઝિશના તૌર પર તમામ અવલિયાના સિલસિલા તથા ચાર ખાનવાદાઓની ઈજાઝત પર આધારિત રમઝાન શરીફના મુબારક મહીનામાં જે ખિલાફત તથા ઈજાઝતની સનદ અતા ફર્માવી તેના લખનાર હઝરત અશરફુલ ઓલમા قدس سرہ જ છે જેમણે પોતાના વાલિદે બુર્ઝુગવારના આદેશ ઉપર અરબી ઝબાન (ભાષા)માં ક઼લમ ઉઠાવીને ઘણા જ ફસીહ તથા સાહિત્યથી ભરપૂર સુંદર લખાણ વડે કાગળના પાનને સુશોભિત કરી આપ્યાં. ઉપરોક્ત બંને લખાણો મારા માટે યાદગાર તથા તબર્રુકનો દરજ્જો ધરાવે છે. હું પોતાના મોટા નાનાની ઝિયારત તો નથી કરી શક્યો પરંતુ મેં (નાના) બીજા નાના હઝરત

કુદવતુસ્સાલિકીન قدس سرہની માત્ર ઝિયારત જ નથી કરી બલ્કે તેમની કુર્બત તથા સોહબતથી પણ ફયઝયાબ થયો છું. એવા દુરવેશ સિફત, કામિલ મર્દ જેઓ આખી જિંદગી દુનિયા તથા તેની રંગીનીઓથી દૂર રહ્યા અને નફસાની ખ્વાહિશોનો દાગ પોતાના સાફ સુથરા દામન ઉપર ન પડવા દીધો, તેવા જ વૃક્ષની હરી ભરી એક ડાળનું નામ છે અશરફુલ ઓલમા હઝરત સૈયદ હામિદ અશરફ અશરફી قدس سرہ.

**★ વ્યક્તિ પરચિયનું અજબ ચલણ ! ★**

આ યુગની એક પરેશાની એ પણ છે કે આજે પોતાના વ્યક્તિગત પરિચયના બદલે મનઘડત માલૂમાતના આધારે પ્રાપ્ત થયેલ નામાલૂમ વાતો દ્વારા પરિચય કરાવવાનું ચલણ પણ આમ થઈ રહ્યું છે, જેનું પરિણામ એ નીકળે છે કે જે જાત (હસ્તી) કોઈ ન કોઈ હદ સુધી તો પ્રસિદ્ધ તથા પરિચિત હોય છે પરંતુ પરિચય કરાવ્યા બાદ તે જાત વધારે અજ્ઞાત તથા અપ્રસિદ્ધ થઈ જાય છે ! બલ્કે આ દુનિયાની મખ્લૂક ઉપર કોઈ બીજી દુનિયાની મખ્લૂક હોવાની શંકા થાય છે ! જાદૂ બયાની પરિચય કરાવનારાઓની અતિશયોક્તિનું ઈબ્રતનાક પરિણામ મને ઈ.સ. ૧૯૬૩માં જોવા મળ્યું. ૧૯૬૩માં ઓલ ઈન્ડિયા સુન્ની જમિઅતુલ ઓલમા સંચાલિત ત્રણ દિવસિય કોન્ફ્રન્સ કાનપૂર શહેરમાં યોજાઈ હતી. કોન્ફરન્સના ત્રીજા દિવસની સદારત માટે મારી નિમણૂક થઈ. ત્યાં મને સદારતનો ખુત્બો રજૂ કરવાનો મોકો મળ્યો. હવે સાંભળવા લાયક વાત એ છે કે કોન્ફરન્સ પૂરી થયા પછી હું લખનૌ રવાના થઈ ગયો. ત્યાં એક સાહબ આવ્યા અને કોન્ફરન્સની કામયાબી તથા તેનો આંખો જોયેલ રિપોર્ટ બયાન કરવા લાગ્યા. તેમાં તેમણે ત્રીજા દિવસના જલ્સાનું ખુત્બએ સદારતની વાત પણ ખાસ કરીને રજૂ કરી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે ત્રીજા દિવસે જેણે સદારતનો ખુત્બો આપ્યો હતો તેમનું નામ શું હતું ? આ વાત ઉપર તે હસવા માંડયા અને કહેવા લાગ્યા કે **સાચી વાત તો એ છે કે હું તેમનું નામ નથી બતાવી શકતો કારણ કે જે સાહબ તેમનો પરિચય કરાવી રહ્યા હતા તેમણે લક્બો તથા અદબના શબ્દોથી સુશોભિત એટલું લાંબુ ચોળુ વાક્ય કહ્યું કે હું સમજી જ ન શક્યો કે કેટલા શબ્દો લકબો માટે છે અને કયો શબ્દ નામવાળો છે !** (એટલે કે હાલના અતિશયોક્તિ કરનારાઓ એટલા લક્બો વાપરે છે કે તેમાં મૂળ નામ શોધવું મુશ્કેલ થઈ જાય છે !) તેમની આ વાતથી અમે ઘણા ખુશ પણ થયા અને અફસોસ પણ થયો. ટૂંકમાં પોતાના પ્રિય પ્રસંશનીયનો એ પ્રમાણે પરિચય કરાવવો કે તે વધારે રહસ્યના પર્દામાં ધકેલાય જાય અને તેની હકીકત જ સામે ન આવી શકે ! બલ્કે તેના નામ સુદ્ધાંને ઓળખવામાં પરેશાની તથા આશંકા પેદા થઈ જાય એ રીતે પસંદગીની દષ્ટિથી યોગ્ય નથી. એટલા માટે હું આપણા પ્રશંસનીય હઝરત અશ્રફુલ ઓલમા હઝરત અલ્લામા સૈયદ હામિદ અશરફ અશરફી قدس سرہના સંબંધે તે જ વાત અર્ઝ કરવાની કોશિશ કરીશ જે મારી ચશ્મદીદ છે.

**★ આલિમ અને આલિમે રબ્બાનીનો ફરક ★**

આજે "આલિમ" શબ્દને એક પરિભાષિક રૂપ આપવામાં આવે છે. અત્યારે દરેક તે માણસને આલિમ કહેવામાં આવે છે જેણે બે ત્રણ વર્ષ અથવા એક ચોક્કસ કોર્સને પૂરો કરી આલિમિયતની સનદ પ્રાપ્ત કરી લીધી હોય. હવે જો વાત અહીંયાં સુધીની જ હોય તો સ્વીકાર કરી લેવામાં કોઈ વાંધો પણ નથી, પરંતુ જ્યારે આ નામના આલિમનો પરિચય આલિમે રબ્બાની, વારિસુન્નબી, જાનશીને મુસ્તફા ﷺ કહીને કરાવવામાં આવે છે ત્યારે વાત બગડી જાય છે અને હકીકી આલિમ તથા પરિભાષિક આલિમમાં મૂળ ફરક છે તેનો લેહાઝ નથી રહેતો.

જ્યારે કે કુર્આનમાં ઈર્શાદ છે કે :– **انما یخشی اللہ من عبادہ العلماءُ** અર્થાત : "બેશક ! અલ્લાહ તઆલાથી તેના આલિમ બંદા જ ડરે છે." ટૂંકમાં **આલિમ તે છે જે અલ્લાહની ખશિયત તથા ખૌફવાળો હોય.** હવે જેટલો વધારે ખૌફ હશે

તેટલો જ મોટો તે આલિમ હશે. અને **અલ્લાહના ખૌફ વિના કોઈ કેટલોય મોટો ઈલ્મ તથા વિદ્યાઓનો વિદ્વાન થઈ જાય પણ તે હકીકતમાં હકીકી આલિમ નથી.** યાદ રાખવું જોઈએ કે અલ્લાહની ખશિયત જ અલ્લાહની મારેફત (ઓળખ)નું ફળ છે. જેની મારેફત સંપૂર્ણ તેની ખાશિયત પણ સંપૂર્ણ હશે. અલ્લાહ ﷻના મહબૂબ ﷺ તમામ મખ્લૂકમાં સૌથી વધુ અલ્લાહની મારેફત (ઓળખ) ધરાવનાર છે. એટલા માટે આપ ﷺ અલ્લાહની સૌથી વધુ ખશિયત ધરાવનાર છે. એટલા માટે આ ખાકસાર (મૂળ લેખક)ની ગુઝારિશ છે કે પરિભાષિક (ઈસ્તેલાહી) આલિમોને સાહિબે ઈલ્મ સમજી લેવામાં કોઈ વાંધો નથી અને તેમના માટે "આલિમ"નો શબ્દ ઉપયોગ કરવાની પણ ઈજાઝત છે, પરંતુ આવા પરિભાષિક આલિમોને "આલિમે રબ્બાની" સમજવા તથા સમજાવવાની ભૂલ ન કરવામાં આવે.

### ★ આપ સાચે જ "આલિમે રબ્બાની" તથા "બકીયતુસ્સલફ" હતા ★

આ કસોટીના પ્રકાશમાં જ્યારે આપણે હઝરત "અશ્રફુલ ઓલમા"ની જિંદગીનું નિરીક્ષણ કરીએ છીએ તો સાચી રીતે તેઓ આપણને આલિમે રબ્બાનીના સાચા યર્થાય તથા પાત્ર જોવા મળે છે. ખૂદ તેમના ઉસ્તાદ જલાલતુલ ઈલ્મ હઝરત હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہનું ફર્માન :–

**"હામિદ મિયાં તો અલ્લાહના વલી છે."** એ મારા ઉપરોક્ત ખયાલનું સમર્થન તથા તરફદારી માટે પૂરતું છે. અમારા કિછૌછા શરીફના અકાબિર (બુઝુર્ગો)ના વિસાલ પછી જો કોઈ હસ્તી "બકીયતુલ સ્સલફ" (પહેલાંના બુઝુર્ગોમાંથી બાકી રહેલ બુઝુર્ગ)નો સુવર્ણ તાજ પોતાના સિર પર સજાવીને પોતાના બુઝુર્ગોની ઈલ્મી તથા ઈરફાની મસ્નદ (ગાદી) ઉપર બિરાજમાન થવાના લાયક હતી તો તે ફક્ત આ જ "અશરફુલ ઓલમા"ની હસ્તી હતી. આપના વિસાલ પછી આ મસ્નદ ખાલી પડી ગઈ અને અત્યારે અમારા આખા ખાનદાનમાં આ મસ્નદ (ગાદી) ઉપર બેસવાના લાયક કોઈ નજર નથી આવતું.

### ★ આપે પીરી મુરીદી–વઅઝને બદલે દર્સો તદરીસને અગ્રતા આપી ★

હઝરત અશ્રફુલ ઓલમા અલ્લામા સૈયદ હામિદ અશરફ સાહબ અશરફી قدس سرہના બુઝુર્ગોના મુરીદો તથા અકીદતમંદોની સંખ્યા દરેક યુગમાં વિશાળ રહી છે. જો હઝરત અશ્રફુલ ઓલમા ચાહત તો પોતાના પૂર્વજ બુઝુર્ગોનો માર્ગ અપનાવી દીનો સુન્નિયતની સેવા માટે મુસાફરી તથા વાઅઝો નસીહતની મેહફિલોમાં શરીક થવાને જ પોતાનો ઉદ્દેશ બનાવી લેત અને રાહત તથા શાંતિની જિંદગી જીવવા માટે જાઈઝ આધારો ભેગા કરી લેત, પરંતુ આપે એવું ન કર્યું અને તા'લીમથી ફારિગ થયા બાદ તરત જ દર્સો તદરીસમાં લાગી ગયા. થોડાક દિવસો સુધી બનારસના એક મદ્રસામાં ખિદમત અંજામ આપતા રહ્યા, ત્યાર બાદ જલાલતુલ ઈલ્મ હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہએ આ સુવર્ણ મોતીને પોતાનાથી દૂર રાખવા પણ પસંદ ન ફર્માવ્યું અને અશ્રફિયામાં જ પોતાની પાસે બોલાવી લીધા. ઉસ્તાદનો આદેશ પામતાની સાથે જ આપ ખુશી ખુશી અશ્રફિયામાં આવી ગયા અને પોતાના ઉસ્તાદોના ઈલ્મો ફઝૂલના છાયામાં રહીને દર્સો તદરીસનો મહાન ફરીઝો સારી રીતે અંજામ આપવામાં લાગી ગયા. હઝરત અશ્રફુલ ઓલમાએ પણ પોતાના ખાનદાની બુઝુર્ગો થકી મળેલ વઝીફાઓ તથા અમલોમાં પોતાનો આખો સમય અથવા રાત દિવસનો અધિક્તર ભાગ વ્યસ્ત રાખવા કરતાં પણ વધારે એ વાતને અધિક મહત્વતા આપી કે તે **કાલલ્લાહ** અને **કાલર્રસૂલ**ની પાકીઝા સદાઓને મૌલાની ઈચ્છા ચાહનારાઓ તથા આખેરતની સઆદતમંદીના તલબગારો માટે બુલંદ કરતા રહે.

### ★ અશ્રફુલ ઉલમાનું મુંબઈમાં આગમન ★

વિચારવા પાત્ર વાત એ છે કે દર્સો તદરીસ સાથે

ઈશ્કની સીમા સુધી સંબંધિત રહેનાર માટે તે સમય કેટલો કઠીન તથા કપરો હશે જ્યારે હુઝૂર અશરફુલ ઓલમા અલ્લામા સૈયદ હામિદ અશરફ સાહબ رحمۃ اللہ علیہને દર્સો તદરીસની અનમોલ મસ્નદ પરથી ઉઠાવીને એક મસ્જિદમાં ઈમામતની જવાબદારી સોંપવામાં આવી હશે. ટૂંકમાં કિસ્સો આમ છે કે મુંબઈની ઝકરિયા મસ્જિદના આગેવાનો તથા જિમ્મેદારોએ પોતાની મસ્જિદના મહેરાબ તથા મિમ્બરની માન મર્યાદા તથા શાનને બુલંદ કરવાના હેતુથી હઝરત જલાલતુલ ઈલ્મ હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ પાસેથી હુઝૂર અશ્રફુલ ઓલમાની માંગણી કરી લીધી. હુઝૂર હાફિઝે મિલ્લત પણ ત્યાંની જરૂરતોને અનુભવીને હઝરત અશરફુલ ઓલમાને મુંબઈવાસીઓની ઈચ્છા પૂરી કરવા માટેનો આદેશ આપી દીધો અને ઝકરિયા મસ્જિદની ઈમામત સ્વીકારી લેવાનો હુકમ આપ્યો, જેથી હઝરત અશ્રફુલ ઓલમાએ મુંબઈવાસીઓની દા'વત કૂબૂલ ફર્માવી અને મુંબઈ આવી ગયા. મસ્જિદની એક ઓરડી (કોઠરી)ને પોતાનું ઠેકાણુ બનાવી લીધું. મે (મૂળ લેખકે) જ્યારે તે કોઠરીને જોઈ અને ત્યારબાદ વિચારોની દુનિયામાં હઝરત અશ્રફુલ ઓલમાની મહાન શખ્સિયત ઉપર ચિંતન કર્યું તો એવું લાગ્યું કે મુંબઈના હોશમંદ અકીદતમંદોએ ઈલ્મ તથા મારેફતના એક સમુદ્રને મસ્જિદની કોઠરીના કુઝામાં બંધ કરી આપ્યો છે ! હઝરત અશ્રફુલ ઓલમાના આગમનથી મિમ્બર તથા મેહરાબને જે રોનક મળી તે તો મળી જ પણ તે કોઠરી પણ ઘણી જ બાબરકત થઈ ગઈ. કોઠરીના રાત દિવસો જેને પ્રાપ્ત થઈ ગયા તે હઝરત અશ્રફુલ ઓલમાના રૂહાની ફયઝાનથી માલમાલ થઈ ગયો. જો તે બેનમાઝી હતો તો પાકો નમાઝી બની ગયો, જૂઠો હતો તો સચ્ચાઈનો પૈકર બની ગયો, ઈસ્લામી ફરાઈઝ અને એ ફર્ઝોમાં જે ફરાઈઝ છે તેનાથી જાહિલ (અજ્ઞાન) હતો તે તેનો આલિમ બની ગયો. ત્યાં સુધી જોવામાં આવ્યું કે એક વ્યક્તિ જે દીની સમજથી બિલકુલ અજાણ હતો, ન તો જાતે શૈખ હતો અને ન તો બાપદાદાના શૈખપણાનો વારસ હતો એવાને પણ હઝરત અશરફુલ ઓલમાની સોહબત મળી તો હઝરતે ઘણી જ શફકતની સાથે તેના ઉપર પોતાનો રંગ એવો ચઢાવ્યો કે એ માત્ર શૈખ જ નહીં પરંતુ શૈખુલ મશાઈખ થઈ ગયો ! સારાંશ એ કે એવા કેટલાયે અપ્રકાશિત તથા બે નૂર ચિરાગો જ્યારે હઝરત કિબ્લાની નિકટ આવ્યા અને આ પ્રકાશિત ચિરાગની જ્યોતને પોતાની જ્યોત સાથે લગાડી તો તેઓ સ્વંય પણ પ્રકાશિત થઈ ગયા અને બીજાઓને રોશન બનાવનાર પણ બની ગયા.

## ★ દારુલ ઉલૂમ મુહમ્મદિયાની સ્થાપ્ના ★

મુંબઈની ઝકરિયા મસ્જિદના મેહરાબ તથા મિમ્બરથી જે રોશનીઓ ઘેર ઘેર પહોંચી રહી હતી અને એહલે ઈમાનનાં દિલોને પ્રકાશિત કરી રહી હતી તે બધી જ ખિદમતો પ્રશંસાપાત્ર હતી, પરંતુ દર્સો તદરીસથી દૂર થઈ જવાના કારણે હઝરત કિબ્લા પોતાની જિંદગીમાં એક ખાલીપણુ અનુભવી રહ્યા હતા, આ અનુભૂતિએ તેમને ચિંતિત કરી મૂક્યા. હઝરતની દિલી બેચૈનીમાં વધારો થઈ ગયો અને જ્યારે તેમણે જોયું કે મુંબઈ શહેર જે હિંદુસ્તાનના તમામ દારુલ ઉલૂમોને પોતાના કિંમતી સરમાયા વડે શક્તિ તથા મદદ પહોંચાડે છે તે જ શહેરમાં અહલે સુન્નત વ જમાઅતનું કોઈ દારુલ ઉલૂમ નથી એટલા માટે પોતે આ શહેરના ગરીબ તથા મધ્યમવર્ગીય લોકોના બાળકોને દીની શિક્ષા પ્રાપ્ત કરવી કેટલી કઠણ છે. આ શહેર જે લગભગ દેશના ઈલ્મી ચિરાગોને તેલ પહોંચાડીને તેમની જ્યોતને પ્રકાશિત કરે છે તે પોતે જ આ પ્રકારના દીપકથી મેહરૂમ છે. હઝરત અશ્રફુલ ઓલમા قدس سرہની આ અનુભૂતિએ જ્યારે જોશ તથા ઉત્તેજનાનું રૂપ ધારણ કર્યું તો આપ ચૂપ ન રહી શક્યા અને દીની સંસ્થાની સ્થાપ્ના માટેનું યોગ્ય વાતાવરણ તૈયાર કર્યું અને અંતમાં સખીદાતાઓ ઉપર આધારિત મુખ્લિસોની એક ટીમ તૈયાર કરી "દારુલ ઉલૂમ મુહમ્મદિયા"ના નામે એક ઈદારાની સ્થાપ્ના કરી અને પોતે દર્સો તદરીસની મસ્નદ ઉપર બિરાજમાન થઈ ગયા. જો

કે આ મહાન કાર્યને માત્ર ખાલિસ અલ્લાહના માટે પ્રારંભ કરવામાં આવ્યું હતું એટલા માટે અલ્લાહના ફઝ્લો કરમથી તેને રાત દિવસ પ્રગતિ પ્રાપ્ત થઈ ગઈ. મુંબઈમાં ઉપસ્થિત ઓલમાએ કિરામ જેઓ અલગ અલગ મસ્જિદોમાં ઈમામત કરતા હતા અને શાનદાર તદરીસી (દર્સી) સલાહિયત ધરાવતા હતા તે બધા હઝરત અશ્રફુલ ઓલમાની સરપરસ્તીમાં તદરીસી સેવાઓને પોતાના માટે સઆદત સમજ્યા અને ઈદારો પ્રગતિ કરતો રહ્યો. આ ઈદારાથી આલિમો તથા ફાઝિલોની જમાઅત નીકળતી રહી અને એક સમય એવો આવ્યો કે ખૂદ હઝરત અશ્રફુલ ઓલમાના લાયક તથા સલાહિયત ધરાવનારા શાગિર્દોએ આ ઈદારાની દર્સગાહી સેવાની જવાબદારી પોતાના માથે લઈ લીધી, અને હવે આ ઈદારો દેશના મહાન ઈદારાઓની પંક્તિમાં દષ્ટિમાન થવા લાગ્યો. હઝરત અશરફુલ ઓલમાએ સ્થાપિત કરેલ આ ઈદારાને જોઈને મુંબઈના અલગ અલગ ઈલાકાઓના સાહિબે ખૈર લોકો પણ જાગૃત થઈ ગયા. એવું લાગે છે કે હઝરતનો સ્થાપેલ ઈદારો "દારુલ ઉલુમ મુહમ્મદિયા" માત્ર એક ઈદારો જ નથી રહ્યો બલ્કે તેણે એક તેહરીકનું રૂપ ધારણ કરી લીધું છે જેના પરિણામે મુંબઈની ધરતી ઉપર એક સાલેહ તથા પાકીઝા ઈન્કિલાબ આજે પણ નજર આવે છે.

## ★ ફત્વા તથા તક્વાના સંગમ ★

હઝરત અશ્રફુલ ઓલમાએ પોતાના દિલને હમેશાં સાફ સુથરુ તેમજ ગંદકીઓ તથા નફ્સાની નફરતોથી પાક સાફ બનાવી રાખ્યું. જો એક બાજુ આપનું દિમાગ આલિમ હતું તો બીજી તરફ આપનું દિલ સૂફી હતું. આધુનિક યુગની એક દુઃખદ સ્થિતિ એ પણ છે કે વધુ પડતું એ જોવા મળે છે કે જેનું દિમાગ આલિમ છે તેનું દિલ સૂફી નથી અને જેનું દિલ સૂફી છે તેનું દિમાગ આલિમ નથી ! બીજા શબ્દોમાં જે ફત્વાવાળા છે તે તક્વાવાળા નથી અને જે તક્વાવાળા છે તે ફત્વાવાળા નથી. આ રીતે દરેક પોતાની જગ્યાએ અધૂરા જ છે. હઝરત અશરફુલ ઓલમા ક્યારે ક્યારે એવી પરિસ્થિતિમાંથી પણ પસાર થયા જેની કઠણાઈ જાહેરમાં તો સહન ન કરી શકાય તેમ હતી. આવી કપરી પરિસ્થિતિઓમાં આદમી પોતાની દિમાગી સ્થિરતા ગુમાવી બેસે છે, પરિણામે ન તો મોટાઓનો અદબ તથા એહતેરામ દિલમાં રહે છે અને ન તો નાનાઓ ઉપર શફકત તથા મહેરબાનીનો વિચાર આવે છે. આવી સખત તથા તકલીફવાળી પરિસ્થિતિમાં પણ હઝરત અશ્રફુલ ઓલમાએ પોતાને સંપૂર્ણ રીતે સાચવીને રાખ્યા. ન્યાય તથા ઈન્સાફનો દામન હાથથી ન જવા દીધો. ક્યારે પણ અફવાઓની ગરમબાઝારી તેમના દિલને હચમચ ન કરી શકી. તેમણે ન તો મોટાઓના અદબ તથા એહતેરામથી દૂરી રાખી અને ન તો નાનાઓને પોતાની શફકત તથા મહેરબાનીથી મેહરૂમ રાખ્યા. હઝરત અશરફુલ ઓલમા قدس سرہ ઈલ્મ તથા અમલની એક જીવતી જાગતી તસ્વીર હતા. આપના અસંખ્ય ખૂબીઓ ધરાવનાર વ્યક્તિત્વએ જ આપને હર દિલ અઝીઝ બનાવી આપ્યા હતા. જે આપના વલી હોવાની દલીલ છે. અલ્લાહ તઆલા જેને પોતાનો મુકર્રબ બનાવી લે છે તો તમામ મખ્લૂકના દિલોમાં તેની મહોબ્બત પ્રસરાવી આપે છે.

હઝરત અશ્રફુલ ઓલમા અલ્લામા સૈયદ હામિદ અશરફ સાહબ અશરફી رحمۃ اللہ علیہ ખાનવાદાએ અશરફિયા માટે ખરેખર ખાતિમુલ અકાબિર (અંતિમ બુઝુર્ગોમાંથી એક ) હતા. અને નિઃસંકોચ :–

*સાહિબે ફઝ્લ લાજવાબ થા વો*
*અશરફી બાગ કા ગુલાબ થા વો*
*મર્કઝે લુત્ફે શાહે સિમ્નાની*
*ગૌષો ખ્વાજા કા ઈતેખાબ થા વો*

દુઆ છે કે અલ્લાહ તઆલા હઝરત અશ્રફુલ ઓલમા قدس سرہના રૂહાની ફયઝાનથી આપણને ક્યારે પણ મેહરૂમ ન કરે. (આમીન)

*(બહવાલા : માહે નૂર, ફેબ્રુ–માર્ચ–૨૦૦૮, અશરફુલ ઉલમા નંબરમાંથી સાભાર)*

# ઈમામે આ'ઝમ પર કયાસને અગ્રતા આપવાના આક્ષેપની ભીતરમાં ડોકિયું

રજૂકર્તા
મૌલાના મુહમ્મદ સાદિક સાબરી દહેગામી

દીનના કોઈપણ મસ્અલાને ચાર વસ્તુઓથી સાબિત કરવામાં આવે છે : (૧) કિતાબ (કુર્આન) (૨) સુન્નત (હદીષ) (૩) કયાસ (૪) ઈજમાઅ

કયાસ એ અલ્લાહ તઆલાના ફર્માન :–

وَلَا رَطْبٍ وَّلَا يَابِسٍ اِلَّا فِىْ كِتَابٍ مُّبِيْنٍ ''કોઈ પણ સૂકી અને લીલી વસ્તુ એવી નથી જે રોશન કિતાબ કુર્આનમાં ન હોય. *(સૂરએ અન્આમ–૫૯)*''ના વિરુદ્ધ નથી, એટલા માટે કે આયતે મુબારકામાં કિતાબે મુબીનથી મુરાદ લોહે મેહફૂઝ છે. અથવા એટલા માટે કે કયાસમાં મકીસ અલયહ (જેના પર કયાસ કર્યો હોય) કિતાબ જ છે. અને મકીસ (જે વસ્તુનો કયાસ કરવામાં આવે) મકીસ અલયહ બંનેવનો હુકમ એક હોય છે. તો શાખ (મકીસ)નો હુકમ પણ કુર્આન (મકીસ અલયહ)માં મૌજૂદ છે. એટલે કે કયાસ કિતાબ અને સુન્નતથી અલગ થઈ કોઈ બીજી વસ્તુ નથી, હા ! તેની જરૂરત તે વખતે પડે છે જયારે કિતાબ અને સુન્નતમાં હુકમ સાફ સાફ વર્ણન પામેલ ન હોય, એટલા માટે કયાસનો મર્તબો પણ કિતાબ અને સુન્નત પછી છે.

ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ પર ગૈર મુકલ્લિદો કહેવાતા એહલે હદીષો એ એતેરાઝ કરતા રહે છે કે ઈમામે આ'ઝમના મઝહબના વધુ પડતા મસાઈલ કયાસથી છે અને તેઓ નસ (કુર્આન હદીષના સાફ સાફ હુકમ) પર કયાસને પ્રમુખતા આપે છે. આવી બેહૂદા વાતો એવા જ લોકો કરી શકે છે જેમને અલ્લાહના ફર્માન :–

ان السمع و البصر و الفواد كل اولئك كان عنه مسؤلا

(બેશક ! કાન, આંખ, દિલ દરેક વિશે સવાલ કરવામાં આવશે)નો બિલકુલ ખયાલ ન હોય, એટલા માટે કે આ ઈમામે આ'ઝમ પર ગલત આક્ષેપ અને બેબુનિયાદ ઈલ્ઝામ છે.

મસાઈલના ઈસ્તિંબાત (ઘડવા)માં ઈમામે આ'ઝમનો તરીકો એ છે કે જેવું કે ખૂદ ફર્માવે છે કે અમો સખ્ત જરૂરતના વખતે જ કયાસ કરીએ છીએ. સૌથી પહેલાં તે મસ્અલાના બાબતે કિતાબુલ્લાહ (કુર્આન), સુન્નતે રસૂલ (હદીષ) અથવા સહાબાએ કિરામના ફેંસલાઓને જોઈએ છીએ, જો તેમાં દલીલ નથી મળતી ત્યારે મસ્કૂત અન્હૂ (જેના પર ખામોશી ઈખ્તેયાર કરવામાં આવે)ને મન્તુક બેહી (જેના પર વાત ચાલે) પર સબબની એકતાની સ્થિતિમાં કયાસ કરીએ છીએ.

એક બીજી રિવાયતમાં આ મુજબ છે કે સૌ પ્રથમ અમે કિતાબુલ્લાહને લઈએ છીએ, પછી સુન્નતે રસૂલને, પછી સહાબાએ કિરામના હુકમોને જેના પર તેઓ અમલ કરતા હતા તેને ઈખ્તિયાર કરીએ છીએ. અને જો તેમાં વિવિધતા હોય છે તો અમો બંનેવ મસ્અલામાં યોગ્ય કારણ અને મજબૂત દલીલોથી એક હુકમને બીજા પર કયાસ કરીએ છીએ ત્યાં સુધી કે મતલબ બિલકુલ સાફ થઈ જાય. *(ઉલ્માઉલ મુસ્લિમીન વજહલતુલ્ વહાબિય્યીન, પેજ–૬૩)* કયાસને પ્રમુખતા આપવાના ઈલ્ઝામની હકીકતને જાણવા માટે અબૂ જાફર અને અબૂ મુતીઅની રિવાયતનો અભ્યાસ કરો.

ઈમામ જાફરે ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہથી પોતાની મુત્તસિલ સનદની સાથે રિવાયત કરી છે કે ઈમામે આ'ઝમ ફમાર્વતા હતા કે, ''તેણે મારી ઉપર જૂઠો ઈલ્ઝામ લગાડયો જે અમારા વિશે કહે છે કે અમે નસ પર કયાસને અગ્રતા આપીએ છીએ. શું નસ (સાફ સાફ હુકમ) પછી પણ કયાસની જરૂરત છે ?!''

અબૂ મુતીઅ ફર્માવે છે કે એક દિવસ અમે કૂફાની જામેઅ મસ્જિદમાં હતા. એટલામાં સુફિયાન ષૌરી મકાતિલ ઈબ્ને હિબ્બાન, હમ્માદ ઈબ્ને સલમા, જાફર સાદિક વગેરે ફુકહા આપની પાસે તશરીફ લાવ્યા, તેઓએ આપની સાથે વાતચીત કરી અને કહ્યું કે, ''અમને ખબર પહોંચી છે કે આપ દીનના મામલામાં કયાસ વધારે કરો છો ! અમોને આપથી એ વાતનો ડર

છે કે સૌ પ્રથમ કયાસ કરનાર ઈબ્લીસ છે.'' તો ઈમામે આ'ઝમે તેઓ સાથે જુમ્આના દિવસે સવારથી ઝવાલ સુધી મુનાઝરો કર્યો અને તેમની સામે પોતાનો મઝહબ પેશ કર્યો અને ફર્માવ્યું કે, ''હું પહેલાં કુર્આન પર અમલ કરું છું, પછી હદીષ પર, પછી સહાબાએ કિરામના ફેંસલાઓ પર જેના પર તેઓ અકમત હોય છે, અને વિભાજીત હોવાની સૂરતમાં કયાસ કરું છું.'' તો **બધા લોકો ઊભા થઈ ગયા અને આપના હાથ અને ગુથણને બોસા આપ્યા અને કહ્યું કે આપ ઉલ્માના સરદાર છો !** આપના વિશે જે વાત અજાણતાના કારણે બોલાઈ ગઈ છે તેને માફ ફર્માવો. તો આપે ફર્માવ્યું, અલ્લાહ અમને અને તમોને સૌને માફ ફર્માવે.

ઈમામ જા'ફરે ઈમામે આ'ઝમના વગર જરૂરે કયાસ કરવા અને તેને નસ પર પ્રમુખતા આપવાના ઈલ્ઝામથી પાક હોવા પર ઘણી લાંબી ચર્ચા કરી છે. એવા લોકોનો વિરોધ કર્યો છે જેમણે આપ પર કયાસને નસ (કુર્આન–હદીષની દલીલ) પર અગ્રતા આપવાનો ઈલ્ઝામ લગાડયો છે. તેઓ ફર્માવે છે, ''યકીનન ! ઈમામે આ'ઝમ અબૂ હનીફાથી સહી રિવાયત એ છે કે આપ હદીષને અગ્ર સ્થાને રાખે છે, પછી આષાર (સહાબાના કથનો) પછી કયાસ કરે છે. કયાસ તે વખતે કરે છે જ્યારે તે હુકમ, કુર્આન, હદીષ અને સહાબાના ફેંસલાઓમાં મૌજૂદ ન હોય. આ જ ઈમામે આ'ઝમથી સહી નકલ છે.

ખલીફા અબૂ જાફર મન્સૂરે ઈમામે આ'ઝમને લખી મોકલાવ્યું કે, મને ખબર મળી છે કે આપ હદીષ પર કયાસને પ્રમુખતા આપો છો !? આપે ફર્માવ્યું, અમીરુલ મો'મિનીન ! મામલો એવો નથી બલ્કે હું પહેલાં કિતાબુલ્લાહ પછી સુન્નતે રસૂલ (હદીષ) પર અમલ કરું છું, પછી અબૂબક્ર, ઉમર, ઉષ્માન અને અલી رضوان الله تعالىٰ عليهم اجمعين તથા અન્ય તમામ સહાબાના ફેંસલા પર અમલ કરું છું. જો તેઓ કોઈ મસ્અલામાં વિવિધતા વાળા હોય છે તો હું કયાસ કરું છું. *(અલ્ મીઝાનુલ કુબરા)*

ઈમામે આ'ઝમનો મામલો એવો છે કે ખૂદ તેમનો સહીહ કૌલ એ છે કે, ''કોઈ હદીષ જો મારા મઝહબના વિરુદ્ધ પામે તો તેના પર અમલ કરે.'' જેવું કે મુકદ્દમએ શામીમાં અલ્લામા બૈરીના હવાલાથી છે :–

જ્યારે સહીહ હદીષ હોય અને તે મઝહબના વિરુદ્ધ હોય તો હદીષ પર અમલ કરવામાં આવે અને એ જ ઈમામે આ'ઝમનો મઝહબ હશે. અને તેમનો મુકલ્લિદ એના પર અમલ કરવાથી હનફી હોવાથી નહીં જાય. કેમ કે ઈમામથી સહીહ રિવાયતમાં છે કે જ્યારે હદીષ સહીહ હોય તો તે જ મારો મઝહબ છે.

અલ્લામા શામીએ ''શરહે ઉકુદે રસમુલ મુફતી''માં રિવાયતને નકલ કર્યા પછી ફર્માવ્યું કે :–

''એને ઈમામ ઈબ્ને અબ્દુલ બૈરે ઈમામે આ'ઝમ અને એમના સિવાય બીજા ઈમામોથી નકલ કર્યું છે અને ઈમામ શઅરાનીએ પણ ચારેવ ઈમામોથી એને નકલ કર્યું છે.'' *(શરહે ઊકુદ : ૧૧૭)*

આ હકીકતો પછી પણ ઈમામને કય્યાસ (કયાસ કરનાર) કહેવું અથવા નસ (કુર્આન હદીષની દલીલ) પર કયાસને અગ્રતા આપવાનો જૂઠો ઈલ્ઝામ લગાડવો એ ઐતિહાસિક હકીકતોથી આંખ આડા કાન કરવા સમાન અને એ સચ્ચાઈઓથી ઈન્કાર કરવું છે જેનો સુબૂત ફકીહોની કિતાબમાં લખેલ છે.

એટલા માટે કુર્આન અને હદીષથી અહકામ કાઢવામાં તમામ ઈમામોનો આ જ તરીકો રહ્યો છે કે તેઓ કિતાબ (કુર્આન), સુન્નત (હદીષ) પછી જ કયાસ કરતા હતા. ખૂદ ઈમામ શાફઈ رحمة الله عليه ફર્માવતા હતા કે, ''જ્યારે અમોને કોઈ મસ્અલાની દલીલ નથી મળતી તો તેના બીજા મસ્અલા પર કયાસ કરીએ છીએ.'' એટલા માટે ઈમામે આ'ઝમ પર આ ઈલ્ઝામ લગાડવો તમામ ઈમામો પર ઈલ્ઝામ લગાડવું છે. એટલા માટે કે કોઈ ઈમામ એવો નથી જે નસો (કુર્આન–હદીષની દલીલો) અને ઈજમાઅમાં મસ્અલાની દલીલ ન હોવાના સમયે કયાસ પર અમલ ન કરતો હોય. હા ! નસ (કુર્આન–હદીષની દલીલ)ની મૌજૂદગીમાં એ લોકો કદી પણ કયાસ કરતા ન હતા અને ન તો કયાસને નસ (કુર્આન–હદીષની સ્પષ્ટ દલીલ) પર અગ્રતા આપતા હતા, જેવું કે એ'તેરાઝ કરનારાઓનું કહેવું છે.

*(બહવાલા : અમજદિયા ત્રિમાસિક ઉર્દૂ, ઘોસી, અપ્રિલથી જૂન–૨૦૦૮)*

# મુસલમાનોની પડતીનો સબબ અને તેનો ઈલાજ......

રજૂકર્તા
મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી
(દારૂલ ઉલુમ બરકાતે ખ્વાજા, આમોદ)

કૌમે મુસ્લિમ પોતાના પવિત્ર આદેશો, આધ્યાત્મિક સુવિચારો, સુસભ્ય માર્ગદર્શનો અને ઈસ્લાહી તા'લીમાતને લઈને ને કેવળ આજ સુધી વૈશ્વિક સાંસ્કૃતિ પર ઉચ્ચ રહી છે બલ્કે કયામત સુધી કોઈ સુસભ્ય કૌમ તેના સમી નથી થઈ શક્તી. આનો સ્વીકાર આઝાદ ખયાલ ચિંતકોએ પણ કર્યા છે અને ઈસ્લામ દુશ્મન બુધ્ધિજીવીઓએ પણ કર્યો છે. આના પર જ્ઞાનવિદ્દોનાં કથનો તથા દ્રષ્ટાંતો અને ધર્મશાસ્ત્રીઓના અનુભવો સાક્ષી છે. અલ્લામા અબ્દુલ અલીમ મેરઠી عَلَیہِ الرَّحمَۃُ وَ الرِّضوَان એ જયારે સુવિખ્યાત નાટયકાર જયોજ બર્નાડ શો સાથે ઈસ્લામના વિષય પર ચર્ચા કરી તો તેણે સત્વરે કહ્યું કે, "મૌલાના ! જો ઈસ્લામ તે જ છે જે આપ બતાવી રહ્યા છો તો મારી આગાહી છે કે દુનિયામાં એક માત્ર ઈસ્લામી સંસ્કૃતિ જ બાકી રહેશે, અન્ય ધર્મો તથા સંસ્કૃતિઓ રેતીની જેમ હવામાં વેરવિખેર થઈ જશે."

પરંતુ અફસોસ સદ અફસોસ ! આજે એ જ પાકીઝા કૌમના અસંખ્ય લોકોની અમલી હાલત ઘણુ જ દયાજનક છે. ભૌતિક્તા, બુધ્ધિવાદીપણુ અને પશ્ચિમવાસીઓના આંધળા અનુસરણે મુસ્લિમોને ઈસ્લામની પવિત્રતાથી ગાફેલ કરી દીધા છે. એ જ કારણ છે કે ઈલ્મ પ્રાપ્તિથી લઈ મૈદાને અમલ સુધી, ઘરની ચારદીવારોથી લઈ ગલીકૂચા સુધી, માંની ગોદથી લઈ કબ્ર સુધી જીવનના પ્રત્યેક ક્ષેત્ર અને જિંદગીના દરેક વિભાગમાં આજે કૌમે મુસ્લિમ પશ્ચિમીઓને અનુસરે છે ! તેમના અનુકરણ અને તેમની જ માનસિક ગુલામીમાં સપડાએલ છે. દુઃખ એ છે કે પશ્ચિમની ગુલામી માત્ર અમલ અને જાહેરી રહન સહન સુધી જ સીમિત નથી બલ્કે વેસ્ટર્ન કલ્ચરે ઈસ્લામથી સંબંધ ધરાવતા એક વિશાળ વર્ગના લોકોના દિલો દિમાગને અને વિચારશૈલીને પણ પરિવર્તિત કરી નાખેલ છે.

કાલ સુધી જે વસ્તુઓ આપણા સમાજમાં ધૃણિત હતી તે જ આજે પ્રસંશાપાત્ર છે, જે તુચ્છતાથી જોવામાં આવતી હતી તે આજે સારી સમજવામાં આવે છે ! આ એક એવું કારણ છે જેના લીધે આપણો સમાજ ગુનાહો અને બુરાઈનો ગઢ બની ગયો છે, ચૈન તથા સુકૂન, અમ્નો સલામતીની બહારો રૂઠી ગઈ, દરેક આવતી જતી સવાર સાંજ લૂટમાર જેવી ઘટનાઓથી ભરેલી હોય છે, હક્ક મારવો, નાઈન્સાફી, રિશ્વતખોરી જેવી બાબતો એક જરૂરતની જેમ મનુષ્ય જીવનમાં આવી ગઈ છે, ચોતરફ નાજાઈઝ રસ્મો રિવાજ અને બદતરીન કૃત્યો જોવા મળે છે. અફસોસ ! કહેવાતા બુધ્ધિજીવી, આઝાદ મિજાઝ, પશ્ચિમના દિવાના ન સમજી શક્યા કે પશ્ચિમીઓના સંશોધનો તો પ્રસંશાપાત્ર થઈ શકે છે પરંતુ તેમના ભૌતિક વિચારો કદાપિ અનુકરણને પાત્ર નથી થઈ શક્તા, કારત કે તેમાં અખ્લાક તથા આમાલની પવિત્રતા તથા રૂહાનિયતનો પ્રકાશ સંદતર નથી.

મુસ્લિમ સમાજની બદહાલીનું એક કારણ જેવી રીતે પશ્ચિમી સંસ્કૃતિ તથા મોર્ડન જીવન શૈલીનો દુષ્પ્રભાવ છે તેવી જ રીતે કૌમે મુસ્લિમની પોતાના જ મઝહબી અકાઈદથી અજ્ઞાનતા અને તેનાં અખ્લાકી તથા રૂહાની મૂલ્યોથી બેખબરી પણ બીજુ કારણ છે, હજુ પણ આવા લોકો ઈસ્લામી તા'લીમાત પર અમલ કરતા થઈ જાય તો જીવનના દરેક ક્ષેત્રે અમ્નો સલામતી અને માન મર્તબાની બહારો પાછી આવી શકે છે.

ઈતિહાસ સાક્ષી છે કે ભૂતકાળમાં મુસલમાનોની ઈજ્જત, અઝમત, ઉચ્ચતા, અગ્રિમતા, તાકત તથા કુવ્વત, સામાજિક અમ્નો શાંતિ, આર્થિક સુખનું કારણ અલ્લાહ તઆલાની જાત પર સંપૂર્ણ વિશ્વાસ અને યકીને કામિલ તથા તેના નબીએ બરહકની મહોબ્બત

તથા આપની ફર્માબરદારી હતું, જેનો નિર્દેશ કુર્આને પણ કર્યો છે :–

ولاتهنوا ولا تحزنوا وانتم الا علون ان كنتم مؤمنين-

''અને ન સુસ્તી કરો, ન ગભરાવો, તમે જ સર્વોપરી રહેશો જો (હકીકતમાં) મૌમિન હશો.'' *(આલે ઈમરાન :૧૩૯)*

આ અગત્યના મુદ્દાને ત્યજીને કૌમે મુસ્લિમ કદી જીવનની દોડમાં પ્રગતિ, ઉન્નતિ, સફળતા તથા ઉચ્ચતાની મંઝિલો નથી પામી શક્તી. કારણ કે સમાજ અને મુઆશરાની આવી તબાહી તથા બર્બાદી ઈન્સાની ઈતિહાસની કોઈ પહેલી ઘટના નથી. કુર્આનના આ સિધ્ધાંતને ત્યજીને આવી કેટલીયે ઘટનાઓ ઘટી ચૂકી છે.

નિઃસંકોચ મુસલમાનોની કામ્યાબી ઈમાન તથા અકીદાની દુરૂસ્તગી અને આ'માલે સાલેહાની પાબંદી પર નિર્ભર છે. ઈર્શાદે ખુદાવંદી છે :–

والعصر ان الانسان لفی خسر الا الذين آمنوا وعملو الصالحات وتواصوا بالحق وتواصو باصبر

''મહબૂબ ﷺના જમાનાની કસમ ! નિઃશંક ! મનુષ્ય જરૂર નુકસાનમાં છે, પરંતુ જેઓ ઈમાન લાવ્યા અને નેક અમલ કર્યા અને એકબીજાને હકની તાકીદ કરી અને એકબીજાને સબ્રની વસીયત કરી.'' *(સૂરએ અસ્ર)*

સારાંશ કે આ બગડેલા સમાજની સુધારણા અને ઉમ્મતે મુસ્લિમાની અઝમતો રિફઅત તથા દેશની અમ્નો શાંતિનો એક માત્ર માર્ગ એ જ છે કે આવારા દિલને ઈસ્લામની અખ્લાકી અને રૂહાની તાલીમાતથી સુસજ્જ કરવામાં આવે અને લોકોના દિમાગમાંથી પશ્ચિમી વિચાર શૈલીથી ઉપજેલી ગલત વાતોને કાઢવામાં આવે, કુર્આન હદીષના આદેશોને સરળ અને આકર્ષક રીતે પ્રચાલિત કરવામાં આવે અને દીનની હકીકત તથા વાસ્તવિક્તાની લોકોને સમજ આપવામાં આવે જેથી કુર્આન તથા હદીષની તબ્લીગ સાથે દિલોની સફાઈ પણ થઈ શકે. કારણ કે જ્યાં સુધી દિલોની સફાઈ ન થાય ત્યાં સુધી જાહેરી પરિવર્તન પણ નથી સર્જાતુ. એટલે જ તો કોઈ આઝાદ ખ્યાલ મુફક્કિરે કહ્યું હતું કે ''કૌમે મુસ્લિમને બર્બાદ કરવી હોય તો તેના દિલમાંથી મહોબ્બતે રસૂલ ﷺકાઢી નાખો.''

એટલે કૌમે મુસ્લિમ માટે જરૂરી છે કે તે જાહેરી અને આંતરિક રીતે પોતાના સમાજ અને મુઆશરાની સુધારણા માટે અખ્લાક તથા કિરદાર, બોલચાલ, રહન સહન તથા જીવનના દરેક ક્ષેત્રમાં નબવી બંધારણનું સંપૂર્ણ પાલન કરે, પોતાની આદતો ટેવોને નિઝામે મુસ્તફા ﷺના સાંચામાં ઢાળવાની કોશિશ કરે જેથી અંગે અંગથી તરીકએ નબવીનો પડછાયો ઝલકે અને રૂંવે રૂંવાથી સુન્નતે રસૂલ ﷺની ખુશ્બુ ફૂટે, દિલો જિગરને આપની મહોબ્બતમાં એટલાં મગ્ન કરી લે કે આપની મરજી પ્રમાણે ચાલ્યા વગર ચૈન ન મળે અને આપની સહેજ નાફર્માની થતાં શરીર અને રૂહ કાંપી ઉઠે, એમાં જ નજાત છે. અને આ સિવાય સર્વ માર્ગો તબાહી, બર્બાદી તથા ઝિલ્લત અને રૂસ્વાઈના છે. *(અમજદિયા, જાન્યુ.–માર્ચ–૨૦૦૯)*

*તરીકે મુસ્તફા કો છોળના હૈ વજહે બર્બાદી*
*ઈસીસે કૌમ દુન્યા મેં હુઈ બે ઈક્તેદાર અપની*
*હમેં કરની હૈ શહંનશાહે બત્હા કી રઝા જોઈ*
*વો અપને હો ગએ તો રહમતે પરવરદિગાર અપની*

**ખુશખબર !**

## હુઝૂર તાજુશ્શરીઅહ دامت برکاتہمને ''ફખ્રે અઝહર'' એવોર્ડ !

સર્વ સુન્નીઓને એ જાણીને ખુશી થશે કે નબીરાએ આ'લા હઝરત, તાજુશ્શરીઅહ, પીરે તરીકત હઝરત અલ્લામા મુફતી **અખ્તર રઝાખાં અઝહરી** دامت برکاتہمને મિસરની વિશ્વ વિખ્યાત અરબી યુનિવર્સિટી **જામેઅ અઝહર–મિસર**ના તરફથી તેમની અરબીમાં અરબને ચડે તેવી પારંગતતા તથા ઈલ્મી વિપુલતાને જોતાં **''ફખ્રે અઝહર''** એવોર્ડ એનાયત થયો છે. અમો સૌ ગુજરાતી સુન્નીઓ વતી હઝરત કિબ્લાને આ એવોર્ડથી ઈઝ્ઝત અફઝાઈ થવા બદલ મુબારકબાદ આપીએ છીએ. *–તંત્રી*

**અવળે હાથે કાન પકડવા તે આનું નામ !**

# સ્ત્રીઓને સ્વતંત્રતા આપવી ન જોઈએ ?!

કાર્યાલય

સ્ત્રીઓની પવિત્રતા તથા ઈજ્જતની સાચવણી માટે ઈસ્લામ ધર્મના સિધ્ધાંતો જો રજૂ કરવામાં આવે છે તો ઈલેકટ્રોનિક મીડિયા તથા વર્તમાન પત્રો ચીખી ઉઠે છે અને ત્રાસવાદી જેમ વેધક શબ્દોના હેન્ડગ્રેનેડ મુસ્લિમોના માહોલમાં બેચેની ખડી કરવા આડેધડ ફેંકે છે અને ફાવે તેમ બેફામ શબ્દોમાં ઈસ્લામની કે ઈસ્લામના નિષ્ણાત આલિમોની ''પેલા મુલ્લાઓ કહે છે....!'' કહીને ટીકાઓ કરવામાં પાછી પાની નથી કરતાં, અને'' ઈસ્લામે સ્ત્રીને ચાર દિવારીમાં કૈદ કરી છે, તેણીને કોઈ હક્કો નથી આપ્યા, તેણીને આઝાદી નથી આપી બલ્કે ગુલામડી બનાવી છે, સ્ત્રીઓ પર જુલ્મ કર્યો છે.....વગેરે'' જાત જાતના અને ભાત ભાતના આક્ષેપો કરી મૂકે છે. એવા જ એક દૈનિક પત્રને વાસ્તવિક્તાનું જાણે ભાન થયું હોય તેમ શું લખે છે તે જુઓ !

'ગુજરાત સમાચાર' દૈનિક પત્ર (તા. ૨૫–૨–૨૦૦૯) ના 'ન્યુઝ ફોક્સ' કોલમમાં આ હેડીંગ સાથે એક લેખ છે : '' સમાજમાં લગ્ન બાહ્ય સંબંધો ભયજનક હદે વધી રહ્યા છે ! '' એનો અર્થ એ છે કે સમાજમાં વ્યભિચાર વધી રહ્યો છે એની એમને પણ ચિંતા તો છે જ પણ ઈલાજ જણાતો નથી ! એટલે આ કોલમમાં લખે છે કે :–

**★ મનુસ્મૃતિગ્રંથના વિધાનમાં ચિંતનની જરૂર ! ★**

*''નવી દિલ્હીમાં પ્રેકિટસ કરતા માનસશાસ્ત્રી ડોક્ટર સંજય ચુઘ એક ચોંકાવનારું વિધાન કરતાં કહે છે કે, 'બેવફાઈ હવે આપણે લાઈફસ્ટાઈલનો એક હિસ્સો બની ગઈ છે.'' મુંબઈની ફેમિલી કોર્ટમાં પ્રેકિટસ કરતા એક વકીલ કહે છે કે, 'ઈ.સ. ૧૯૯૫માં જે દર સાત લગ્ન પડી ભાંગતાં હતાં, તેમાનાં એકમાં બેવફાઈ કારણભૂત રહેતી હતી. આજે દર ત્રણ લગ્ન પડી ભાંગે છે, તેમાંના એકમાં કારણભૂત બેવફાઈ હોય છે. અને ૩૦ ટકા લગ્નો આજે સ્ત્રીની બેવફાઈને કારણે જ તૂટી પડતાં હોય છે.'* ***જેમ જેમ વધુને વધુ મહિલાઓ ઘરની ચાર દિવાલોની સલામતીને બંધન માનીને તેની બહાર નીકળવા માંડી છે, તેમ તેમ સામાજિક મર્યાદાઓનો લોપ થઈ રહ્યો છે.***

*જે મનુસ્મૃતિ ગ્રંથમાં ''સ્ત્રીઓને સ્વતંત્રતા અપાય નહીં'' તેવું વિધાન કરવામાં આવ્યું છે, તેમાં જ એવું વિધાન પણ કરવામાં આવ્યું છે કે, ત્યાં દેવતાઓનો વાસ હોય છે. ' આ વિધાન ઉપરથી ખ્યાલ આવે છે કે, મનુસ્મૃતિના રચયિતા સ્ત્રીઓના વિરોધી નહોતા પણ નારીજાતિનો ભારે આદર કરનારા હતા. તેઓ તો નારીજાતિની પૂજા કરવાની હિમાયત કરનારા હતા. પરંતુ નારી જો દુરાચારી હોય તો તેની પૂજા કેવી રીતે કરી શકાય ? તેની ચિંતા તેમને હતી. તેમને એ વાતની પણ જાણ હતી કે,* ***સ્ત્રીને જો વધુ પડતી સ્વતંત્રતા આપવામાં આવે તો તે પ્રકૃતિગત રીતે જ વાસના ધરાવતી હોવાથી ઝડપથી દુરાચાર તરફ વળી શકે છે. આ કારણે સ્ત્રીઓના ચારિત્ર્યની રક્ષા કરવાના ઉમદા હેતુથી જ તેમણે 'સ્ત્રીઓને સ્વતંત્રતા આપવી ન જોઈએ''*** *તેવું વિધાન કર્યું હશે,* ***એવું લાગ્યા વિના રહેતું નથી.*** *આર્થિક રીતે આઝાદ થયેલી મહિલાઓ આજે પોતાને મળેલી આઝાદીનો કેવો દુરુપયોગ કરી રહી છે તે જોયા પછી નારીવાદીઓએ પણ* ***મનુસ્મૃતિના ઉપરોક્ત વિધાનને નવા પરિપ્રેક્ષ્યમાં નિહાળવાની જરૂર ઊભી થઈ છે,*** *એમ લાગ્યા વિના રહેતું નથી.'' (ગુજરાત સમાચાર)*

એટલે કે આ વર્તમાન પત્રવાળાને પણ હવે ડહાપણની દાઢ ફૂટી ! '' સ્ત્રીઓને સ્વતંત્રતા એટલે બહુ છૂટછાટ આપવી નહીં, નહીં તો આપણી આબરૂના કાંકરા કરી નાખે ! '' એ વાતનો સ્વીકાર તેમણે લેખના પ્રારંભમાં આ રીતે કર્યો છે :–

**★ લગ્નબાહ્ય સંબંધોની ચિંતાજનક સ્થિતિ ! ★**

*''વૈદિક ધર્મના ગ્રંથ 'મનુસ્મૃતિ'માં એક વિધાન કરવામાં આવ્યું છે કે, 'સ્ત્રીઓને સ્વતંત્રતા અપાય નહીં.'' આ વિધાનને કારણે સ્ત્રી સ્વતંત્રતાનો ઝંડો ઉપાડીને ફરતી આધુનિક મહિલાઓ અત્યંત વ્યગ્ર બની ગઈ હતી અને તેમણે 'મનુસ્મૃતિ' ગ્રંથની જાહેરમાં હોળી પણ કરી હતી. આજે પણ નારીવાદીઓ 'મનુસ્મૃતિ' ગ્રંથની ટીકા કરવાની એક પણ તક જવા દેતા નથી.* ***મનુસ્મૃતિ ગ્રંથના આ ટીકાકારોએ 'ઇન્ડિયા ટુડે' મેગેઝિનમાં પ્રગટ થયેલો એક લેખ પણ વાંચવો જોઈએ, જેમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે, 'આર્થિક આઝાદી અને નોકરીને કારણે આજની આધુનિક નારીઓ અગાઉ કરતાં વધુ પ્રમાણમાં લગ્નબાહ્ય સંબંધો બાંધતી થઈ છે,*** *જેને કારણે છૂટાછેડાના પ્રમાણમાં પણ ભારે ઉછાળો આવ્યો છે,' સ્ત્રીઓની આઝાદી અને લગ્નબાહ્ય સંબંધો વચ્ચે ચોક્કસ સંબંધ દ્રષ્ટિગોચર થઈ રહ્યો છે.*

*ઈન્ડિયા ટુડેના લેખની પ્રસ્તાવનામાં જ જણાવવામાં આવ્યું છે કે, 'આર્થિક રીતે આઝાદ થયેલી ભારતીય મહિલાઓ પોતાની જાતનો સાક્ષાત્કાર કરી રહી છે અને તેઓ પોતાની જાતીય ઈચ્છાઓ તેમજ લાગણીઓને વાચા આપવામાં જરાય ડરતી નથી. જો આ મહિલાઓના પતિદેવો તેમની ઈચ્છાઓ પૂરી કરવા સક્ષમ ન હોય તો આ ઈચ્છાઓ અન્ય પુરુષો દ્વારા પૂરી કરવા માટે પણ તેઓ તૈયાર હોય છે.* ***આજના સમાજમાં જેમ મુક્ત વાતાવરણ ઊભુ થતું જાય છે તેમ વધુ સ્ત્રીઓ લગ્નબાહ્ય સંબંધો તરફ ધકેલાતી જાય છે. આ હકીકત દીવા જેવી સ્પષ્ટ અને આપણી આજુબાજુ તેના અનેક કિસ્સાઓ જોવા મળે છે.*** *મહિલાઓની આર્થિક આઝાદીના પગલે પરિણિત મહિલાઓને પણ પોતાના પતિ સિવાયના પુઢષ સાથે જાતીય સંબંધો બાંધવાની આઝાદી મળી ગઈ છે, જેનાં ગંભીર નુકસાનો છે.'' (ગુજરાત સમાચાર)*

વળી આગળ એ જ લેખમાં નર્યી વાસ્તવિક્તાનો તેમણે એકદમ નિખાલસતાપૂર્વક સ્વીકાર કર્યો. પર પુરૂષોની વચમાં નોકરી કરતી, રાતમાં ઘર બહાર કામ કરતી સ્ત્રીઓ વિશે લખે છે :–

**★ પતિની છત્રછાયા છોડી ક્યાંય ન જાવ ! ★**

*''કોલ સેન્ટરની નોકરીમાં મોડી રાત્રે કે વહેલી સવારે વાહનની અવરજવરમાં પુષ્કળ એકાંત અને અનૂકુળતા મળી જતી હોય છે. વળી સ્ત્રીનો સ્વભાવ મૂળભૂત રીતે વેલ જેવો હોય છે. જે પુરૂષ તેની સૌથી વધુ નજીક હોય, તેની તરફ તે અઢળક ઢળે છે. આ સંયોગોમાં સાથે નોકરી કરતા, સાથે હરતા ફરતા અને હસી મજાક કરતા પુરૂષો પ્રત્યે સ્ત્રી વધુ આકર્ષાઈ જાય અને તેની સાથે શારીરિક સંબંધો બાંધી બેસે તેવી શક્યતા ખૂબ જ વધી જાય છે.* ***સ્ત્રીઓના આ મૂળભૂત સ્વભાવથી માહિતગાર નીતિશાસ્ત્રોના રચયિતાઓએ જ સ્ત્રીને પોતાના પતિની છત્રછાયા છોડીને ક્યાંય ન જવાની શિખામણ આપી હશે ને ?''*** *(ગુજરાત સમાચાર)*

**હવે આ મુસીબત ગળે ફસાઈ છે તેનો સ્વીકાર તેઓ કરી રહ્યા છે અને સ્ત્રીઓને નીતિશાસ્ત્રોએ પતિની છત્રછાયા છોડી ક્યાંય ન જવાની શીખામણ આપી તેને યોગ્ય કૂબૂલે છે** ! પણ તેનો કોઈ સચોટ ઈલાજ તેઓ એ લેખમાં દર્શાવી શક્યા નથી, પણ છેલ્લે અમુક શિખામણો લખી છે જેનાથી કાંઈ વળે એવું નથી !

આ જ વાત જો ઈસ્લામી કાનૂન પ્રમાણે સ્ત્રીને પર્દામાં રહેવા માટે તથા ઘરમાં રહી પોતાની ઈજ્જત સાચવવાની વાત રજૂ કરવામાં આવે તો તેના વિરૂદ્ધ હોબાળો મચાવી દેનારાં આ વર્તમાન પત્રો કેટલી સાહજિક્તાથી તેમના વૈદિક ધર્મ ગ્રંથ 'મનુસ્મૃતિ' ની સ્પષ્ટ વાત કે ''સ્ત્રીઓને સ્વતંત્રતા અપાય નહીં''ને સ્વીકારી રહ્યાં છે ! ખૈર ! સીધા હાથે નહીં તો અવળે હાથે પણ તેમણે કાન તો પકડયા !

**★ લગ્ન બાહ્ય સંબંધો (વ્યભિચાર) દૂર કરવાનો ઈસ્લામિક ઈલાજ ! ★**

સીધી વાત છે કે સ્ત્રી ઘરની બહાર પર્દા વિના

બની ઠનીને ફરે, અજાણ્યા પુરૂષોના સહવાસમાં સતત આવ્યા કરે તો ખૂબ જ ભય રહે છે કે ક્યાંય આડો વહેવાર (લગ્નબાહ્ય સંબંધ) બાંધી બેસે. એવું ન થાય અને સ્ત્રીની ઈજ્જત સચવાય તથા સમાજમાં ગંદકી ન ફેલાય અને પાકીઝા સમાજનું ઘડતર થાય એટલા માટે જ કુર્આન ફર્માવે છે :–

(અર્થ) : 'જ્યારે તમે એમનાથી કોઈ સામાન માંગો તો પર્દાની પાછળથી માંગો, આ તમારા અને એમનાં દિલોના માટે વધારે સાફ સ્વચ્છ રીત છે.'' *(સૂ. અહઝાબ, પા. ૨૨, રુ. ૪)*

ઈસ્લામમાં દિલની સફાઈને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યું છે દિલ સાફ તો આખુ શરીર સાફ અને સમગ્ર સમાજ સાફ તથા શાંતિમય ચૈન સુકૂનવાળો હશે. એટલે ઘરમાં રહેતી સ્ત્રીઓને પણ કાંઈ કામ પડે તો પર પુરૂષ જઈને ડાયરેક્ટ ન મળે બલ્કે ઉપર હુકમ થયો તેમ પર્દાની આડ હેઠળ જ મળે. સ્પષ્ટ છે કે **આ સાવચેતી હશે તો લગ્નબાહ્ય સંબંધો પેદા થશે નહીં.** માટે જેઓ લગ્નબાહ્ય સંબંધથી ચિંતામય છે તેમણે દરેકે કુર્આનના આ હુકમ પર અમલ કરવો જાઈએ.

વળી એ તો સર્વ જાતિ ધર્મના લોકો સ્વીકારે છે કે પહેલાંના જમાનામાં વર્તમાનકાળ કરતાં શરમ તથા સંકોચ, સુસંસ્કારની સુગંધથી સર્વ સમાજો મહેક્તા હતા અને પશ્ચિમી કલ્ચરના અનુકરણથી નાલાયક ફિલ્મી નર્તકીઓ તથા હિરો હિરોઈનનાં છૂટછાટવાળાં દ્રશ્યો ફેલાવાથી, ઘરોમાં ટી.વી. દ્વારા ફિલ્મો, બિભત્સ સીરીયલો રજૂ થવાથી સમાજમાં શરમ, હયા, સંસ્કારોનો જનાઝો નીકળી ગયો છે. પણ ઈસ્લામે તો ૧૪૦૦ વરસ પહેલાં એવું ન બને તે માટે ચેતવણી આપી અને જણાવ્યું, તે પણ અતિ પવિત્ર સ્ત્રીઓ એટલે કે નબીની પત્નીઓ, પુત્રીઓ તથા તે પવિત્ર યુગની સૌથી અધિક પાકબાઝ મુસલમાન સ્ત્રીઓને જણાવ્યું કે :–

''અય નબી ! પોતાની પત્નીઓ, સાહેબઝાદીઓ અને મુસલમાનોની સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે, એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ નહીં આપવામાં આવશે, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે.'' *(સૂ. અહઝાબ, રુકૂઅ–૫)*

આજે પણ જે સ્ત્રી પર્દામાં હશે તેને કોઈ બિભત્સ ઈશારો નહીં કરે, સીટી નહીં મારે, એ તો સૌને અનુભવ છે, બલ્કે તેને સૌ માનથી જોશે. જ્યારે કોઈ બેપર્દા નખરાળી સ્ત્રી જોવા મળે તો તેની છેડતી કરવાના બનાવો સ્વભાવિકપણે બનતા પણ જોવા મળે છે. તો શા માટે સમાજની પવિત્રતા સાચવવા ઈસ્લામના આ હુકમોને સ્વીકારી લેવામાં ન આવે !

સ્ત્રીની ઈજ્જત ઘરમાં રહેવામાં જ છે. બજારૂ સ્ત્રીઓ જેમ ભટકવાની ઈસ્લામે મનાઈ કરી છે. કુર્આનમાં છે, (અર્થ) : ''પોતાના ઘરોમાં રહો અને અગાઉની જાહિલિયત જેમ બેપર્દા ન ફરો.'' *(સૂ. અહઝાબ, રુકૂઅ–૧)* આજે સ્ત્રીઓ શરમ હયા નેવી મૂકીને બજારો, પાર્કો, સિનોમાઘરો વગેરેમાં બની ઠનીને ફરતી થઈ ગઈ છે અને આમાંથી જ વાસનાના ભૂખ્યાઓના સંપર્કમાં આવતાં લગ્ન બાહ્ય સંબંધો ઉપસ્થિત થાય છે. અને જરૂરત માટે બહાર જવાનું થાય તો ઉપર જણાવ્યા મુજબ પર્દો કરીને જાય તો સર્વ બુરાઈઓથી સમાજ સુરક્ષિત રહેશે.

વધુ લખી લખાણ લંબાવવાનો અર્થ નથી કેવળ દર્શાવવું એ છે કે **ઈસ્લામની પાકીઝગીની તાલીમ જો અપનાવવામાં આવે તો દુનિયાભરમાંથી લગ્નબાહ્ય સંબંધો, પછી તેના કારણે થતા ઝઘડા, તલાક઼ો, આપઘાતના કે સ્ત્રીને જીવતી બાળી દેવાના બનાવો સર્વ આફતોથી છૂટકારો મળી શકે છે.** કમસે કમ મુસલમાનોને તો મારી અપીલ છે કે **તમે જો તમારા રબનું નહીં માનો તો કોણ માનશે ?! તમે તો અમલ કરો !** અને નહીં અમલ કરો અને ગૈર મુસ્લિમો જેમ બેપર્દા રહેશો તથા પત્નિ, પુત્રીઓને બે પર્દા ફેરવશો તો ખુદાના ક઼ાનૂનથી આવી બગાવતનો અંજામ વેઠવા પણ તૈયાર રહેજો ! અલ્લાહ સૌને નેક સમજ આપે. આમીન

મુદર્રિસો માટે ખાસ !

હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના વ્યક્તિત્વનું ઘડતર કર્તા કિરદારની રોશનીમાં

# નવી પેઢીના દિમાગની સુધારણા અને એક મુદર્રિર્સની જિમ્મેદારી

રજૂકર્તા : **મુહમ્મદ સરફરાઝ સૂરતી** *(મુતઅલ્લિમ દારૂલ ઉલુમ નૂરે મુહમ્મદી–દયાદરા)*

માનવીના માટે ત્રણ મદ્રસા ખૂબ જ મહત્વના છે અને એ ત્રણેવની મિશ્ર અસરોથી પણ માનવીનું બૌધ્ધિક તથા ઈલ્મી વ્યક્તિત્વ તૈયાર થાય છે.

૧. માં બાપની ગોદ અને ઘરનો માહોલ.

૨. આસપાસ એટલે કૌમ તથા કબીલા તથા દેશનો માહોલ.

૩. દર્સગાહ અથવા ઉસ્તાદની બારગાહ.

ઈસ્લામ ધર્મમાં આ ત્રણેય મદ્રસાઓને પાક સાફ રાખવાની વસિય્યત કરવામાં આવી છે જેથી મુબારક પેઢી પેદા થાય.

''હે ઈમાનવાળાઓ ! પોતાને તથા પોતાના હેઠળનાઓને એવી આગથી બચાવો જેનું બળતણ માણસો તથા પથ્થર છે. '' *(સૂ.તહરીમ, પારા ૧૮)*

જલાલૈનમાં છે : ખુદાની ફર્માંબરદારી માટે શોખ અપાવીને અમલ કરાવીને (જહન્નમથી બચાવો), અને એવું ત્યાં સુધી થશે નહીં જ્યાં સુધી માહોલને પાક કરવામાં ન આવે.''

પરંતુ એ સૌમાં સૌથી અધિક અસરકર્તા ઉસ્તાદનાં ચિંતનો તથા વિચારધારા હોય છે, બલ્કે હકીકતમાં ઉસ્તાદ નવી પેઢીનો સર્જક તથા કૌમનો ઘડવૈયા હોય છે. જો તમે મુદર્રિસ છો તો તમે પોતાની જિમ્મેદારી પર નજર ફેંકો કે કૌમના નાનાં બાળકો જે તમારી સમક્ષ છે તેઓ કેવળ દર્સ (સબક) જ નથી સાંભળતા બલ્કે તેઓ તમારી એક એક અદા દિલમાં ઉતારવાની કોશિશ કરે છે, જેથી તમારે તમારી વિચાર દ્રષ્ટિ, ચિંતનની દિશાઓ, મંતવ્યો તથા અમલ પર ખૂબ જ તીવ્ર દ્રષ્ટિ રાખવી પડશે.

જે મુદર્રિસીન હઝરાત આ વાતો દ્રષ્ટિ સમક્ષ રાખે છે તેમના સાયાને ખુદા સલામત રાખે, પરંતુ કેટલાક હઝરાત એ સિવાયના પણ હશે.

તમો એક સરકારી મુદર્રિસ છો, મોલ્વી છો તો શું તમે પાબંદીથી મદરસે આવો છો ? તમામ કિતાબોનો દર્સ જિમ્મેદારીથી આપો છો ? જો નહીં ! તો તમે મહાન ગલતી કરી રહ્યા છો !

નાજાઈઝ પૈસો, કૌમની સાથે ગદ્દારી અને એક એવી પેઢી તૈયાર કરી રહ્યા છો જે ન જિમ્મેદાર હશે અને ન તો ઈલ્મથી સજ્જ. જો તમે સરકારી મુદર્રિસ નથી તો આપને મોહતમિમ સાહબ સામે ઓછા પગારની જરૂર ફરિયાદ હશે, પરેશાની હશે અને જો તમે એ સૌને સંયમથી સહન કરી જાવ છો તો અલ્લાહ તેનો અજર આપશે.

અને જો તમે તલબા સમક્ષ ઈલ્મે દીનની બુરાઈ કરો છો, કૌમની શિકાયત કરો છો, તો સમજો કે તમે દીનના તલબગારને ઈલ્મે દીનથી ઘૃણા કરનાર બનાવવાનો મહાન જુર્મ કરી રહ્યા છો.

અને જો પોતે પણ કિતાબનો અભ્યાસ કરો છો, દરેક ક્ષેત્રની ચર્ચા વિસ્તારપૂર્વક કરો છો, સંતોષપૂર્વક પઢાવો છો તો તમને મુબારકબાદ છે. અને એથી ઉલ્ટુ જો તમે કિતાબનો અભ્યાસ નથી કરતા, વિષયને સંપૂર્ણપણે નથી પઢાવતા તો તમે કઢંગા, જાહિલ લોકોને તૈયાર કરી રહ્યા છો જેઓ પોતે તો બેકાર હશે જ બલ્કે પૂરી કૌમ પર બોજ બનશે. જો તમે એક મુદર્રિસ છો તો આપના વ્યક્તિત્વમાં સમતોલપણુ કઈ રીતે થશે, એવું થશે પણ ક્યારે કે તમે ધ્યેય નિશ્ચિત કરો. જો તમારો ધ્યેય જાંપરવરી (મજાથી જીવવું) છે તો થશે નહીં. અને જો તમારો ધ્યેય દીનની ખિદમત છે, એક મુબારક નવી નસ્લ (પેઢી)નું ઘડતર કરવું છે તો તમે આ વાતોનું જરૂર ધ્યાન રાખશો. એક સમૃધ્ધ મકસદ જ્યાં સુધી કૌમના જિમ્મેદારો સમક્ષ નથી હોતો ત્યાં સુધી સમતોલ (અડગતાવાળી) પેઢી તૈયાર થશે નહીં.

મેં કાંઈ કેટલાયે ગરીબ ઈસાઈ કુટુંબો જોયાં જેઓ ગ્રામ્ય વિસ્તારોમાં સ્કૂલ ચલાવે છે, થોડીક જ આવક છતાં તેઓ ઈસાઈયતની તબ્લીગમાં એટલા સક્રિય છે કે પોતાની કોઈ અદાને બેકાર જવા નથી દેતા. અંગ્રેજો અને ખાસ કરીને ઈસાઈ કૌમની આ જ એક મહાન ખૂબી છે કે તેણે પોતાના મક્સદને પોતાના કૌમના ફાયદા માટે નિશ્ચિત કરેલ છે. જેથી એક મુદર્રિસ માટે જરૂરી છે કે તે જાગૃત દિમાગવાળો, વિશાળ અભ્યાસી, અડગ, દીનના ઉસૂલો પર સખ્તીપૂર્વક આમિલ (અમલ કરનાર) હોય, કેમ કે તે એક નવી પેઢીનો સર્જક છે.

એના અનુસંધાનમાં ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં આ'લા હઝરત رحمۃ اللہ علیہ પછી આપણે મુદર્રિસો માટે નજીકના ભૂતકાળમાં એક શખ્સિયત થઈ ગઈ છે કે જેને આપણે આપણો આઈડિયલ બનાવી શકીએ છીએ, અને તે છે હાફિઝે મિલ્લત અલ્લામા શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી رحمۃ اللہ علیہ. હું હાફિઝે મિલ્લત પાસે પઢયો નથી પરંતુ તે બુઝુર્ગો પાસે જરૂર પઢયો છું જેમણે હાફિઝે મિલ્લત પાસે ડાયરેક્ટ ફયઝ હાંસલ કર્યો હતો. એ બુઝુર્ગો પાસેથી હાફિઝે મિલ્લતના વ્યક્તિત્વ તથા તેમના ગુણો વિશે જે કાંઈ સાંભળતો તેને હું લખી લેતો, મોટાભાગે પૂછતો રહેતો ત્યાં સુધી કે હઝરતની શખ્સિયત સંપૂર્ણપણે મારી સમક્ષ જાણે હાજર થઈ ગઈ. તેમનો તાલીમ તથા તદરીસનો અંદાઝ, દોસ્તો, સાથીઓ તથા કૌમ સાથે વર્તાવ, અભ્યાસમાં દિલચસ્પીનાં ક્ષેત્રો ઉભરીને સામે ઉપસી આવ્યાં તો તેમાં એક મહાન મુફક્કિર, મુદર્રિસ, અખ્લાકનો નમૂનો બલ્કે એક નવી પેઢીનો સંવારનાર તથા સર્જક જોયો. અને આજ એક પાસુ છે જે દરેક મુદર્રિસના માટે અનુકરણીય છે. તેમણે પોતાની સાદગીપૂર્ણ અદાઓ વડે મુફક્કિર, મુહદ્દિષ, કૌમના રહનુમા, ખતીબ, અદીબ (સાહિત્યકાર) શાઈર અને વિવિધ ખૂબીઓવાળી એક એવી પેઢી તૈયાર કરી આપી જે દીનની અજોડ ખિદમત અંજામ આપી રહી છે. એ થોડીક અદાઓને તમે પણ વાંચી લો !

૧. તલબાને હમેશાં ઈખ્લાસ (નિખાલસતા, નિઃસ્વાર્થપણા) તથા દીનની ખિદમતની વસિયત કરતા હતા.
૨. વિરોધીઓના કિરદાર પર ઉશ્કેરાતા ન હતા અને ન તો તેમના કિરદારની ટીકા ટીપ્પણીમાં ઉતરતા.
૩. કૌમને જેવી વ્યક્તિઓ તથા જે મેદાનોમાં નિષ્ણાતોની જરૂરત હતી તો લાયકાતવાળાઓને એના પ્રતિ ધ્યાનિત કરતા.
૪. સુન્નતની પયરવીની હમેશાં એવી પાબંદી કરતા કે જે થોડાક દિવસ સોહબતમાં રહેતો તે આપોઆપ પાબંદ થઈ જતો.
૫. કદી કોઈ કિતાબ અભ્યાસ કર્યા વિના પઢાવતા ન હતા, બલ્કે એ ફેઅલને સખત નાપસંદ કરતા.
૬. તલબાને દર્સની સાથે એ વિષયની ઉમ્મહાતુલ્કુતુબ (પાયાની કિતાબ)નો અભ્યાસ કરાવતા હતા.
૭. તદરીસમાં પ્રથમ દર્સની તસ્વીર ખેંચતા પછી કેન્દ્રિય મુદ્દાને નિશ્ચિત કરતા, પછી તર્જુમો કરાવતા અને અંતમાં છેવટે ખુલાસો કરતા.
૮. એ અંદાજમાં તર્જુમો કરતા હતા કે મોટા ભાગના વાંધા તથા શંકાઓ આપોઆપ જ દૂર થઈ જતાં.
૯. થોડાક જ દિવસની સોહબતમાં તાલિબે ઈલ્મ ઈખ્લાસવાળો, મહેનતી તથા ઈલ્મનો દીવાનો બની જતો.
૧૦. શાગિર્દોને સબ્ર તથા અડગતાની વસિયત કરતા.

આ તે દસ ઉસૂલ છે જે બસ પૂરતા છે, જેના સબબે હાફિઝે મિલ્લતે કૌમને મુફક્કિર ઉલમાની નવી નસલ અતા કરી. આપની સાદગીભરી જિંદગી તથા ઉચ્ચ ચિંતન એક કરામત હતી.

જેથી બસ હાફિઝો મિલ્લતની શખ્સિયત એક મુદર્રિસના માટે આઈડિયલ હોવી જોઈએ જે કૌમને એક મુબારક નસલ (પેઢી) આપવા ચાહે છે.

જો તમે એક મુદર્રિસ છો તો તમે એક ઘણા જ મહાન હોદ્દા પર બિરાજમાન છો, એક અતિ જિમ્મેદાર હોદ્દો, ખતરનાક હોદ્દો ! જો તમે એક સારી પેઢી છોડીને દુનિયાથી જાવ છો તો તમને તમારા તથા તમારા શાગિર્દોના અમલનો સવાબ મળશે. અને જો સુસ્ત, બે અમલ, આળસુ નસલ છોડીને જઈ રહ્યા છો તો એ બુરાઈનું ફળ વેઠવું પડશે. *(અશ્રફિયા, ઓગષ્ટ–'૦૮)*

# નબી કરીમ ﷺના બદ્નસીબ "કુખ્યાત ગુસ્તાખો"ની યાદી

| | |
|---|---|
| ★ અબૂ જહલ<br>★ અબૂ લહબ<br>★ ઉત્બા<br>★ શયબા<br>★ વલીદ બિન મુગીરહ વગેરે...વગેરે.... | આ પ્રારંભના ઉઘાડા કાફિર ગુસ્તાખો છે. કુર્આન હદીષમાં આ બદ્બખ્તો વિશે વર્ણન આવેલું છે, જેઓએ હુઝૂર ﷺને તેમજ સહાબાને જાતજાતની તકલીફો આપી હતી. |
| ★ મુહમ્મદ અબ્દુલવહહાબ નજદી | અંગ્રેજોના સહારે મુસ્લિમોમાં વિખવાદ કરાવવા માટે વહાબિયત સ્થાપનાર મહા ગુસ્તાખે રસૂલ થઈ ગયો. |
| ★ ઈસ્માઈલ દહેલ્વી (દેવબંદી પેશ્વા) | "તક્વિયતુલ ઈમાન"માં હુઝૂર ﷺની શાનમાં ખૂબ જ હલકા શબ્દો લખી બેઅદબી કરનાર બદ્નસીબ ! |
| ★ ગુલામ અહમદ કાદયાની કઝ્ઝાબ<br>★ અશરફ અલી થાનવી દેવબંદી<br>★ રશીદ અહમદ ગંગોહી દેવબંદી<br>★ કાસિમ નાનોત્વી દેવબંદી<br>★ ખલીલ અહમદ અંબેઠવી દેવબંદી<br>★ હુસૈન અહમદ ટાંડવી દેવબંદી<br>★ અબ્દુશ્શકૂર કાકોરવી દેવબંદી<br>★ ઈબ્રાહીમ પટેલ (માજી તંત્રી : ઉમ્મીદ)<br>★ તાહિર ગયાવી દેવબંદી<br>★ તથા સર્વ અગાઉના હાલના દેવબંદી ઉલમા | આ નજીકના ભૂતકાળના તેમજ વર્તમાનકાળના મુસ્લિમ નામી ગુસ્તાખો છે જેમાંના મોટાભાગના વિશે કિતાબ **"હુસ્સામુલ હરમૈન"**માં કુફ્રના ફત્વા ત્યારના હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ના ઉલમા થકી અપાયેલા મૌજૂદ છે જેમાં છે કે **"જે તેઓના કુફ્રમાં શક કરે તે પણ કાફિર છે."** આ કિતાબનો ગુજરાતી અનુવાદ પણ અમારી પાસે મૌજૂદ છે, અને આ કિતાબ અરબી ઉર્દૂમાં પણ મૌજૂદ છે. |

**નોંધ** : "દારુલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિયા ભરૂચ"–**કંથારિયા**ના માસિક **"દારુલ ઉલૂમ"** (નવેમ્બર–૨૦૦૮, પેજ–૬૦)માં **"મુસ્લિમોને ગુમરાહ કરનાર બદ્નસીબ ગુમરાહ માનવીઓની યાદી"** એવા હેડિંગ સાથે **"શિર્ક ફેલાવ્યું"** એવું લખીને *અહમદ રઝા ખાન બરેલ્વી, નઈમુદ્દીન મુરાદાબાદી, હશ્મત અલી પીલીભીતી વગેરે* સુન્ની ઉલમાનાં નામો લખ્યાં છે કે તેમણે શિર્ક ફેલાવ્યું. તો તેઓ સાબિતી સાથે લખે જેમ કે ઉપરોક્ત દેવબંદી ઉલમાને "હુસ્સામુલ હરમૈન"માં મક્કા–મદીનાના ઉલમાએ ગુસ્તાખે નબી ઠરાવી કુફ્રના ફત્વા આપ્યા છે તેમ તે દૌરના મક્કા–મદીનાના ઉલમાએ "શિર્ક ફેલાવનાર"ના ફત્વા આ દર્શાવેલ સુન્ની ઉલમાને આપ્યા છે ?! જો નહીં ! તો જાતે જાતે દલીલ આપ્યા વિના ફક્ત એક લીટીમાં "શિર્ક ફેલાવનાર"નો આક્ષેપ લગાડવો એ નર્યી નાઈન્સાફી, ખયાનત તથા જુર્મ છે. બલ્કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہની મક્કા–મદીનાના ઉલમાએ "મુજદ્દિદ" ઠરાવી પુષ્કળ પ્રશંસાઓ કરેલી છે જેને એ જ કિતાબ "હુસ્સામુલ હરમૈન"માં જોઈ શકાય છે.

રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**, તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક), મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ

# બરકાતે ખ્વાજાની ટપાલ.......... કાર્યાલય

## ★ અમારું અવલોકન ★

કિતાબ : ફયઝાન કરમ (Faizan Karam) (અંગ્રેજી + ગુજરાતી બંને ભાષામાં સાથે)

સંપાદક : 'કમાલ' મુસ્તફાબાદી (હાલ : પ્રેસ્ટન, યુ.કે.) આવૃત્તિ : ૧, પેજીસ : ૨૧૨ (ટોટલ)

પ્રકાશક : રઝવી કિતાબ ઘર, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ

નોંધ : રૂા. પાંચની ટપાલ ટિકિટ મોકલીને મફત મંગાવો

આ કિતાબના સંપાદક જનાબ "કમાલ" મુસ્તફાબાદી (ટંકારવી) વરસોથી પ્રેસ્ટન, યુ.કે.માં વસેલા છે. સ્વભાવે નમ્ર, સાદગી પ્રિય, એક દીનદારની સાથોસાથ ચુસ્ત સુન્ની તથા સાહિત્યિક ભેજુ ધરાવતા બાકમાલ શાયર છે. જેથી આપના લખાણમાં ઠેર ઠેર નઅતો, મુક્તકો, શેઅરો વિખેરાયેલાં મોતીઓ જેમ ચમકી રહ્યાં છે. સર્વ બુઝુર્ગાને દીન પ્રત્યે એક સુન્નીને અક઼ીદત હોવી જોઈએ, તેમ આપના લખાણમાં એ વાત ઝલકી રહી છે અને આપને આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વીથી ખાસ અક઼ીદત હોવાનું પ્રદશિત થાય છે કે જે સહીહુલ અક઼ીદા સુન્નીની ઓળખ છે.

ઈ.સ. ૧૯૫૭થી યુ.કે.માં મુસ્લિમોનો વસવાટ શરૂ થયો ત્યારથી હાલ સુધી ત્યાં સુન્ની મુસ્લિમોની શું પ્રવૃત્તિઓ રહી, કઈ મસ્જિદ પ્રથમ બની, કયા કયા પીરો, ઉલમા, મશાઈખ ત્યાં ગયા, કઈ કઈ તેહરીકો ત્યાં ક્યારે પહોંચી અને શું કારકિર્દી તેમની છે વગેરેનો સુંદર ચિતાર આપે રજૂ કર્યો છે.

સાથોસાથ વહાબી દેવબંદી અક઼ીદાની તથા તેમના ગુમરાહકુન કુર્આની તર્જુમાની સરખામણી આ'લા હઝરતના તર્જુમાએ કુર્આન "કન્ઝુલ ઈમાન" સાથે રજૂ કરીને જોરદાર ઝાટકણી કરી તેઓની બદ્અક઼ીદગીને ઉઘાડી પાડી છે. સુન્નિયત પ્રત્યેના દર્દની ઝલક આપના લખાણોમાં ખાસ જોવા મળે છે. મૌલા તઆલા તેમની આ મહેનતને ક઼બૂલ ફર્માવે અને તેમની નજાતનો એને સબબ બનાવે. આમીન. આ કિતાબ અમારા થ્રુ છપાવી એમાં સંજોગોને આધિન જનાબ સંપાદકને ઘણી મુંઝવણો તકલીફો પડી છે જે બદલ અમો માફી ચાહીએ છીએ. ઉમ્મીદ છે અંગ્રેજી–ગુજરાતી બંને ભાષામાં મળતી આ કિતાબથી જરૂર લોકો લાભ ઉઠાવશે. *–તંત્રી*

## ★ શાદીખાના આબાદી ! ★

**સલાદરા** : હાજી મજલેસાહબ બાવાની નેક દુખ્તર સાદિક઼ાબાનુની શાદી અશ્ફાકહુસૈન (S/o.સૈયદ અહમદ–ચાંચવેલ)ની સાથે તા. ૨૬–૪–'૦૯ના રોજ રાખવામાં આવી.

**દયાદરા** : ઝોહરા હસન ખલીફાના નેક ફરઝંદ સુહૈલની શાદી શાહીનબાનુ : (D/o.ખલીફા ઉષ્માનગની ગુલામરસૂલ–વસો) સાથે તા. ૨૬–૪–૨૦૦૯ રવિવારે અકુજી કો. હોલ દયાદરા ખાતે રાખવામાં આવી.

**મોરબી** : હાજી શકીલભાઈ હાજી ક઼ાદરભાઈ જાલીયાવાળાના નેક ફરઝંદ તુફૈલ અહમદની શાદી તા. ૪–૫–૨૦૦૯ના રોજ મોરબી ટંકારા મેમણ જમાતખાના ખાતે યાસ્મીનબાનુ (D/o.અ. કાદર મચ્છીવાલા–ડબકા) સાથે રાખવામાં આવી.

**વડોદરા** : મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ ઉષ્માનગનીભાઈના ભાઈ તુફૈલ અહમદ (S/o.મુહમ્મદ રફીક મેમણ)ની શાદી તા. ૪–૫–૨૦૦૯ના રોજ યાસ્મીનબાનુ (D/o. અબ્દુલભાઈ ડબકાવાળા) સાથે રાખવામાં આવી.

**બુવા** : ઈસ્માઈલભાઈ છતભાના નેક ફરઝંદ મૌલાના ઈરફાન અશરફીની શાદી તા. ૧૧–૫–૨૦૦૯ના રોજ આલિમા શમીમબાનુ (D/o. અમરસંગ કાભઈ સારણ)ની સાથે સારણ મુકામે રાખવામાં આવી.

**ટુંડજ** :થી ભારતસંગ જસભા રાણાના દિકરા અજીતસિંહના નેક ફરઝંદ સરફરાઝની શાદી સલમાબાનુ (D/o. રાઠોડ ચંદુભાઈ અમરસંગ ટુંડજ)ની સાથે તા. ૨૫–૫–૨૦૦૯ના રોજ રાખવામાં આવી.

**વડોદરા** : સલીમભાઈ ગુલામ મુહમ્મદ મન્સૂરી (વાડી–ટેક્નો પ્રિન્ટવાળા)ની નેક દુખ્તર નસરીનબાનુની નિકાહખ્વાની બુધવારે ઈશા બાદ તા. ૧૩–૫–૨૦૦૯ (૧૭–જમા. અવ્વલ હિ.સ. ૧૪૩૦)ના રોજ મુહમ્મદ સમીર (S/o.મુહમ્મદ અમીન ગુલામ હુસૈન મન્સૂરી, ખૈયામ હોટલવાળા–વડોદરા) સાથે થઈ. ૧૪–૫–૨૦૦૯ના જમવાની દા'વત હતી.

રબ તઆલા સર્વ દુલ્હા દુલ્હનની જિંદગીઓને ખુશીઓથી ભરી આપે અને તેમનાથી નેક સુન્ની નસલ જારી રહે એવી દુઆ સાથે સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી*

## ★ સૂફી નિઝામુદ્દીન પરત આવ્યા ★

સુન્ની આલમની મશહૂર વલી સિફત હસ્તી લગભગ ૮૦–૮૫ વરસની વયના હઝરત પીરે તરીકત અલ્લામા સૂફી નિઝામુદ્દીન બરકાતી (અમરડોભાવાળા) તા. ૧૩–૪–૨૦૦૯ના રોજ વૈશાલી સુપર ફાસ્ટથી દિલ્હી જતા હતા. પણ રાત્રે ટોંડલા કે અલીગઢ રેલ્વે સ્ટેશને ખબર નહીં કઈ રીતે ઉતરીને બિહાર જતી ટ્રેનમાં સવાર થઈ ગયા. એક અઠવાડિયા પછી ખબર પડી કે બતિયા જિલ્લા બિહારની કોઈ મસ્જિદમાં આપ મૌજૂદ છે ત્યાંથી પરત લાવવામાં આવ્યા. –તંત્રી

## ★ મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી હોસ્પિટલમાં ! ★

અહલે સુન્નતના અગ્રગણ્ય ચોટીના અતિ મુખ્લિસ બાકમાલ કલમકાર, મશહૂર આલિમે દીન, બાનીએ દારુલ કલમ હઝરત અલ્લામા મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી સાહબ હાલ દિલ્હી નેહરૂનગર ખાતે નેમહંસ હોસ્પિટલમાં અતિ બીમાર સ્થિતિમાં સારવાર હેઠળ છે. દુઆ કરશો કે રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં ગૌષો ખ્વાજાઓ રઝા વ જુમ્લા ઔલિયાના વસીલાથી તેમને વહેલી તકે તંદુરસ્તી બખ્શે અને તાદેર તેમનો સાયો અહલે સુન્નત પર કાયમ દાયમ રહે. (આમીન) –તંત્રી

## ઈન્તેકાલપુર મલાલ

**થામ** : જનાબ ઈબ્રાહીમભાઈ નમાઝીનાં વાલિદા મોહતરમા હજીયાણી ફુલીબેન ઉમરજી નમાઝીબાપુનો ઈન્તેકાલ ૯૬ વરસની વયે તા. ૨૧–૨–૨૦૦૯ના રોજ થયો.

**ચોરંદા** : (તા. કરજણ) મુકામે સિલસિલા આલિયા કાદરિયા સાબરિયાના બુઝુર્ગ સૈયદ ગુલામ રસૂલમિયાં બાવા સાહબ (ખલીફા હુઝૂર હાફિઝ સાહબબાવા ટોંકી–પાકિસ્તાન)નો ઈન્તેકાલ તા. ૨૪–૩–૨૦૦૯ બુધવારે થયો જેમની નમાઝે જનાઝા તેમના પૌત્ર તથા ખલીફા સૈયદ ચિશતીમિયાં સાબરીએ પઢાવી. –(રજૂ. મૌલાના સાદિક સાબરી દહેગામી)

**હલદરવા** : મુકામે અમારા મિત્રો જનાબ ગુલામભાઈ તથા સિકંદરભાઈ કારપેટવાલા (બાબૂત)નાં વાલિદા મોહતરમા બીબી આદમ બાબૂતનો ઈન્તેકાલ તા. ૨૪–૩–૨૦૦૯ મંગળવારના રોજ થયો છે.

**સાંસરોદ** : મુકામે અમારા મુહિબ્બ જનાબ હાફેઝ ઉષ્માનભાઈ ફટકીયાનાં વાલિદા મોહતરમા હજીયાણી ફાતમા હાજી હાફેજી ઉમરજી ફટકિયાનો ઈન્તેકાલ તા. ૧૦–૪–૨૦૦૯ જુમ્આના રોજ થયો છે.

**પોરબંદર** : કાસિમ હાજી યૂસુફ હામદાણીનાં અહલિયા રૂખ્સાનાબાનુ તા. ૨૩–૪–'૦૯ના રોજ ઈન્તેકાલ કરી ગયાં. મર્હૂમાના ઈસાલે સવાબ અર્થે રૂા. ૧૦૦/– લિલ્લાહ બરકાતે ખ્વાજા (માસિક)ને મળ્યા છે. જઝાકલ્લાહ !

**વોરાસમની** : જનાબ હાફેઝ આદમ શયદા (મુદર્રિસ : દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફા રઝા C/o. અમીને શરીઅત એજ્યુ. ટ્રસ્ટ–ધ્રોલ)ના વાલિદ સાહબ તા. ૨૮–૪–૨૦૦૯ મંગળવારના રોજ ઈન્તેકાલ કરી ગયા.

**અમદાવાદ** : નૂરજહાં બહેનની દિકરી નાઝેરાનાનો ઈન્તેકાલ થતાં મર્હૂમાના ઈસાલે સવાબ અર્થે કિંગ ફૂટવેર–કડીયાકુઈ, અમદાવાદથી રૂા. ૩૦૦/– લિલ્લાહ બરકાતે ખ્વાજા (માસિક)ને મળ્યા છે. જઝાકલ્લાહ !

ઉપરોક્ત સર્વ મો'મિન મર્હૂમો માટે દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે કુર્આન ખ્વાની કરી ઈસાલે સવાબ કરવામાં આવ્યો. દુઆ છે કે મૌલા કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં સર્વ મો'મિન મર્હૂમોની મગફેરત ફર્માવે જન્નતમાં આ'લા મકામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી*

## "જન્નતી ઝેવર" કિતાબ મંગાવો

કિતાબ : **"જન્નતી ઝેવર"** પેજીસ–૬૧૧, હદિયો : રૂા. ૧૨૫/– (૧૦ રૂા. ટપાલ ખર્ચ અલગ)

લેખક : **ઉસ્તાઝુલ ઉલમા હઝરત મૌલાના અબ્દુલ મુસ્તફા આ'ઝમી** رحمۃ اللہ علیہ

અનુવાદક તથા પ્રકાશક : મુફતીએ કચ્છ **હઝરત અલ્લામા સૈયદ અલ્હાજ અહમદશાહ હાજીમિયાં બુખારી કાદરી** (માંડવી–કચ્છ)

પ્રાપ્તિસ્થાન : **રઝવી કિતાબ ઘર**, મુા.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪ ૬૪૪૧

આમ તો સર્વને કામની પણ **ખાસ બહેનો માટે** લખવામાં આવેલી આ કિતાબમાં અકીદાથી લઈને નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત તથા ઈસ્લામી નેક ખાતૂનોનું વર્ણન તથા અન્ય ખૂબ જ ઈસ્લાહી મસાઈલ એમાં વર્ણવેલા છે. દીકરીઓને દહેજમાં T.V., V.D.O. નહીં પણ આવી કિતાબ તથા ગુજરાતીમાં કુર્આન "કન્ઝુલ ઈમાન" વગેરે આપી નેકીઓના હક્કદાર બનો. ઉપરોક્ત કિતાબ દયાદરાના સરનામે M.O. કરીને અવશ્ય મંગાવી બહેનોમાં વંચાવશો. –*તંત્રી*

## ★ જરૂરી એલાન ★

**દર્સે કુર્આન તથા દર્સે સીરતે મુસ્તફા** ﷺની બયાનની **CD, MP3** બયાન મૌલાના સૈયદ મુઝફફર હુસૈનશાહ સાહબ (ખતીબો ઈમામ હબીબીયા મસ્જિદ, ધોરાજી કોલોની, કરાંચી) હદિયો રૂા. ૨૫/– (ટપાલ ખર્ચ અલગ)

મેળવવા માટે સંપર્ક કરો : ઓસામા મુહમ્મદ અલ્તાફ સૂરિયા, બી/૨૬, અમન સોસાયટી, જીવન જ્યોતની પાછળ, ડો. ઝાકિર મેમણની બાજુમાં, ઉધના–સુરત, (મો.) ૯૦૯૯૭ ૧૦૯૦૨

## સખીદાતા આ તરફ ધ્યાન કરશે ?!

હનફી ફિકહની દીની મસાઈલની લાજવાબ કિતાબ **"બહારે શરીઅત"** (લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી ખાં عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان) જેના ગુજરાતીમાં ૧ થી ૧૦ ભાગો ક્રમે ક્રમે છપાયા હતા. પણ હાલ ઉપલબ્ધ નથી જેને ફરીથી ૧ થી ૫ અને ૬ થી ૧૦ આમ બે ભાગોમાં બહાર પાડવાનું કામ ચાલી રહ્યું છે. તો આ ખર્ચાળ કામમાં તમારા મર્હૂમોના સવાબ અર્થે લિલ્લાહ તથા ઝકાત, સદકા વગેરેની પણ મદદ મોકલશો.
સંપર્ક કરો : બરકાતે ખ્વાજા (માસિક), મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**યુ.કે.માં** : મૌલાના યૂનુસ મિસ્બાહી–પ્રેસ્ટન, ફોન : ૮૮૭૮૬૧, મૌલાના મોહસિન–બોલ્ટન, (ફોન) ૬૬૦૦૧૮, મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી–બોલ્ટન, (ફોન) ૩૮૩૪૨૫, મૌલાના ઈકબાલ મિસ્બાહી–બોલ્ટન (મો.) ૭૭૫૩૮૪૧૬૦૧ તથા મૌલાના મુફતી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી–લેસ્ટર (મો.) ૭૮૯૧૯૪૨૮૧૮, હાફેઝ ઈકબાલ દરબાર–લંડન, (ફોન) ૨૦૮–૫૫૨૭૨૧૭ વગેરે થકી સહાય મોકલો.


### બોનાન્ઝા એસ.ટી.ડી., પી.સી.ઓ.

*C/o. યૂસુફ શેઠ, મુા.પો. દયાદરા,*
તા. જિ. ભરૂચ, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૬૫, ૨૮૦૪૪૦, ૨૮૦૧૯૦ (મો. ૯૪૨૭૪ ૩૭૫૯૦)
A\4 સાઈઝ **કલર ઝેરોક્ષ** તથા **ડોક્યુમેન્ટના લેમિનેશન માટે, ઈસ્લામી બયાનો, નઅતો, કન્ઝુલ ઈમાનની** CD તેમજ **કુર્આની તફસીરની** CD, **ફેક્સ, ઈન્ટરનેટ, રેલ્વે બુકીંગ** વગેરે માટે અમારો સંપર્ક કરશો.

### કલરકામ માટે મળો

સૂરત, ભરૂચ, અંકલે□ર વગેરે ઠેકાણે મકાન, દુકાન, ઓફીસ, એપાર્ટમેન્ટ વગેરેનું સુંદર કલર કામ ખાત્રીપૂર્વક કરી આપવામાં આવશે. તેમજ બરકાતે ખ્વાજા (માસિક)નું લવાજમ પણ અહીં નોંધાવી શકશો.
મળો : પેન્ટર રઝવી, ઠે. ૩૧૨–સોનીયા નગર, સહારા દરવાજા બહાર, ઉમરવાડા–**સૂરત**
(મો.) ૯૮૨૪૧ ૮૨૨૬૩ (ભટ્ટી મુહમ્મદ અકબર રઝવી)

## ★ ભાવનગરના સુન્નીઓને સદ્‌મો ! ★

**ભાવનગર**ના સક્રિય સુન્ની અગ્રગણ્ય કાર્યકર્તા સુન્ની દા'વતે ઈસ્લામીના ખાસ મુઆવિન, દીનો સુન્નિયતના ચાહક હમદર્દ, નેક સીરત, નેક સૂરત જનાબ ઉષ્માનભાઈ ભાડુલાને તા. ૧૩–૪–૨૦૦૯ના રોજ રાત્રે ૨૨.૩૦થી ૨૩.૦૦ કલાક દરમ્યાન દેવબંદીઓના મર્કઝ પાસે દેવબંદી જમાતના માણસોએ પ્રિપ્લાનથી પેટમાં છૂરાના ઘા કરી શહીદ કરી દઈને પોતે ત્રાસવાદી જમાત હોવાનું એક ઓર ઉદાહરણ પૂરું પાડયું છે. મર્હૂમની દફનવિધિ બીજા દિવસે સવારે રાખવામાં આવી જેમાં હજારોની સંખ્યામાં સુન્નીઓ જોડાયા હતા. તા. ૧૪–૪–૨૦૦૯ના રોજ મસ્જિદે ગરીબ નવાઝમાં ઝિયારતનો પ્રોગ્રામ થયો જેમાં સ્થાનિક ઉલમા મુબલ્લિગો, ઈમામો, હુફ્ફાઝ તથા ભરૂચ–દયાદરાથી નિગરાં સુન્ની દા'વતે ઈસ્લામી (ગુજરાત) પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક) જનાબ હાફેઝ અબ્દુર્રહીમ (મુબલ્લિગ સુન્ની દા'વતે ઈસ્લામી), હાફેઝ મુહમ્મદ હનીફ ઓમીન રિફાકતી (નાઝિમે આ'લા દારુલ ઉલૂમ ગુલશને અજમેર), ઝહીરભાઈ ઓમીન, ઈબ્રાહીમ ખત્રી.... વગેરેએ હાજરી આપી મર્હૂમના ભાઈઓ તથા પુત્રને આશ્વાસન આપ્યું હતું. કબ્રસ્તાનમાં સૌએ હાજરી આપી ફાતેહા ખ્વાની કરી હતી. મર્હૂમની જ કોશિશોથી શહાદત થઈ એ એરિયામાં ''મસ્જિદે ઈમામ અહમદ રઝા'' તૈયાર થઈ ગઈ હતી તેની ઈફતેતાહની જ તૈયારીમાં મર્હૂમ સક્રિય હતા, જેની ઈફતેતાહ પણ ૧૪–૪–૨૦૦૯ જુમેરાતે મગરિબથી થઈ. મૌલા કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમની શહાદતને કબૂલ ફર્માવે, મર્હૂમની મગફેરત ફર્માવી દરજાતની સતત બુલંદી ફર્માવે અને તેમની શહાદતના સદકામાં આપણા સૌની મગફેરત ફર્માવે, કુટુંબીજનોને સબ્રે જમીલ આપે અને ભાવનગરવાસીઓ ખાસ કરી ''સુન્ની દા'વતે ઈસ્લામી''ના મુબલ્લિગો, ચાહકોને નેઅમલ બદલ અતા કરે. (આમીન) –*તંત્રી*

## ★ જશ્ને સંગે બુનિયાદ ★

**શેરપુરા** : (તા. જિ. ભરૂચ) બાયપાસ રોડ–વસીમ વીલા ખાતે તા. ૧૪–૫–૨૦૦૯ના રોજ પીરે તરીકત શેરે સૌરાષ્ટ્ર હઝરત અલ્લામા મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા (જામનગર) ખલીફા તાજુશ્શરીઅહના મુબારક હસ્તે આસપાસની સોસાયટીઓના સુન્ની ભાઈઓના સહકારથી **''ઈમામ અહમદ રઝા મસ્જિદ''**નો સંગે બુનિયાદ રાખવામાં આવ્યો જેમાં હઝરત મૌલાના સૈયદ અશરફીબાવા, હઝરત મૌલાના સૈયદ શબ્બીરબાપુ આંતીવાળા, હઝરત સૈયદબાવા આમોદ, જનાબ હાફેઝ આદમ સાહબ કંબોલ્વી, હાફેઝ મૂસા વેમી ઝંઘારવી, હાફેઝ હનીફ ઓમીન રિફાકતી, પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક), હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાળા (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી), ઉષ્માનભાઈ હાજી વોરાસમનીવાળા, ઉપરાંત ઘણી મોટી સંખ્યામાં સ્થાનિક મસ્જિદોના ઈમામો સુન્ની ભાઈઓ હાજર રહ્યા હતા. અસરની નમાઝ રોડ પર પઢાઈ ત્યારબાદ કિર્અત, નઅત પછી હઝરત સલીમબાવાએ પોતાની આગવી અદામાં નૂરાની બયાન કર્યું પછી સલાતો સલામ, દુઆ બાદ મસ્લકે આ'લા હઝરત ઝિંદાબાદ ! ના નારાઓની ગુંજ સાથે સંગે બુનિયાદનો પ્રોગ્રામ થયો. પછી મગરિબની નમાઝ સલીમબાવાએ પઢાવી અને નમાઝ બાદ ન્યાઝ જમાડવામાં આવી. બહોળી સંખ્યામાં સુન્ની અવામ હાજર રહી હતી. રફીકભાઈ દયાદરાવાળા, હાફેઝ સીરાજ સાંપાવાળા, કિરણભાઈ, ભટ્ટી ઐયૂબભાઈ વગેરે સર્વ સ્થાનિક યુવાનોએ સારી મહેનત કરી પ્રોગ્રામને કામયાબ બનાવ્યો હતો. સખીદાતાઓ આ મસ્જિદ માટે ખાસ સહાય મોકલે એવી અપીલ છે. સંપર્ક કરો : રફીકભાઈ દયાદરાવાળા, મો. ૯૪૨૬૮ ૯૪૬૪૭ અથવા બરકાતે ખ્વાજા (માસિક) કાર્યાલય, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## ★ નિકાહ રજીસ્ટર મંગાવો ★

સુંદર મલ્ટિકલર આકર્ષક પ્રિન્ટિંગવાળુ **૩** કોપી ધરાવતું, ૫૦ નિકાહમાં કામ આપે તેવું ગુજરાતી–અંગ્રેજી ભાષામાં છપાયેલું નિકાહ રજીસ્ટર મેળવવા ફક્ત રૂા. ૨૦૦/– મનીઓર્ડર કરો : રઝવી કિતાબ ઘર, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## દર્દે દિલ કર મુઝે અતા યા રબ

દર્દે દિલ કર મુઝે અતા યા રબ
દે મેરે દર્દ કી દવા યા રબ

લાજ રખ લે ગુનાહગારોં કી
નામ રહમાન હૈ તેરા યા રબ !

તૂને મેરે ઝલીલ હાથોં મેં
દામને મુસ્તફા દિયા યા રબ

દે કે લેતે નહીં કરીમ કભી
જો દિયા જિસકો દે દિયા યા રબ !

ઈસ નિકમ્મે સે કામ લે ઐસે
યે નિકમ્મા હો કામ કા યા રબ

બે સબબ બખ્શ દે ન પૂછ અમલ
નામ ગફફાર હૈ તેરા યા રબ !

તેરી જાનિબ સે મુશ્ત ખાક ઉળે
ભેજ ઐસી કોઈ હવા યા રબ !

દૌલતેં ઐસી નેઅમતેં ઈતની
બે ગરઝ તૂ ને કી અતા યા રબ !

ન ભરેં ઝખ્મે દિલ હરે હોકર
રહે ગુલશન હરા ભરા યા રબ !

ટેસ કમ ન હો દર્દે ઉલ્ફત કી
દિલ તળપતા રહે મેરા યા રબ !

એહલે સુન્નત કી હર જમાઅત પર
હર જગહ હો તેરી અતા યા રબ !

દુશ્મનોં કે લિયે હિદાયત કી
તુઝ સે કરતા હૂં ઈલ્તેજા યા રબ !

તું **'હસન'** કો ઉઠા હસન કર કે
હો મઅલ ખૈર ખાતેમા યા રબ !

## દો જહાં મેં કોઈ તુમસા દૂસરા મિલતા નહીં

દો જહાં મેં કોઈ તુમસા દૂસરા મિલતા નહીં
ઢુંઢતે ફિરતે હૈં મેહરો માહ પતા મિલતા નહીં

જો ખુદા દેતા હૈ મિલતા હૈ ઈસી સરકાર સે
કુછ કિસી કો હક્ક સે ઈસ દરકે સિવા મિલતા નહીં

ક્યા ઈલાકા દુશ્મને મહબૂબ કો અલ્લાહ સે
બે રઝાએ મુસ્તફા હરગિઝ ખુદા મિલતા નહીં

કોઈ માંગે યા ન માંગે મિલને કા દર હૈ યહી
બે અતાએ મુસ્તફાઈ મુદઆ મિલતા નહીં

દૂર સાહિલ મૌજ હાઈલ પાર બેળા કીજીએ
નાવ હૈ મઝધાર મૈં ઔર નાખુદા મિલતા નહીં

વસ્લે મૌલા ચાહતે હો તો વસીલા ઢુંઢ લો
બે વસીલા નજદીયો હરગિઝ ખુદા મિલતા નહીં

કિસ તરહ હો હાઝિરે દર 'નૂરી'યે બે પર શહા
નાકે રોકે દુશ્મનોં ને રાસ્તા મિલતા નહીં

હૈ સફાએ ઝાહિરી કો સાઝો સામાં ખૂબ ખૂબ
જિસકા બાતિન સાફ હો તો બાસફા મિલતા નહીં

### ★ મન્કબત દર શાને ઈમામે આ'ઝમ અબૂ હનીફા ★

હમારે આકા હમારે મૌલા ઈમામે આ'ઝમ અબૂ હનીફા
હમારે મલઝા હમારે માવા ઈમામે આ'ઝમ અબૂ હનીફા
શહરે ઈલ્મ વ અમલ કે સૂરજ તુમ હી હો સબ હૈ તુમ્હારે તારે
તુમ્હી સે ચમકા હૈ જો ભી ચમકા ઈમામે આ'ઝમ અબૂ હનીફા
હુઆ ઉલિલ અમર સે યહ ષાબિત કે તેરી ઈતાઅત ઝરૂરી વાજિબ
ખુદાને તુમ કો કિયા હમારા ઈમામે આ'ઝમ અબૂ હનીફા
કિસી કી આંખો કા તૂ હૈ તારા કિસી કે દિલ કા બના સહારા
મગર કિસી કે જિગર મેં આરા ઈમામે આ'ઝમ અબૂ હનીફા
સિરાજ તૂ હૈ બગૈર તેરે જો કોઈ સમઝે હદીષ વ કુર્આન
ફિરે ભટકતા ન પાયે રસ્તા ઈમામે આ'ઝમ અબૂ હનીફા
ખબર લે અય દસ્તગીરે ઉમ્મત હૈ 'સાલિક' બે ખબર યહ શિદ્દત
વહ તેરા હો કર ફિરે ભટકતા ઈમામે આ'ઝમ અબૂ હનીફા

### ★ વાંચકોને નમ્ર વિનંતિ ★

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! **બરકાતે ખ્વાજા (માસિક)**નો તમે અભ્યાસ કર્યો. જો તમને આ માસિક ખાલિસ દીન તથા સુન્નિયતની ખિદમત માટે ઝઝુમતુ જણાતુ હોય તો દીન તથા સુન્નિયતની લાગણી સાથે શક્ય તેટલાં ગ્રાહકો નવાં નોંધીને તેનાં લવાજમો અમને મોકલાવી આપશો. અગર આપ સાહિબે માલ છો તો તમારા તરફથી લવાજમ ભરી મિત્રો સગાં મસ્જિદો, લાયબ્રેરીઓ... વગેરેમાં પહોંચાડશો. (જઝાકલ્લાહ !) –*તંત્રી*